

# આત્મધર્મ

૧૦૮મી જન્મજયંતી
૬૫મી સમ્યક્ત્વજયંતી

કહાન સં. ૧૭ સં. ૨૦૫૩ (૬૪૨–૬૪૩) ✻ (અંક ૧૦-૧૧ વર્ષ–૫૩) વીર સં. ૨૫૨૩ એપ્રિલ-મે, ૧૯૯૭

નાઈરોબીનિવાસી શ્રીમતિ રળિયાતબેન રાયચંદભાઈ દેવનભાઈ શાહ દ્વારા આયોજિત

# પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામીનો ૧૦૮મો

# જન્મજયન્તી–મહોત્સવ

[તા. ૧-૫-૯૭ થી તા. ૮-૫-૯૭]

અતિ હર્ષોલ્લાસ સહ જણાવવાનું કે આપણા પરમ તારણહાર પરમોપકારી પૂજ્ય સદ્‌ગુરુદેવ શ્રી કાનજીસ્વામીનો આગામી ૧૦૮મો મંગલ 'જન્મજયંતી મહોત્સવ' સોનગઢમાં ઉજવવાનું અષ્ટાહ્નિક વિશાળ આયોજન નાઈરોબીનિવાસી શ્રીમતી રળિયાતબેન રાયચંદભાઈ શાહ તેમ જ શ્રીમાન રાયચંદભાઈ દેવનભાઈ શાહ (નાઈરોબી મુમુક્ષુમંડળના ટ્રસ્ટી) તરફથી નિશ્ચિત થયું છે.

તદનુસાર પૂજ્ય સદ્‌ગુરુદેવશ્રીની આગામી ૧૦૮મી જન્મજયંતી (વૈશાખ સુદ બીજ) નો મંગલ મહોત્સવ સુવર્ણપુરીમાં તા. ૧-૫-૯૭, ગુરુવારથી તા. ૮-૫-૯૭, ગુરુવાર આઠ દિવસ સુધી 'શ્રી સોલહકારણ–ભાવના–મંડલવિધાનપૂજા', પૂજ્ય ગુરુદેવશ્રીના વિડિયો–ઓડિયો ટેપપ્રવચન, દેવગુરુભક્તિ, પૂજ્ય બહેનશ્રી ચમ્પાબેનની વિડિયો–ધર્મચર્ચા, તા. ૧-૫-૯૭ થી તા. ૨૫-૫-૯૭—૨૫ દિવસ ચાલનારો ધાર્મિક શિક્ષણવર્ગ, સમાગત વિદ્વાનો દ્વારા શાસ્ત્રપ્રવચન આદિ અનેકવિધ રોચક કાર્યક્રમ સહ ઉજવવામાં આવશે.

ગુરુભક્તિનો આ મહત્વપૂર્ણ લાભ લેવા માટે બધા મુમુક્ષુઓને સોનગઢ પધારવાનું તેઓ તરફથી હાર્દિક નિમંત્રણ છે. આવાસ–ભોજનવ્યવસ્થા નિઃશુલ્ક રાખવામાં આવી છે.

*

કહાન
સંવત-૧૭
વર્ષ-૫૩
અંક-૧૦-૧૧
(૬૪૨-૬૪૩)

# આત્મધર્મ

વીર
સંવત
૨૫૨૩
સં. ૨૦૫૩
APR.-MAY
A.D. 1997

શાશ્વત સુખનો માર્ગ દર્શાવતું માસિક-પત્ર

## ગુરુદેવનો અસીમ ઉપકાર

આ વિશ્વમાં ઉત્તમમાં ઉત્તમ પદાર્થ આત્મા છે, અને એવો ઉત્તમ આત્મા જેણે આપ્યો તેના ઉપકારનું કથન જ જ્યાં બની શકતું નથી ત્યાં તેમના અસીમ ઉપકારનો પ્રત્યુકાર વાળવાનું કાર્ય તો અસંભવિત જ હોય તેમાં કાંઈ આશ્ચર્ય નથી. આશ્ચર્યની વાત તો એ છે કે જેમ જેમ પાત્ર જીવને કૃતજ્ઞતાની ઉગ્ર ભાવનાથી વધુ ને વધુ શ્રીગુરુ પ્રત્યે અર્પણતા આવે છે તેમ તેમ તે જીવ ઉપર શ્રીગુરુનો ઉપકાર વધતો જ જાય છે.

આત્માનુશાસનમાં કહ્યું છે કે જગતમાં જે ખાડા હોય છે તેમાં પથ્થર વગેરે દ્રવ્યો નાખવાથી તે પુરાય જાય છે, પણ તૃષ્ણારૂપી ખાડો એથી વિચિત્ર સ્વભાવવાળો છે. જેમ જેમ તેમાં દ્રવ્યો નાખવામાં આવે છે તેમ તેમ તૃષ્ણારૂપી ખાડો વધુને વધુ ઊંડો થતો જાય છે.

શ્રીગુરુનો ઉપકાર પણ એક અદ્‌ભુત આશ્ચર્ય છે. જેમ જેમ તેમના પ્રત્યે વધુ અર્પણતા કરવામાં આવે છે તેમ તેમ તે પાત્ર જીવની પરિણતિ વધુ ને વધુ વિશુદ્ધતાને પામતી જાય છે, અને સાથે સાથે તે જીવ આશ્ચર્યકારી સાતિશય પુણ્યબંધને પ્રાપ્ત થાય છે. તે વિશુદ્ધિ તથા પુણ્યમાં સત્‌ પુરુષ જ નિમિત્ત છે. તેથી તેમના પ્રત્યે કૃતજ્ઞતાની ભાવનાથી જેટલી વધુ ને વધુ અર્પણતા કરવામાં આવે છે તેમ તેમ તે સત્‌ પુરુષ તેના આત્મહિતમાં વિશેષ વિશેષ નિમિત્તભૂત બનતા જાય છે. તે કારણથી

તેઓશ્રીનો ઉપકાર તો વધતો જ રહે છે. તેથી તે વાત સિદ્ધ થાય છે કે આત્મદાતા શ્રીગુરુનો પ્રત્યુપકાર કેવળ અસંભવિત જ છે. એવા અસીમ અને નિષ્કારણ ઉપકારી પ્રત્યે સર્વસ્વાર્પણતા કરવી તે શિષ્યના હિતનું કારણ છે.

સત્પુરુષને શિષ્યની ભક્તિની કંઇ જરૂર નથી. પરંતુ શિષ્યને જ્યાંસુધી અમાપ ઉપકારનું ભાન થઇને, તેઓ પ્રત્યે ભક્તિ—અર્પણતા આવે નહિ ત્યાંસુધી તેઓશ્રીએ આપેલું જ્ઞાન પરિણમતું નથી. તેથી પોતાના સ્વહિતના અર્થે શ્રીગુરુ પ્રત્યે ભક્તિ-અર્પણતા આવે તો જ પોતાનું કલ્યાણ થાય છે—એવી વસ્તુસ્થિતિ છે.

*

## ભરતક્ષેત્રનાં ભાગ્ય કે ગુરુદેવ અહીં જનમ્યા.

અહીં (સુવર્ણપુરીમાં) ગુરુદેવ બિરાજતા હતા અને નિરંતર તેમની ચૈતન્યરસઝરતી અમૃતવાણી વરસતી હતી. ધન્ય એવી આ નગરી ! ધન્ય તે કાળ ! ગુરુદેવ પરમપુરુષ હતા, મહા શક્તિશાળી હતા. ભરતક્ષેત્રમાં આ કાળે ગુરુદેવની વાણી સર્વોત્કૃષ્ટ અતિશયતાવાળી હતી. પંચમકાળમાં ભરતના જીવોનાં ચૈતન્યને જગાડનારી હતી. ગુરુદેવ જગતથી જુદા જ પડે—એમની મુદ્રા ય જુદી પડે અને વાણી ય જુદી પડે. એમની મુદ્રા જોતાં માણસો 'આ તો ધર્મપુરુષ છે' એમ છક થઈ જતા; અહો ! આ તો ચૈતન્યની અતિશયતા બતાવનારી મુદ્રા ! તેઓ તો ચૈતન્યરત્નને ઓળખાવનાર પરમ પુરુષ હતા. વ્યાખ્યાન વાંચતા હોય ત્યારે જુદા જ લાગે. તેમનાં ચરણોથી ભરતક્ષેત્ર શોભતું હતું. તેઓ ચૈતન્યદેવનો માર્ગ બતાવતા હતા. 'ચૈતન્યને ઓળખો.... ઓળખો !' એવી ગર્જના કરતા; 'જ્ઞાયકદેવ, ભગવાન આત્મા....ભગવાન આત્મા'નો પોકાર કરતા; બધાને 'ભગવાન' કહીને બોલાવતા. પોતે તો ભગવાનસ્વરૂપે હતા. અલ્પકાળમાં ભગવાન થઈ જવાના. ગુરુદેવના ચૈતન્યની શોભાની તો શી વાત ! એમનાં પુણ્યની પણ શોભા કોઈ જુદી ! એવા, બાહ્ય—અંતર પુણ્ય ને પવિત્રતાની મૂર્તિ હતાં. ભરતક્ષેત્રનાં ભાગ્ય કે ગુરુદેવ અહીં જનમ્યા.

*—ભક્તશિરોમણિ પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી*

# જ્યારે આ જીવ રાગાદિકને પોતાના નહીં માને ત્યારે ભવબંધપદ્ધતિ મટશે.

૧. કોઈ પ્રશ્ન કરે કે–રાગાદિ જીવના ભાવ છે અને પરભાવ સ્પર્શાદિક છે (તો) રાગાદિને પરભાવ કેમ કહ્યાં ? તેનું સમાધાન–શુદ્ધ નિશ્ચયનયથી રાગાદિ જીવના નથી. એ પણ પર છે. શાથી ?–કે એ ભાવકર્મ છે, તેના નાશથી મોક્ષ છે. પર છે તો છૂટે છે. માટે તેને પર જ કહીએ છીએ. જ્યારે આ જીવ રાગાદિકને પોતાના નહિ માને (ત્યારે) ભવબંધપદ્ધતિ મટશે. તેથી પર રાગાદિ છોડી, શુદ્ધ દર્શનજ્ઞાનચારિત્ર છે તેને સ્વ જાણી, ગ્રહણ કરે એ જ મોક્ષનું મૂળ છે. પરિણામ જેવા કરીએ તેવા હોય છે માટે પર તરફથી છોડી સ્વરૂપમાં લગાવતાં નિજપરિણામ છે. *(શ્રી દીપચંદજી)*

૨. નિશ્ચયથી, વિદ્યમાન ગુણસ્થાન, માર્ગણાસ્થાન, દ્રવ્યકર્મ, ભાવકર્મ, નોકર્મ ઈત્યાદિ જેટલા અશુદ્ધ પર્યાયો છે તે બધાય એકલા પુદ્‌ગલદ્રવ્યનું કાર્ય છે અર્થાત્ પુદ્‌ગલદ્રવ્યના ચિતરામણ જેવા છે એમ હે જીવો ! નિઃસંદેહપણે જાણો. *(શ્રી રાજમલ્લજી)*

૩. આ વર્ણથી માંડીને ગુણસ્થાન પર્યંત ભાવો કહેવામાં આવ્યા તે વ્યવહારનયથી તો જીવના છે (માટે સૂત્રમાં કહ્યાં છે) પરંતુ નિશ્ચયનયના મતમાં તેમનામાંના કોઈપણ જીવના નથી. *(શ્રી કુંદકુંદાચાર્ય)*

૪. શરીર અને આત્મા બંનેને એક માનનાર મોહી જીવો દ્વારા આ ગુણસ્થાનોને જીવ કહેવામાં આવે છે. પરંતુ ભેદવિજ્ઞાનમાં નિપુણ વિવેકીજનો દ્વારા નહિ–વિવેકી જીવ તેમને પુદ્‌ગલરૂપ અજીવ બતાવે છે. *(શ્રી અમિતગતિ આચાર્ય)*

૫. જે ગુણ કર્મોના ઉદયથી ઉત્પન્ન થયેલાં ઔદયિક છે, કર્મોના ઉપશમજન્ય ઔપશમિક છે તથા કર્મોના ક્ષયોપશમથી ઉત્પન્ન થયેલાં ક્ષાયોપશમિક છે અને જે વિવિધ શાસ્ત્રસમૂહ દ્વારા વર્ણીત થયેલાં છે – અનેક શાસ્ત્રોમાં જેમનું વર્ણન છે – તે બધાં ચેતના રહિત અચેતન છે. *(શ્રી અમિતગતિ આચાર્ય)*

૬. જીવના કષાયાદિક જેટલા પરિણામ છે તે બધાં ચેતનાને નિમિત્તભૂત કરીને કર્મ દ્વારા ઉપજાવવામાં આવે છે, જેમ કુંભારનું નિમિત્ત પામીને માટીના પિંડ દ્વારા ઘટાદિક ઉપજાવવામાં આવે છે. *(શ્રી અમિતગતિ આચાર્ય)*

૭. જેવી રીતે સહકારિતા સાથે ઘડો કરતો હોવા છતાં પણ કુંભાર કદિ

ઘડારૂપ થતો નથી, તેવી જ રીતે સહકારિતા સાથે કષાયાદિ કરવા છતાં પણ આ જીવ કદિ કષાયાદિરૂપ થતો નથી. *(શ્રી અમિતગતિ આચાર્ય)*

૮. અહો જ્ઞાનીજનો ! આ વર્ણાદિક ગુણસ્થાન પર્યંત ભાવો છે તે બધાય એક પુદ્ગલની જ રચના જાણો; માટે આ ભાવો પુદ્ગલ જ હો, આત્મા ન હો; કારણ કે આત્મા તો વિજ્ઞાનઘન છે, જ્ઞાનનો પુંજ છે, તેથી આ વર્ણાદિકભાવોથી અન્ય જ છે. *(શ્રી અમૃતચંદ્રાચાર્ય)*

૯. આ આત્મા કર્મકૃત રાગાદિ અથવા શરીરાદિકથી સંયુક્ત ન હોવા છતાં પણ અજ્ઞાની જીવોને સંયુક્ત જેવો પ્રતિભાસે છે અને તે પ્રતિભાસ જ નિશ્ચયથી સંસારના બીજરૂપ છે. *(શ્રી અમૃતચંદ્રાચાર્ય)*

૧૦. 'શુદ્ધ જીવાસ્તિકાયથી અન્ય એવા જે બધા પુદ્ગલદ્રવ્યના ભાવો તે ખરેખર અમારા નથી'–આમ જે તત્ત્વવેદી સ્પષ્ટપણે કહે છે તે અતિ અપૂર્વ સિદ્ધને પામે છે. *(શ્રી પદ્મપ્રભમલધારીદેવ)*

૧૧. અહીં કોઈ પ્રશ્ન કરે છે કે વિભાવ પરિણામોને જીવસ્વરૂપથી 'ભિન્ન' કહ્યાં, ત્યાં 'ભિન્ન'નો ભાવાર્થ તો હું સમજ્યો નહિ. 'ભિન્ન' કહેતાં, 'ભિન્ન' છે તે વસ્તુરૂપ છે કે 'ભિન્ન' છે તે અવસ્તુરૂપ છે ? ઉત્તર આમ છે કે અવસ્તુરૂપ છે. તે કારણે જ શુદ્ધસ્વરૂપનો અનુભવશીલ છે જે જીવ તેને વિભાવ પરિણામો દૃષ્ટિગોચર નથી થતાં, ઉત્કૃષ્ટ છે એવું શુદ્ધ ચૈતન્યદ્રવ્ય દૃષ્ટિગોચર થાય છે.

*(શ્રી રાજમલ્લજી)*

૧૨. આ ચૈતન્ય–આત્માનું સ્વરૂપ ખરેખર જ્ઞાનાવરણાદિ દ્રવ્યકર્મથી ભિન્ન, રાગાદિ ભાવકર્મોથી રહિત અને શરીરાદિ નોકર્મથી રહિત છે, તેને યથાર્થપણે જાણવું જોઈએ. *(શ્રી પરમાનંદસ્તોત્ર)*

૧૩. અજ્ઞાનીજીવ કર્મકૃત બાહ્ય વિકારમાં પણ નિરંતર 'હું છું' એમ માને છે. બરાબર છે–જેણે ધતૂરાનું ફળ ખાધું હોય તે શું પથ્થરને પણ સુવર્ણ નથી માનતો ? માને જ છે. *(શ્રી પદ્મનંદિ આચાર્ય)*

૧૪. આત્માસે ભિન્ન જો અજીવ પદાર્થ હૈ, ઉસકે લક્ષણ દો તરહસે હૈ; એક જીવસંબંધી, દૂસરા અજીવ સંબંધી. જો દ્રવ્યકર્મ, ભાવકર્મ. નોકર્મરૂપ હૈ વહ તો જીવસંબંધી હૈ ઔર પુદ્ગલાદિ પાંચ દ્રવ્યરૂપ અજીવ જીવસંબંધી નહીં હૈ, અજીવસંબંધી હી હૈ ઈસલિયે અજીવ હૈ, જીવસે ભિન્ન હૈ. ઈસ કારણ જીવસે ભિન્ન અજીવરૂપ જો પદાર્થ હૈં ઉનકો અપને મત સમજો. યદ્યપિ રાગાદિક

વિભાવપરિણામ જીવમેં હી ઉપજતે હૈં, ઇસસે જીવકે કહે જાતે હૈં, પરંતુ વે કર્મજનિત હૈં, પરપદાર્થ (કર્મ) કે સંબંધસે હૈ, ઇસલિયે પર હી સમજો.

(શ્રી યોગીન્દ્રદેવ)

૧૫. જોકે 'શરીર–સુખ–દુઃખ–રાગ–દ્વેષસંયુક્ત જીવ' એમ કહેવાય છે તોપણ ચેતનદ્રવ્ય એવો જીવ તો શરીર નથી, જીવ તો મનુષ્ય નથી, જીવ ચેતનસ્વરૂપ ભિન્ન છે. ભાવાર્થ આમ છે કે આગમમાં ગુણસ્થાનોનું સ્વરૂપ કહ્યું છે ત્યાં 'દેવ જીવ, મનુષ્ય જીવ, રાગી જીવ, દ્વેષી જીવ' ઇત્યાદિ ઘણાં પ્રકારે કહ્યું છે, પણ તે સઘળુંય કહેવું વ્યવહારમાત્રથી છે; દ્રવ્યસ્વરૂપ જોતાં એવું કહેવું જૂઠું છે.

(શ્રી રાજમલ્લજી)

૧૬. નિશ્ચયનયકા સ્વરૂપ ઐસા હૈ કિ–એક દ્રવ્યકી અવસ્થા જૈસી હો ઉસીકો કહે. આત્માકી દો અવસ્થાયેં હૈ – એક તો અજ્ઞાન અવસ્થા ઔર એક જ્ઞાન અવસ્થા. જબતક અજ્ઞાન અવસ્થા રહતી હૈ, તબતક મૈં ક્રોધી હૂં, મૈં માની હૂં, મૈં માયાવી હૂં, મૈં પુણ્યવાન–ધનવાન હૂં, મૈં નિર્ધન–દરિદ્રી હૂં, મૈં રાજા હૂં મૈં રંક હૂં, મૈં મુનિ હૂં, મૈં શ્રાવક હૂં, ઇત્યાદિ પર્યાયોમેં આપ માનતા હૈં. ઇન પર્યાયોમેં લીન હોતા હૈ તબ મિથ્યાદૃષ્ટિ હૈ, અજ્ઞાની હૈ, ઇસકા ફલ સંસાર હૈ ઉસકો ભોગતા હૈ.

(શ્રી કુંદકુંદાચાર્ય)

૧૭. આ જે વિવિક્ત – કર્મકલંક રહિત, નિર્ભય અને નિરામય (નિર્વિકાર) અંતરંગ (અધ્યાત્મ) જ્યોતિ છે તે પરમ તત્ત્વ છે, તેનાથી ભિન્ન બીજું બધું ઉપદ્રવ છે.

(શ્રી અમિતગતિ આચાર્ય)

૧૮. જે વર્ણાદિક અથવા રાગમોહાદિક ભાવો કહ્યાં તે બધાંય આ પુરુષથી (આત્માથી) ભિન્ન છે તેથી અંતદૃષ્ટિ વડે જોનારને એ બધાં દેખાતા નથી. માત્ર એક સર્વોપરી તત્ત્વ જ દેખાય છે – કેવળ એક ચૈતન્યભાવસ્વરૂપ અભેદરૂપ આત્મા જ દેખાય છે.

(શ્રી અમૃતચંદ્રાચાર્ય)

૧૯. ચૈતન્યશક્તિથી વ્યાપ્ત જેનો સર્વસ્વ–સાર છે એવો આ જીવ એટલો જ માત્ર છે; આ ચિત્શક્તિથી શૂન્ય જે આ ભાવો (–ગુણસ્થાનાદિ) છે તે બધાય પુદ્ગલજન્ય છે–પુદ્ગલના જ છે.

(શ્રી અમૃતચંદ્ર આચાર્ય)

૨૦. જેમના ચિત્તનું ચરિત્ર ઉદાત્ત (–ઉદાર, ઉચ્ચ, ઉજ્જવળ) છે એવા મોક્ષાર્થીઓ આ સિદ્ધાંતનું સેવન કરો – 'હું તો શુદ્ધ ચૈતન્યમય એક પરમ જ્યોતિ



૨.

જ સદાય છું: અને આ જે ભિન્ન લક્ષણવાળા વિવિધ પ્રકારના ભાવો પ્રગટ થાય છે તે હું નથી, કારણ કે તે બધાંય મને પરદ્રવ્ય છે. *(શ્રી અમૃતચંદ્ર આચાર્ય)*

૨૧. હે જીવ ! શુદ્ધનયથી બધા જીવો શુદ્ધ જ છે - એમ જાણીને તું કયારેય પણ શુદ્ધ આત્મતત્ત્વની ભાવનાને ન છોડ; ખરેખર શુદ્ધનયનું સેવન કરનાર જીવ સદાય શુદ્ધ જ રહ્યા કરે છે. *(શ્રી નેમીશ્વર-વચનામૃત-શતક)*

૨૨. વસ્તુને ભેદરૂપ તો સર્વલોક જાણે છે-અને જે જાણે છે તે જ પ્રસિદ્ધ છે, તેનાથી તો લોક પર્યાયબુદ્ધિ છે. અર્થાત્ જીવને નર-નારકાદિ પર્યાય છે, રાગ-દ્વેષ-ક્રોધ-માન-માયા-લોભાદિ પર્યાય છે તથા જ્ઞાનના ભેદરૂપ મતિજ્ઞાનાદિ પણ પર્યાય છે, એ સર્વ પર્યાયોને જ લોક જીવ માને છે. તેથી એ પર્યાયોમાં અભેદરૂપ અનાદિ અનંત એકભાવરૂપ ચેતના-ધર્મને ગ્રહણ કરી તેને નિશ્ચયનયનો વિષય કહી જીવદ્રવ્યનું જ્ઞાન કરાવ્યું અને પર્યાયાશ્રિત ભેદનયને ગૌણ કર્યો, અભેદદૃષ્ટિમાં તે (ભેદ-નય) દેખાતો નથી તેથી અભેદનયનું દૃઢ શ્રદ્ધાન કરાવવા માટે કહ્યું કે-પર્યાયનય છે તે વ્યવહાર છે-અભૂતાર્થ છે- અસત્યાર્થ છે.

*(શ્રી સ્વામિકાર્તિકેય)*

૨૩. શિષ્ય પૂછે છે :- રાગ, દ્વેષ આદિ કર્મજનિત છે કે જીવજનિત છે ? તેનો ઉત્તર :- સ્ત્રી અને પુરુષ એ બન્નેના સંયોગથી ઉત્પન્ન થતાં પુત્રની જેમ, ચુનો અને હળદરના મિશ્રણથી ઉત્પન્ન થતાં વર્ણ-વિશેષની જેમ, રાગ-દ્વેષ આદિ જીવ અને કર્મ એ બન્નેના સંયોગજનિત છે. નયની વિવક્ષા પ્રમાણે, વિવક્ષિત એકદેશશુદ્ધ-નિશ્ચયનયથી રાગ-દ્વેષ કર્મજનિત કહેવાય છે અને અશુદ્ધ નિશ્ચયનયથી જીવજનિત કહેવાય છે. આ અશુદ્ધ-નિશ્ચયનય શુદ્ધ-નિશ્ચયનયની અપેક્ષાએ વ્યવહાર જ છે.

પ્રશ્ન :- સાક્ષાત્ શુદ્ધ-નિશ્ચયનયથી આ રાગ-દ્વેષ કોના છે એમ અમે પૂછીએ છીએ ? ઉત્તર :- સાક્ષાત્ શુદ્ધ-નિશ્ચયથી, સ્ત્રી અને પુરુષના સંયોગ રહિત પુત્રની જેમ, ચુના અને હળદરના સંયોગ રહિત રંગ-વિશેષની જેમ, તેમની (રાગ-દ્વેષાદિની) ઉત્પત્તિ જ નથી, તો કઇ રીતે ઉત્તર આપીએ ?

*(શ્રી નેમિચંદ્ર સિદ્ધાંતદેવ)*

૨૪. કર્મના ઉદયનો વિપાક (ફળ) જિનવરોએ અનેક પ્રકારનો વર્ણવ્યો છે તે મારા સ્વભાવો નથી; હું તો એક જ્ઞાયકભાવ છું. *(શ્રી કુંદકુંદાચાર્ય)*

*

ભગવાન કહે છે કે :

# હે જીવ ! તું પરમાત્મસ્વરૂપ જ છો

[શ્રી પરમાત્મપ્રકાશ દ્વિ. અધિકાર, ગાથા-૧૯૭, તા. ૧૨-૫-૭૭; પૂજ્ય ગુરુદેવના પ્રવચનમાંથી]

પ્રત્યેક આત્મા પરમાત્મસ્વરૂપ જ છે એમ અહીં દ્રવ્યબુદ્ધિ કરાવીને પર્યાયબુદ્ધિ છોડાવે છે. દરેક આત્મા એટલે કે અનંત કાળે પણ સિદ્ધ નહીં થનાર અભવ્ય અને ભવ્ય બધા આત્મા પરમાત્મસ્વરૂપ જ છે. વસ્તુભાવ જ એવો છે, કેવળજ્ઞાન જ નિજ સ્વભાવ છે એમ કહીને કહે છે કે આખી દુનિયાને એક બાજુ રાખીને, રાગને પણ એક બાજુ રાખીને તથા જેની અસ્તિ છે એવી એક સમયની પ્રગટ અવસ્થાની પણ રુચિ છોડી દે, એ બધું છે પણ એને ઓળંગી જઈને ત્રિકાળી જ્ઞાનસ્વભાવની રુચિ કર.

ભગવાન ! તું પરમાત્મસ્વરૂપ જ છે એમ કેવળી કહે છે. એ કેવળી પ્રગટરૂપે પરમાત્મા કેમ થયા ?—કે પરમાત્મસ્વરૂપ પોતે છે એમ સમ્યગ્દષ્ટિ કરી તેમાં ઠરીને પ્રગટપણે પરમાત્મા થયા છે. પરમાત્મસ્વરૂપ પોતે છે એમ સમ્યગ્દષ્ટિ કરીને સ્વરૂપમાં ઠરતાં વિકાર આદિ અશુદ્ધતા ઉત્પન્ન થતી નથી અને કેવળજ્ઞાનાદિ ઉત્પન્ન થાય છે, માટે તું પણ પરમાત્મસ્વરૂપ છો તેમ દૃષ્ટિમાં લે.

અપૂર્ણતા ને અલ્પજ્ઞતાની માન્યતા હતી તેને બદલે હવે પૂર્ણ છું, શુદ્ધ છું એમ નિર્વિકલ્પપણે સ્વીકાર. તું જ્ઞાન-દર્શન આદિ અનંત શક્તિઓનો સમૂહ છો. ક્ષેત્ર ભલે થોડું હોય પણ સંખ્યાએ અને સ્વભાવે અપરિમિત ને અનંત છે. અનંત બેહદ જ્ઞાન ને પરમ આનંદ સ્વભાવી તું છો માટે બહારના ભભકાને તું ભુલી જા, વ્રત-તપ આદિના વિકલ્પને તું ભૂલી જા અને અલ્પજ્ઞતાને પણ તું ભૂલી જા. અરે ! ચાર જ્ઞાન પ્રગટ થયા હોય તોપણ તેને ભૂલી જા ને દૃષ્ટિ ત્રિકાળી ઉપર રાખ.

ભાઈ ! શરીરના સંસર્ગથી અને પરથી ઉત્પન્ન થતા વિકલ્પ એને તું ભૂલી જા, અનંત જ્ઞાન આદિ અનંત શક્તિઓ રાગને અડતી નથી પણ એક સમયની પર્યાયને પણ અડતી નથી એવો અનંત જ્ઞાનમય અને પરમ આનંદ સ્વભાવી તું છો, તેનો દૃષ્ટિમાં સ્વીકાર કર. પાંચ-ઈન્દ્રિય તરફનો પ્રેમ છે તે આનંદને ગાળી નાખે છે ને શાંતિને દઝાડે છે.

જેને પરમ કેવળજ્ઞાન પ્રગટયું છે અને જેમની પાસે પરમ ઉત્કૃષ્ટ અનંત જ્ઞાનાદિ ગુણલક્ષ્મી છે તેઓ અરિહંત પરમેશ્વર છે. પરમાત્મા એટલે પરમ-ઉત્કૃષ્ટ

આત્મા કે જેની દશામાં આનંદાદિ ઉત્કૃષ્ટ લક્ષ્મી છે તેને સર્વજ્ઞ પરમાત્મા કહે છે. તેમને જેટલા વિશેષણો લાગે છે એટલા વિશેષણો તારા આત્મસ્વભાવને લાગે છે.

વીતરાગી સર્વજ્ઞ પરમાત્મા વ્યક્તિરૂપે જેવા થયા તેવા દરેક આત્મા શક્તિ અપેક્ષાએ પરમાત્મસ્વભાવે જ છે પરંતુ ઉપર ટપકે જોનાર પર્યાયને જુએ છે. જેમ પાણીના દળની ઉપર રહેલા તેલના ટીપાને—તેલની સપાટીને જોનાર તેલને જુએ છે કે જેનો ખરેખર તો પાણીના દળમાં પ્રવેશ જ નથી, તેમ પર્યાયદૃષ્ટિથી જોનાર આત્માને વિકારી ભાવરૂપે કે અલ્પજ્ઞતારૂપે જુએ છે કે જેઓ ખરેખર તો આત્મસ્વભાવમાં છે જ નહીં.

વીતરાગીદેવ ફરમાવે છે કે તું પરમાત્મસ્વરૂપ જ છો એમ દૃષ્ટિ કર. પ્રભુ! સર્વજ્ઞદેવ કહે છે કે મારા સ્વભાવમાં ને તારા સ્વભાવમાં આંતરો–તફાવત છે જ નહીં. વ્યક્તરૂપે અમને જે દશા પ્રગટ થઈ છે તેવડો જ તું છો. પ્રભુ ! મારા ને તારા સ્વભાવમાં કાંઈ ફેર નથી પણ તારા સામર્થ્યની તને ખબર નથી ભાઈ !

પૂર્ણ સ્વભાવ, આત્મસ્વભાવ કેવો છે ? —કે જેવો સર્વજ્ઞને વ્યક્ત થયો છે તેવો જ છે, એવા સત્ સ્વભાવને દૃષ્ટિમાં લ્યે ત્યારે ધર્મની શરૂઆત થાય છે. સંસાર અવસ્થામાં પણ શક્તિરૂપે પરમાત્મા બિરાજમાન છે. તારે જે પરમ સત્‌ની દૃષ્ટિ કરવી છે તે તારા અંતરમાં બિરાજમાન છે. ભાઈ ! તારે સમ્યક્ દેખવું હોય તો ભગવાન સ્વરૂપ તું છો તેનો સ્વીકાર કર. મિથ્યાત્વ-રાગ-દ્વેષના કાળે પણ જેવું એનું વાસ્તવિક સ્વરૂપ છે તે રીતે જોઈએ તો શક્તિરૂપે પરમાત્મસ્વરૂપે બિરાજમાન છે. જેમ લીંડીપીપરની વર્તમાન દશામાં તીખાશ થોડી છે ને રંગે કાળી છે છતાં શક્તિ અપેક્ષાએ તો પૂર્ણ તીખાશ ને લીલાશ ભરી પડી છે તેમ ભગવાન આત્મા પરમાત્મસ્વરૂપે બિરાજમાન છે પણ તેને અછતો કરીને એક સમયની રાગાદિ પર્યાયને છતી માની રહ્યો છે. બહારમાં અજ્ઞાનાદિ છે પણ અંદરમાં શક્તિરૂપે તો પરમાત્મપણે બિરાજી રહ્યો છે. આ તો દશા પલટવાની વાત છે, જે દશા દયા-દાન આદિમાં પડી છે તે દશાને અંતરમાં પલટવાની વાત છે. હું પંડિત છું, હું મનુષ્ય છું ઈત્યાદિ માન્યતાએ એને રોકી રાખ્યો છે, તે માન્યતા તેને અંદર જવા દેતી નથી. અરેરે ! એને—અજ્ઞાનીને પુણ્યના ફળની કિંમત છે પણ પોતાના પરિપૂર્ણ પરમાત્મસ્વરૂપની કિંમત નથી.

જે જ્ઞાનનું પ્રયોજન ત્રિકાળી વસ્તુને જોવાનું છે તે નયથી જોઈએ તો જેવા ભગવાન છે તેવા સર્વ જીવો છે. બધા જીવો પરમાત્મશક્તિએ ભર્યા પડયા છે પણ બાપુ ! તને તેની ખબર નથી. જેવા કેવળી છે એવા સર્વ જીવો છે.

પર્યાયમાં-હાલતમાં ફેર છે, વસ્તુ તો વસ્તુ છે, તે જિન સમાન છે.

નિશ્ચયદૃષ્ટિથી દરેક જીવ પરમાત્મસ્વરૂપ જ છે, જિનવર ને જીવમાં ફેર નથી, ભલે તે એકેન્દ્રિયનો જીવ હોય કે સ્વર્ગનો જીવ હોય, એ બધું તો પર્યાયમાં છે, વસ્તુ સ્વરૂપે તો પરમાત્મા જ છે. પર્યાય ઉપરથી જેની દૃષ્ટિ ખસીને સ્વરૂપ ઉપર દૃષ્ટિ થઈ છે એ તો પોતાને પણ પરમાત્મસ્વરૂપ દેખે છે ને દરેક જીવને પણ પરમાત્મસ્વરૂપ દેખે છે. સમ્યગ્દૃષ્ટિ બધા જીવોને જિનવર જાણે છે અને જિનવરને જીવ જાણે છે. અહા ! કેટલી વિશાળ દૃષ્ટિ ! અરે, આ વાત બેસે તો કલ્યાણ થઈ જાય, પણ આવી કબુલાતને રોકનારા માન્યતારૂપી ગઢના પાર ન મળે ! અહીં તો કહે છે કે ૧૨ અંગનો સાર એ છે કે જિનવર સમાન આત્માને દૃષ્ટિમાં લેવો કેમ કે આત્માનું સ્વરૂપ પરમાત્મસ્વરૂપ જ છે. *

કેવળ નિજસ્વભાવનું, અખંડ વર્તે જ્ઞાન;
કહિયે કેવળજ્ઞાન તે, દેહ છતાં નિર્વાણ. ૧૧૩.

જિજ્ઞાસુને સદ્ગુરુની પ્રાપ્તિ થતાં સાધકદશાથી પૂર્ણ સાધ્ય સુધી ક્રમબદ્ધ વસ્તુ સ્વરૂપની મર્યાદા કહી છે. "જીવ દ્રવ્ય એક પૂર્ણ અખંડ હોવાથી તેનું જ્ઞાન સામર્થ્ય સંપૂર્ણ છે." આત્મા પર્ણ સ્વાધીન સહજ તત્ત્વ છે, તે નિશ્ચયથી પરને જાણતો નથી, પર જાણવાનો વિકલ્પ નથી. જેમાં અસ્થિરતા અને રાગ-દ્વેષની વૃત્તિ ટળીને, માત્ર નિજસ્વભાવનું અખંડ જ્ઞાન વર્તે છે, તે અહીં નિશ્ચયથી વાત લીધી છે. પરને જાણે છે એમ કહેવું તે ઉપચાર છે. તેથી વ્યવહાર-ઉપચારથી પર નિમિત્તથી ચૈતન્યનો મહિમા માનવો તે ઠીક નથી. બાહ્યદૃષ્ટિવાળા જગતના જીવોને લોકાલોક જાણવામાં આત્માનો મહિમા લાગે તે માટે નિમિત્તને જાણનારું જ્ઞાન છે એમ વ્યવહારથી કહ્યું છે. સર્વજ્ઞ પ્રભુનું ત્રિકાળજ્ઞાન લોકાલોકને જાણે છે; પણ જે પરનિમિત્તથી જ્ઞાનનો મહિમા કરે છે, અને પરને જાણે એમ નિશ્ચયથી માને છે, તેનો અર્થ એમ થાય છે કે ચૈતન્યમાં જાણે કાંઈ માલ (શક્તિ) નથી. લોકો વ્યવહારપક્ષમાં તત્ત્વને બહુ તાણી જાય છે, માટે આમાં કેવળ નિશ્ચયથી કહ્યું કે "કેવલ નિજસ્વભાવનું અખંડ વર્તે જ્ઞાન." તેમાં પરને જાણવાનો વિકલ્પ નથી. પણ સહજ જ્ઞાનસ્વરૂપમાં પર નિમિત્ત, સમસ્ત વિશ્વ સહજપણે જણાય છે. જે અખંડ જ્ઞાયક શુદ્ધ સ્વભાવ પૂર્ણ શક્તિરૂપ હતો તે પ્રત્યક્ષ પ્રગટ થાય છે. આત્મગુણને વિઘ્ન કરનાર નિમિત્ત ઘાતિકર્મનો સર્વથા અભાવ થતાં, સહજ સ્વાભાવિક પૂર્ણ કેવલજ્ઞાન દશા વર્તે છે. સર્વ આભાંસ રહિત આત્મસ્વભાવનું જ્યાં અખંડ (કોઈ વખતે પણ ખંડિત ન થાય, નાશ ન પામે એવું) જ્ઞાન વર્તે તેને કેવળ જ્ઞાન કહીએ છીએ. જે કેવળજ્ઞાન-પૂર્ણ વીતરાગદશા પામ્યાથી, ઉત્કૃષ્ટ જીવનમુક્તદશા, દેહ છતાં જ અનુભવાય છે. "સંપૂર્ણ વીતરાગ થતાં સંપૂર્ણ સર્વજ્ઞ થાય છે."

*—પૂજ્ય ગુરુદેવ [તા. ૨૨-૧૧-૩૯, શ્રી આત્મસિદ્ધિ ઉપરના પ્રવચનમાંથી]*

# યોગ્યતા ! !

આજે સમવસરણની પ્રતિષ્ઠાનો વાર્ષિક દિવસ છે. જુઓ, સમવસરણ શું ચીજ છે અને તેને કબૂલનારે કેટલું કબૂલ કરવું જોઈએ ?—કે જગતમાં અનંત આત્માઓ ભિન્ન ભિન્ન છે; અનાદિથી આત્મા પોતાના સ્વભાવનું ભાન ભૂલીને ચાર ગતિમાં રખડતો હતો; પછી આત્માનું યથાર્થ ભાન કર્યું ને પૂર્ણ વીતરાગતા ન થઈ ત્યાં રાગ રહ્યો; તે રાગમાં કોઈ જીવને એવો શુભરાગ હોય કે તીર્થંકર નામકર્મ બંધાય છે. કોઈ જીવ એમ માને કે ''મારે તીર્થંકર થવું છે માટે હું શુભરાગ કરીને કે સોળકારણ ભાવના ભાવીને તીર્થંકર નામકર્મ બાંધું''—તો એમ તીર્થંકર થવાતું નથી. તીર્થંકર નામકર્મ જેનાથી બંધાય એવો રાગ સમ્યગ્દષ્ટિની ભૂમિકામાં જ આવે છે. પણ ધર્મી જીવને તે રાગની કે તીર્થંકર નામકર્મની ભાવના હોતી નથી, અને સમકિતી જીવોમાં પણ બધાયને તીર્થંકર નામકર્મ નથી બંધાતું. બધા સમકિતી જીવોને રાગ એક સરખો નથી હોત. રાગ તે આત્માના ચારિત્રગુણની વિપરીત અવસ્થા છે. સ્વભાવના ભાનની ભૂમિકામાં પણ વીતરાગતા પ્રગટ કરી સર્વજ્ઞ થાય ત્યારે જ તે તીર્થંકર નામકર્મનો ઉદય આવે છે, અને ઈંદ્ર વગેરે આવીને તે તીર્થંકરના દૈવી સમવસરણની રચના કરે છે. આવું સમવસરણ અત્યારે આ ભરતક્ષેત્રમાં નથી. પણ જ્યારે અહીં મહાવીર પરમાત્મા બિરાજતા હતા ત્યારે સમવસરણ હતું ને દેવો આવીને ભગવાનની સેવા-ભક્તિ કરતા હતા. અત્યારે મહાવિદેહક્ષેત્રમાં શ્રી સીમંધર પરમાત્મા તીર્થંકરપણે બિરાજે છે. તેમને આવું સમવસરણ છે. અહીં તો તેનો નમૂનો છે.

જુઓ, સમવસરણને સ્વીકારતા કેટલું સ્વીકારવાનું આવ્યું ?

આત્મા છે તે એક જ નથી પણ ભિન્ન ભિન્ન અનંત આત્માઓ છે.

તેની અવસ્થામાં વિકાર છે.

તે વિકારના નિમિત્તે કર્મ બંધાય છે, એટલે કે જગતમાં અજીવ તત્ત્વો પણ છે.

તીર્થંકર નામકર્મ અમુક જીવને જ બંધાય છે, બધાને નહીં, એટલે જીવોના પરિણામની વિચિત્રતા છે.

રાગ ટળીને સર્વજ્ઞદશા પ્રગટે છે, ને એવી સર્વજ્ઞદશામાં તીર્થંકર ને સમવસરણ હોય છે.

આ ક્ષેત્ર સિવાય મહાવિદેહક્ષેત્ર વગેરે ક્ષેત્રો પણ છે જ.

આ બધી કબૂલાત આવે ત્યારે સમવસરણને માની શકે.

જગતમાં અનંત આત્માઓ ભિન્ન ભિન્ન છે; દરેક આત્માનો જ્ઞાન-દર્શન-ચારિત્ર સ્વભાવ છે, તે ત્રિકાળ છે અને ક્ષણે ક્ષણે તેની અવસ્થા પલટે છે. તે અવસ્થામાં શ્રદ્ધા જ્ઞાન સાચા થવા છતાં ચારિત્રગુણની અવસ્થામાં વિપરીતતા પણ રહે છે. ચારિત્રની વિપરીતતાથી રાગ થાય છે. તે રાગ દરેક જીવને એક સરખો નથી હોતો, પણ તેમાં દરેક આત્માને તારતમ્યતા હોય છે, કોઈને અમુક પ્રકારનો રાગ આવે ને કોઈને બીજા પ્રકારનો રાગ આવે. કોઈ જીવ એમ માને કે ''મારે અમુક જ પ્રકારનો રાગ કરવો છે'' તો તે જીવ રાગનો કર્તા થાય છે તેથી તે મિથ્યાદૃષ્ટિ છે. હું જ્ઞાનમૂર્તિ છું, રાગનો એક અંશ પણ મારું સ્વરૂપ નથી-એમ જેને આત્માનું ભાન થયું હોય, પણ હજુ પૂર્ણ વીતરાગતા પ્રગટી ન હોય, તેવા જીવોમાં જે જીવ તીર્થંકર થવાને લાયક હોય તેને જ તીર્થંકર નામકર્મ બંધાય એવી જાતના પરિણામ આવે છે ને તેને જ તીર્થંકર નામકર્મ બંધાય છે.

જુઓ, અંદરમાં રાગરહિત સ્વભાવનું ભાન, છતાં પર્યાયમાં ચારિત્રની નબળાઈનો રાગ, અને તેમાં પણ એવો રાગ કે જેના નિમિત્તે સામે તીર્થંકર પ્રકૃતિરૂપે પરિણમવાની લાયકાતવાળા પરમાણુઓ તથા તેના ફળમાં સમવસરણની રચના બને અને આત્માની પૂર્ણ વીતરાગદશા થતાં સમવસરણની વિભૂતિનો સંયોગ—આ બધુંય માને તો જ સમવસરણને યથાર્થપણે સ્વીકારી શકે.

તીર્થંકર પ્રકૃતિ કોને બંધાય ?– કે જેને રાગનો આદર ન હોય તેને; અને તે પ્રકૃતિનું ફળ કયારે આવે ?–કે જ્યારે તે રાગ ટળીને વીતરાગદશા પ્રગટે ત્યારે. તીર્થંકર પ્રકૃતિનું બંધન તો નીચલી દશામાં ધર્મીને થાય છે પણ તેનો ઉદય તેરમાં ગુણસ્થાને જ આવે છે. જે રાગથી તીર્થંકર પ્રકૃતિ બંધાણી તે રાગ ટળી ગયા પછી જ તેનો ઉદય આવે છે. આ વાત સમજવા જેવી છે. જેને પુણ્યની સામગ્રીના ભોગવટાની ઇચ્છા છે તેને પુણ્યની સામગ્રીની પૂર્ણતા હોતી નથી. તીર્થંકરનાં પુણ્ય સર્વોત્કૃષ્ટ હોય છે પણ તેનું ફળ સાધકદશામાં આવતું નથી; રાગ ટળીને કેવળજ્ઞાન થયા પછી જ તે તીર્થંકર પ્રકૃતિનું ફળ આવે છે; પણ તે વખતે તે જીવને સામગ્રીના ભોગવટાનો રાગભાવ હોતો નથી. પહેલાં નીચલી દશામાં રાગરહિત પૂર્ણ સ્વભાવની દૃષ્ટિ પ્રગટી, તે ભૂમિકામાં તીર્થંકર પ્રકૃતિ બંધાણી; અને પછી અંતરમાં પૂર્ણ સ્વભાવની ભાવના ભાવતાં ભાવતાં કેવળજ્ઞાન થયું ત્યાં બહારમાં તીર્થંકર પ્રકૃતિનો ઉદય આવ્યો ને સમવસરણની રચના થઇ પણ તે કેવળી ભગવાનને સંયોગના

ભોગવટા તરફનું વલણ રહ્યું નથી. અહો ! સો ઈંદ્રો આવીને તીર્થંકરનાં ચરણકમળને ભક્તિથી પૂજે છે ને દૈવી સમવસરણ રચે છે. છતાં ભગવાનને રાગ નથી; ભગવાન તો પોતાના સ્વરૂપના પૂર્ણાનંદના ભોગવટામાં લીન છે. જુઓ, સમવસરણ માનનારે આત્માની આવી દશાની ઓળખાણ કરવી જોઈએ. આવી પૂર્ણાનંદી વીતરાગ દશામાં જ સમવસરણનો યોગ હોય છે, રાગી જીવને સમવસરણ હોઈ ન શકે.

આત્મા છે, તેનામાં અનંત ગુણો છે, તેનું સમય સમયનું સ્વતંત્ર પરિણમન છે; તેમાં ચારિત્રગુણની વિપરીત દશામાં રાગ થાય છે, તે રાગના નિમિત્તે કોઈ જીવને તીર્થંકર નામકર્મ બંધાય છે ને તેના ફળમાં સમવસરણ રચાય છે.—આ બંધુ સ્વીકારે તો જ સમવસરણને માન્યું કહેવાય. આત્માના ત્રિકાળી સ્વભાવને, રાગને અને સંયોગને—એ બધાયને જે સ્વીકારે તેને રાગની કે સંયોગની ભાવના હોતી નથી, પણ પોતાના સ્વભાવની જ ભાવના હોય છે. આ બધી કબૂલાત આવ્યા વગર તીર્થંકર કે તીર્થંકરના સમવસરણને યથાર્થપણે માની શકે નહિ.

સ્વભાવ, રાગ અને સંયોગ—એ ત્રણે એકસાથે વિદ્યમાન છે, તેમાં ધર્મીની રુચિ સ્વભાવ ઉપર પડી છે, તેને સંયોગની કે રાગની રુચિ હોતી નથી. સમવસરણનો સંયોગ આત્માનો લાવ્યો લવાતો નથી, તે તો જગતના પરમાણુઓનું પરિણમન છે. જગતમાં જીવ અને જડ બધી વસ્તુઓ ક્ષણે ક્ષણે સ્વતંત્રપણે પરિણમી રહી છે. તેમાં અનાદિથી તે પ્રકારની ખાસ લાયકાતવાળા જીવને જ તીર્થંકર નામકર્મ બંધાય એવા પ્રકારના શુભ પરિણામ આવે છે ને તેના ઉદય વખતે બહારમાં સમવસરણની રચના થાય એવું પરમાણુઓનું પરિણમન હોય છે. સમકિતી જીવને તો સમવસરણના સંયોગની કે જે ભાવથી તીર્થંકરપ્રકૃતિ બંધાણી તે શુભ ભાવની ભાવના હોતી નથી, તેને તો પોતાના અસંયોગી ચૈતન્યતત્ત્વની જ ભાવના છે, મિથ્યાદૃષ્ટિ જીવને સંયોગની ને રાગની ભાવના છે, તેને કદી તીર્થંકર નામકર્મ બંધાતું નથી.

જુઓ તો ખરા જગતના જીવોના પરિણામોની વિચિત્રતા ! એક જીવને સમવસરણ રચાય ને બીજાને ન રચાય,—તેનું કારણ શું ? અને સમ્યગ્દૃષ્ટિ જીવો હોય તેમાં પણ કોઈકને જ તીર્થંકર નામકર્મ બંધાય તેવા પ્રકારના શુભ પરિણામ આવે ને બીજા જીવોને તેવા પરિણામ કદી આવે જ નહિ; એ જ પ્રમાણે કોઈ જીવને આહારક શરીર બંધાય તેવા પ્રકારનો શુભરાગ આવે ને બીજા જીવોને મોક્ષ પામતાં સુધીનાં કાળમાં કદી પણ તેવા પ્રકારના પરિણામ ન આવે; કોઈ સમ્યગ્દૃષ્ટિ જીવને સર્વાર્થસિદ્ધિનો ભવ મળે એવી જાતના પરિણામ થાય ને કોઈ

સમ્યગ્દૃષ્ટિને પહેલાં સ્વર્ગનું ઇન્દ્રપદ મળે તેવા પરિણામ થાય. કોઇ જીવ ચક્રવર્તી થઇને પછી મુનિ થઇને મોક્ષ પામે;—અને કોઇ જીવ સાધારણ મનુષ્ય થઇને પછી મુનિ થઇ મોક્ષ પામે. સંસારમાં જીવોનાં પરિણામની આવી વિવિધતા છે ને નિમિત્તરૂપે પુદ્‌ગલના પરિણમનમાં પણ તેવી વિચિત્રતા છે. બધાય જીવો અનાદિથી ચાલ્યા આવે છે. દ્રવ્યે અને ગુણે બધા જીવો સરખા છે, છતાં પરિણામમાં ભિન્ન ભિન્ન પ્રકારો થાય છે, તેનું કારણ શું?—તેનું કારણ કોઇ નથી, સંસારમાં પરિણામોની એવી જ વિચિત્રતા છે. ધર્મીજીવ પોતાના ત્રિકાળ એકરૂપ સ્વભાવની દૃષ્ટિપૂર્વક સંસારની આવી વિચિત્રતાને જાણે છે.

અનાદિ-અનંતકાળમાં કદી તીર્થંકરપણાનો ભાવ જ ઘણા જીવોને તો ન આવે. કેવળજ્ઞાન પ્રગટ કરીને મોક્ષ પામી જાય પણ વચ્ચે જેનાથી તીર્થંકરનામકર્મ બંધાય એવા પ્રકારનો ભાવ ન આવે અને કોઇ જીવને તેવો ભાવ આવે. મોક્ષ તો બન્ને જીવો પામે, પણ તેમના પરિણામમાં વિચિત્રતા છે. એનું કારણ શું? એનું કારણ તે તે પર્યાયની તેવી જ યોગ્યતા! આ એક 'યોગ્યતા વાદ' એવો છે કે બધા પ્રકારોમાં લાગુ પડે એટલે કે બધાં પ્રકારોનું સમાધાન કરી નાખે. તે નક્કી કરતાં 'આમ કેમ?' એવો પ્રશ્ન જ્ઞાનમાં રહેતો નથી.

જુઓ, આ સંસારના સ્વરૂપની વિચારણા! કોણ આ વિચાર કરે છે? 'હું જ્ઞાનસ્વભાવ છું, મારા સ્વભાવમાં સંસાર નથી' એવા ભાનપૂર્વક ધર્મી જીવ સંસારના સ્વરૂપનો વિચાર કરે છે; સંસારરહિત સ્વભાવની દૃષ્ટિ જેને પ્રગટી નથી તેને સંસારના સ્વરૂપનો યથાર્થ વિચાર હોતો નથી. જેનાથી તીર્થંકર નામકર્મ બંધાય, જેનાથી સર્વાર્થસિદ્ધિનો ભવ મળે, જેનાથી આહારક શરીર મળે તથા જેનાથી ઇંદ્રપદ કે ચક્રવર્તીપદ મળે—એવા પ્રકારના પરિણામ સમ્યગ્દૃષ્ટિને જ હોય છે પણ સમ્યગ્દૃષ્ટિને તેની ભાવના હોતી નથી, તેમ જ બધા સમ્યગ્દૃષ્ટિને તેવા પ્રકારના પરિણામ આવતા નથી; જેનામાં તે તે જાતની લાયકાત હોય તેને જ તેવા પરિણામ થાય છે. કોઇક સમ્યગ્દૃષ્ટિને પણ અનાદિ સાંત સંસારમાં તેવી જાતના પરિણામ કદી આવતા નથી. અરે, સંસારમાં જેમણે કદી સ્વર્ગનો કે નરકનો એક પણ ભવ કર્યો ન હોય, અનાદિ નિગોદમાંથી નીકળી, મનુષ્ય થઇને મોક્ષ પામી જાય-એવા જીવો પણ હોય છે. જુઓ તો ખરા વિચિત્રતા! કોઇ જીવો તો અનંતવાર સ્વર્ગના ને નરકના અવતાર કરી ચૂકયા, ને કોઇ જીવને અનાદિ સાંત સંસારમાં સ્વર્ગ કે નરકનો ભવ થાય તેવા પરિણામ જ ન આવ્યા! એક જીવ તો તીર્થંકર થઇને મોક્ષ પામે છે ને બીજો જીવ સાધારણ રાજા પણ



૪૦

થતો નથી; સાધારણ મનુષ્ય થઈને મોક્ષ પામે છે. જીવોના તે તે જાતના વિકલ્પોની વિચિત્રતા છે. ધર્મીને તે વિચિત્રતા દેખીને આશ્ચર્ય થતું નથી, કેમ કે તે એકલી વિચિત્રતાને જ નથી દેખતો, પણ એકરૂપ સ્વભાવની દૃષ્ટિ મુખ્ય રાખીને પર્યાયની વિચિત્રતાનું જ્ઞાન કરે છે; આવા સમ્યગ્દૃષ્ટિ ધર્માત્માને જ સંસારના બધા પડખાઓનું ભાન હોય છે, ને તેને જ ''સંસારભાવના'' હોય છે. એકલી પર્યાયબુદ્ધિવાળા અજ્ઞાની જીવો તે પર્યાયની વિચિત્રતાને દેખીને વિસ્મયતામાં અટકી જાય છે, ને જ્ઞાનીને સ્વભાવ ઉપર દૃષ્ટિ હોવાથી પર્યાયની વિચિત્રતામાં વિસ્મયતા થતી નથી, પણ ક્ષણે ક્ષણે વીતરાગતા વધે છે.

અજ્ઞાનીને તો બાર ભાવના યથાર્થ હોતી નથી. વિચિત્રતાના પરિણામ ઉપર જ જેની રુચિ છે, ને દ્રવ્ય ઉપર દૃષ્ટિ નથી, તેને વિચિત્રતામાં રાગ-દ્વેષ થયા વિના રહેતા નથી. સંસાર-ભાવનાવાળાને પર્યાયબુદ્ધિ હોતી નથી પણ ચિદાનંદ સ્વભાવ ઉપરની દૃષ્ટિપૂર્વક આ પ્રકારના વિચારની શ્રેણી ચાલે છે, તેને પર્યાયની વિચિત્રતાનું વિસ્મય નથી.

સંસારમાં અનાદિ કાળથી કોઈ જીવ તો તિર્યંત પંચેન્દ્રિયપણું પામ્યો જ ન હોય, તેવા ભાવ જ તેને ન આવ્યા હોય, ને નિગોદમાંથી નીકળી મનુષ્ય થઈ મોક્ષ પામી જાય, તથા કોઈ જીવને એકેન્દ્રિયથી પંચેન્દ્રિય તિર્યંચ સુધીના અનંત ભવો થઈ ગયા હોય, નવમી ગ્રૈવેયકના તથા સાતમી નરકના અનંત ભવ થઈ ગયા હોય.

જુઓ ! આ સંસારની વિચિત્રતા ! ધર્મી જીવને સ્વ-પરની પર્યાયની અનેક પ્રકારની વિચિત્રતા ખ્યાલમાં આવતા તેમાં વિસ્મયતા લાગતી નથી,–'આમ કેમ?' એવો પ્રશ્ન તેને રહેતો નથી. સંસારમાં એવી વિચિત્રતા હોય. ધર્મીને પર્યાયબુદ્ધિ નથી. ''જે પર્યાય થવાની હોય તે ફેરવી શકાતી નથી.''–એમ જે જાણે તેને દ્રવ્યબુદ્ધિ થયા વિના રહે નહિ. પર્યાય સ્વતંત્ર છે–એમ માને તો દ્રવ્ય ઉપર દૃષ્ટિ હોવી જોઈએ, ને દ્રવ્ય ઉપર દૃષ્ટિ હોય તેને પર્યાયમાં શુદ્ધતા વધતી જાય છે.

જગતમાં અનંતા જીવો છે. તેમનાં દ્રવ્ય-ગુણ સરખા હોવા છતાં પર્યાયમાં વિચિત્રતા છે. ત્યાં પર્યાય પણ સ્વતંત્ર થાય છે. ''આ કાળે આવી જ પર્યાય કરું'' એમ જે માને તેને પર્યાયની સ્વતંત્રતાની પ્રતીત નથી, ને દ્રવ્ય-ગુણની પણ પ્રતીત નથી.

જુઓ, આજે સમવસરણનો દિવસ છે.

એક પણ વાત યથાર્થ કબૂલે તો અંદરમાં જ્ઞાનસ્વભાવી આત્માની પ્રતીત

થયા વિના રહે નહિ. પુણ્ય, સમવસરણ, તીર્થંકર એક પણ વાતને યથાર્થ કબૂલતાં જ્ઞાનસ્વભાવની પ્રતીત થયા વિના રહે નહિ. વિચિત્રતાના કાળે વિચિત્રતા છે, દ્રવ્ય-ગુણ સરખાં હોવા છતાં પર્યાયના પ્રકારમાં ફેર કેમ ?-એવો સંદેહ કે વિસ્મયતા જ્ઞાનીને નથી. પોતાનાં એકરૂપ સ્વભાવ ઉપર દૃષ્ટિ રાખીને ધર્મી તે વિચિત્રતાને જાણે છે.

જુઓ, જગતમાં સમવસરણ અનાદિથી છે. ભગવાન મહાવીર પરમાત્મા જ્યારે અહીં બિરાજતા હતા ત્યારે અહીં પણ સમવસરણ હતું, અને સીમંધર ભગવાન અત્યારે મહાવિદેહમાં બિરાજે છે, ત્યાં સમવસરણ છે, સંત મુનિઓનાં ટોળાં છે. ત્યાં ભગવાનની વાણીમાં એક સાથે બાર અંગનો ધોધ આવે છે, એક સમયમાં પૂર્ણતા આવે છે, ને સમજનારા પોતાની યોગ્યતા પ્રમાણે સમજે છે. અત્યારે પણ કહેનારાના અભિપ્રાયની જેટલી ગંભીરતા હોય, તે પ્રમાણે કાંઈ બધા સમજતા નથી, પણ સૌ પોતપોતાના ક્ષયોપક્ષમની યોગ્યતા પ્રમાણે સમજે છે ને !

જગતમાં જીવો છે. તેના દ્રવ્ય-ગુણ એકરૂપ છે. પર્યાયમાં વિકાર છે. તેમાં કોઈ જીવને તીર્થંકર નામકર્મ બંધાય છે ને તેના ફળમાં સમવસરણ રચાય છે;–આમ બધાની અસ્તિ કબૂલે તો સમવસરણને માની શકે.

જુઓ, કોઈ જીવ આત્માનું ભાન કરીને યથાર્થ ચારિત્ર દશા પ્રગટ કરીને મુનિ થાય. હજારો વર્ષ આત્માના જ્ઞાન-ધ્યાનમાં રહે છતાં તેને તીર્થંકર નામકર્મ ન બંધાય ને ચોથા ગુણસ્થાને કોઈ સમ્યગ્દૃષ્ટિ જીવને પણ તીર્થંકર નામકર્મ બંધાઈ જાય ! ત્યાં મુનિને એમ શંકા નથી પડતી કે ''અરે ! આ અવિરતિ સમ્યગ્દૃષ્ટિને તીર્થંકર નામકર્મ બંધાયું ને મને ચારિત્રદશા હોવા છતાં મારે તીર્થંકર નામકર્મ ન બંધાયું ? શું મારા ચારિત્રમાં કાંઈ ખામી હશે ?'' મુનિને તો ભાન છે કે મારા ચારિત્રનું ફળ બહારમાં ન આવે. ચારિત્રના ફળમાં તો કેવળજ્ઞાન થઈને મોક્ષદશા પ્રગટે. તીર્થંકર નામકર્મ તો રાગનું ફળ છે. આત્માના ચારિત્રના ફળમાં તો અંદરમાં શાંતિ આવે; શું ચારિત્રથી કાંઈ કર્મ બંધાય ? ચારિત્ર તો ધર્મ છે. તેનાથી બંધન થાય નહિ અને જે ભાવથી બંધન થાય તેને ધર્મ કહેવાય નહિ. સમ્યગ્દૃષ્ટિને રાગથી તીર્થંકર નામકર્મ બંધાય છે ત્યાં તેને તેની ભાવના નથી, ને તે રાગને ધર્મ માનતા નથી. જુઓ, આ સંસારભાવના !

યથાર્થ તત્ત્વના ભાન વિના બાર ભાવના યથાર્થ હોય નહિ. જગતમાં અનેક જીવો છે, તે દ્રવ્યે-ગુણે સરખા હોવા છતાં કોઈ તીર્થંકર નામકર્મ બાંધે,

[અનુસંધાન માટે જુઓ પેઈજ નં. ૨૨]

# ઉત્પાદ-વ્યય રહિત જીવને જિનવરદેવ જીવ કહે છે

[શ્રી પરમાત્મપ્રકાશની આ ૬૮મી ગાથા તો માખણ છે, અમૃત ભર્યાં છે, આનંદના વાજા વગાડયા છે. જીવની વ્યાખ્યા ગજબ કરી છે. જિનવરદેવે જીવની વ્યાખ્યા કરી કે ઉત્પાદ-વ્યય વિનાનો, બંધ-મોક્ષની પર્યાય અને બંધ-મોક્ષના કારણ વિનાનો તે જીવ છે. શુદ્ધ નિશ્ચયનયથી નિત્યાનંદ ધ્રુવ ભગવાન આત્મા છે તે જીવ છે. શુદ્ધ નિશ્ચયનયથી નિત્યાનંદ ધ્રુવ ભગવાન આત્મા છે તે જન્મતો નથી અર્થાત્ ઉત્પાદની પર્યાયમાં આવતો નથી, મરતો નથી અર્થાત્ વ્યયમાં આવતો નથી. એકેન્દ્રિયની પર્યાય હો કે સિદ્ધની પર્યાય હો ધ્રુવ ભગવાન તો સદાય ત્રિકાળી જ્ઞાનાનંદની મૂર્તિ સ્વરૂપ જ રહ્યો છે.]

*(શ્રી પરમાત્મપ્રકાશ પ્રથમ અધિકાર, ગાથા-૬૮ ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન)*

સંતો એમ કહે છે કે જિનવરદેવ ગણધરોની સભામાં આમ કહેતા હતા કે ધ્રુવ ભગવાન, ઉત્પાદ-વ્યયની પર્યાયને કે બંધ-મોક્ષની પર્યયને કરતો નથી; તેને જિનવરદેવ જીવ કહે છે. બંધ-મોક્ષની પર્યાયને જે કરતો નથી તેને અમે જીવ કહીયે છીએ-એમ જિનવરદેવ કહે છે.

જીવ તેને કહીયે કે જે પર્યાયને ઉત્પન્ન કરતો નથી, વ્યય કરતો નથી, બંધ-મોક્ષને કરતો નથી ને તેના કારણને કરતો નથી, તેને જિનેન્દ્રદેવ જીવ કહે છે. એક સમયમાં ચૈતન્યસ્વભાવ ધ્રુવધાતુને ધારી રાખી છે એવી ત્રિકાળી વસ્તુ તે જીવ છે. એવો ત્રિકાળી ધ્રુવ પરમાત્મા પોતે મોક્ષમાર્ગને કરતો નથી, મોક્ષને કરતો નથી, બંધને કરતો નથી, બંધમાર્ગને કરતો નથી, પર્યાયના ઉત્પાદને કરતો નથી, પર્યાયના વ્યયને કરતો નથી તેને ત્રણ લોકના નાથ જીવ કહે છે.

સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની પર્યાયને જીવ કરતો નથી, પર્યાયને પર્યાય કરે છે, પર્યાય પર્યાયના ષટ્કારકની તાકાતથી પરિણમે છે, દ્રવ્ય પર્યાયને કરતું નથી. અજ્ઞાની રાગની એકતામાં ભીડાઇ ગયો છે, તેની પર્યાય ભીંસમાં આવી ગઇ છે, દ્રવ્ય તો દ્રવ્યપણે સદાય રહ્યું છે; તે રાગની ભીડમાં પણ ભીંસાતું નથી ને રાગની ભીડની ભીંસમાંથી છૂટીને મોક્ષની પર્યાયમાં પણ દ્રવ્ય આવતું નથી.

પરની અપેક્ષાએ પર્યાય વિનાનું દ્રવ્ય નથી, પરંતુ સ્વની અપેક્ષાએ પર્યાય વિનાનું દ્રવ્ય છે. પર્યાય ને દ્રવ્ય બે ભિન્ન સત્તા છે. ખરેખર તો પર્યાયને દ્રવ્ય સ્પર્શતું નથી, વ્યક્ત ને અવ્યક્ત સ્પર્શતું નથી. આવા ભગવાનને લક્ષમાં લેનારી પર્યાય પણ વસ્તુમાં આવતી નથી.

જિનવરદેવ એને જીવ કહે છે કે જે ઉત્પાદ-વ્યય દશામાં આવતો નથી, બંધ-મોક્ષમાં આવતો નથી, બંધ-મોક્ષને કરતો નથી. મોક્ષની પર્યાય જે વસ્તુમાં નથી એવી વસ્તુ દૃષ્ટિમાં લેવી; છતાં દૃષ્ટિમાં વસ્તુ આવતી નથી. વસ્તુ જેવડી ને જેવી છે તેની શ્રદ્ધા પર્યાયમાં આવે છે પણ વસ્તુ પર્યાયમાં આવતી નથી.

બંધ અને મોક્ષની પર્યાયને કરે નહીં તેને જિનવરદેવ જીવ કહે છે, એવો જીવ-ત્રિકાળી ધ્રુવ તે સમ્યગ્દર્શનનો વિષય છે, પર્યાય સમ્યગ્દર્શનનો વિષય નથી. સમ્યગ્દર્શન પર્યાય છે પણ તેનો વિષય ધ્રુવ છે. સમ્યગ્દર્શનની પર્યાયમાં ત્રિકાળી ધ્રુવની શ્રદ્ધા આવે પણ ત્રિકાળી ધ્રુવ ન આવે. પ્રતીતિમાં પૂર્ણાનંદના નાથની શ્રદ્ધા આવે પણ તે પર્યાયમાં પૂર્ણાનંદનો નાથ પોતે ન આવે.

ધ્રુવ પોતાની પર્યાયમાં આવતું નથી અને પર્યાયને કરતું નથી. અજ્ઞાની પોતાના દ્રવ્યને ભૂલીને રાગને કરે છે પણ તે પરદ્રવ્યનો કર્તા નથી. નિર્મળ પર્યાય દ્વારા જેને આત્માનું ભાન થયું છે તે રાગનો પણ કર્તા નથી. શુદ્ધ નિશ્ચયનયથી ભગવાન આત્મા ઉત્પાદને કરતો નથી, વ્યયને કરતો નથી, બંધને કરતો નથી, મોક્ષને કરતો નથી.

હે યોગી ! વાસ્તવિક તત્ત્વની દૃષ્ટિથી વિચારવામાં આવે—જોવામાં આવે અર્થાત્ અનાદિ અનંત વસ્તુસ્વભાવથી–પરિપૂર્ણ ત્રિકાળી ધ્રુવની દૃષ્ટિથી જોવામાં આવે તો પરિપૂર્ણ ધ્રુવ વસ્તુ પર્યાયને કરતી જ નથી.

સમ્યગ્દૃષ્ટિ એમ માને છે કે સમ્યગ્દર્શનનો વિષય જે ત્રિકાળી ધ્રુવ તે સમ્યગ્દર્શનની પર્યાયને કરતો નથી. સમ્યગ્દર્શનની પર્યાય એમ માને છે કે ત્રિકાળી વસ્તુ સમ્યગ્દર્શનની પર્યાયને પણ કરતી નથી. ભગવાન આત્મા ઉત્પાદમાં પણ આવતો નથી ને વ્યયમાં પણ આવતો નથી. સમ્યગ્દર્શનની પર્યાય ઉત્પન્ન થઈ તેમાં દ્રવ્ય આવતું નથી. સમ્યગ્દૃષ્ટિ એમ જાણે છે કે દ્રવ્ય સમ્યગ્દર્શનની પર્યાયનો કર્તા નથી, સમ્યગ્દર્શનની પર્યાય રાગનો કર્તા નથી અને રાગ પરદ્રવ્યની પર્યાયનો કર્તા નથી.

સમ્યગ્દર્શનની પર્યાયમાં આખું દ્રવ્ય આવતું નથી પણ આખા દ્રવ્યની પ્રતીતિ આવે છે. જેને એક સમયની કેવળજ્ઞાનની પર્યાયમાં આખું દ્રવ્ય શું છે તે જાણવામાં આવ્યું છે તથા લોકાલોક શું છે તે જાણવામાં આવ્યું છે એવા ત્રિલોકી પરમાત્માએ દિવ્યધ્વનિમાં એમ કહ્યું કે ભગવાન આત્મા પરદ્રવ્યનો તો કર્તા નથી, રાગનો તો કર્તા નથી, પણ નિર્મળ પરિણતિનો પણ કર્તા નથી. શુદ્ધનિશ્ચયનયથી ભગવાન આત્મા બંધ-મોક્ષથી રહિત છે એમ જિનેન્દ્રદેવ કહે છે.

ભગવાન આત્મા જેને દૃષ્ટિમાં આવ્યો છે તે એમ કહે છે કે ભગવાન આત્મા નિર્મળ પર્યાયનો કર્તા નથી. સમ્યગ્દર્શન તે મોક્ષમાર્ગ છે, તેનું ધ્યેય જે ત્રિકાળી ધ્રુવ વસ્તુ તે સમ્યગ્દર્શનની પર્યાયનો પણ કર્તા નથી.

અનાદિથી ભગવાન આત્મા શુદ્ધસ્વરૂપ છે કે જે શુદ્ધ પર્યાયને પણ કરતો નથી એવા શુદ્ધાત્માની અનુભૂતિના અભાવથી—નિજ ચૈતન્ય પૂર્ણાનંદ સ્વરૂપની અનુભૂતિના અભાવથી જીવ પર્યાયમાં શુભ-અશુભ ઉપયોગે પરિણમીને ગતિઓમાં ઉપજે છે, નાશ પામે છે, કર્મબંધ કરે છે.

ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદનો પિંડ છે, ત્રિકાળી જાણવા-દેખવાની શક્તિવાળો છે. એવા ભગવાન આત્માની સન્મુખતાના અભાવથી અજ્ઞાનથી જીવ શુભ-અશુભ ભાવો કરીને શુભાશુભ કર્મ બાંધીને જન્મ-મરણ કરે છે. શુભાશુભ ઉપયોગથી શુભાશુભ કર્મ બાંધીને જન્મ-મરણને કરે છે અર્થાત્ શુભાશુભ ઉપયોગથી પરિભ્રમણ થાય છે, તેથી તે શુભોપયોગ મોક્ષનું કારણ કેમ હોઈ શકે ?

વસ્તુ પર્યાયને કરતી નથી ને પર્યાયમાં આવતી નથી તો આ શું થયું ?—કે એવી શુદ્ધાત્માનુભતિના અભાવમાં એણે શુભાશુભ ઉપયોગ કર્યો છે. નિગોદમાં પણ શુભ ઉપયોગ છે. શુભાશુભ ઉપયોગી કરીને શુભાશુભ કર્મ બાંધીને જન્મ, મરણ, ગતિ પરિભ્રમણ કરે છે, અને સહજ પરમપારિણામિક જ્ઞાયકભાવની સન્મુખ થઈ ને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ શુદ્ધોપયોગ કરીને મોક્ષને કરે છે.

શુદ્ધાત્માની અનુભૂતિના સદ્ભાવમાં શુદ્ધોપયોગથી મોક્ષને કરે છે અને શુદ્ધાત્માની અનુભૂતિના અભાવમાં શુભાશુભ ઉપયોગથી બંધને કરે છે; તોપણ શુદ્ધ પરમપારિણામિકભાવ બંધ-મોક્ષને કરતો નથી. શુભાશુભભાવને કરતો નથી ને અનુભૂતિને પણ કરતો નથી. પરમભાવની દૃષ્ટિથી અનુભૂતિનો તથા શુભાશુભ ભાવનો અકર્તા છે.

ઉત્પાદ-વ્યય વિનાનું ધ્રુવ, મોક્ષની પર્યાયને કરતું નથી. નિશ્ચયથી ધ્રુવ છે તે ઉત્પાદ-વ્યયનો હેતુ નથી, ઉત્પાદ છે તે વ્યય કે ધ્રુવનો હેતુ નથી તથા વ્યય છે તે ઉત્પાદ કે ધ્રુવનો હેતુ નથી, બંધનો ને મોક્ષનો—બંને ભાવોનો કર્તા ધ્રુવ નથી, કેવળજ્ઞાનની પર્યાયનો કર્તા પણ ધ્રુવવસ્તુ નથી.

શુદ્ધાત્માની અનુભતિના અભાવમાં અજ્ઞાની શુભાશુભ ઉપયોગરૂપ પરિણમન કરીને કર્મબંધ કરે છે, તેનાથી જીવન-મરણ થાય છે. પર્યાયમાં અનુભૂતિના અભાવમાં જન્મ-મરણ કરે છે તથા અબદ્ધસ્વરૂપ ચૈતન્યમૂર્તિની પર્યાયમાં અનુભૂતિ પ્રગટ થતાં શુદ્ધાપયોગથી જીવ મોક્ષને કરે છે. એ રીતે પર્યાયમાં બંધ-મોક્ષ કરે

છે તોપણ ત્રિકાળી મુક્ત સ્વભાવી વસ્તુમાં બંધ ને મોક્ષ છે જ નહીં.

શુદ્ધદ્રવ્યાર્થિકનયથી જોતાં અર્થાત્ શુદ્ધ દ્રવ્ય જેનું પ્રયોજન છે તે દૃષ્ટિથી જોતાં દ્રવ્ય બંધ તેમ જ મોક્ષનો કર્તા નથી એમ સાંભળીને શિષ્ય પૂછે છે કે પ્રભુ ! આત્મા શુદ્ધનયથી મોક્ષનો કર્તા નથી તેનો અર્થ એ કે શુદ્ધનયથી મોક્ષ પણ નથી માટે મોક્ષનો પ્રયત્ન પણ વૃથા છે. ત્યારે ગુરુ તેને સમજાવે છે કે:-

વસ્તુ અબંધસ્વરૂપ છે, તેને દૃષ્ટિમાં લેવો તે મહાન પુરુષાર્થ છે. નિર્વિકલ્પ શુદ્ધ પરિણતિ દ્વારા વસ્તુ દૃષ્ટિમાં આવે છે. પર્યાયમાં બંધ-મોક્ષ છે પણ દ્રવ્યમાં બંધ-મોક્ષ છે જ નહીં. વસ્તુસ્વભાવમાં બંધ કેમ હોય ? વસ્તુમાં બંધ હોય તો વસ્તુનો અભાવ થઇ જાય. શુદ્ધનિશ્ચયનથી વસ્તુમાં બંધ નથી તેથી બંધના અભાવથી થતો મોક્ષ તે પણ વસ્તુમાં નથી. આવી વસ્તુની દૃષ્ટિ કરવી તે મહા પુરુષાર્થ છે. જ્ઞાયકભાવમાં બંધ-મોક્ષ ક્યાંથી આવે ? પર્યાય ને બંધ-મોક્ષ વસ્તુમાં નથી. નિર્મળ પરિણતિ પણ દ્રવ્યની નથી. આચાર્યદેવ દ્રવ્યનું સ્વરૂપ બતાવવા, તેની દૃષ્ટિ કરાવવા અને પર્યાયદૃષ્ટિ છોડાવવા કહે છે કે પર્યાયને દ્રવ્ય કરતું જ નથી.

જે પુરુષ બંધાયેલો હતો તેને છૂટી ગયો કહો તો તે ઠીક છે, પણ જે પુરુષ બંધાયો જ ન હોય તેને છૂટી ગયો કહો તો તે પુરુષ ક્રોધ કરે, ગુસ્સે થાય. તેમ રાગથી બંધાયેલો હતો તેને મુક્ત થયો કહેવો બરાબર છે પણ જે રાગથી બંધાયેલો જ નથી તેને મુક્ત થયો કહેવો યોગ્ય નથી. ત્રિકાળી વસ્તુસ્વભાવ બંધાયેલી જ નથી, જીવ રાગથી બંધાયેલો જ નથી. જીવવસ્તુ રાગથી બંધાયેલી હોય તો વસ્તુ રહે જ નહીં.

અનંતા જિનવરો એમ કહે છે કે જીવ બંધ-મોક્ષને કરતો નથી તે જીવને અમે જીવ કહીયે છીએ. બીજી રીતે કહીયે તો બંધપર્યાય તો આશ્રય કરવા લાયક નથી પણ નિશ્ચય મોક્ષમાર્ગ પણ આશ્રય કરવા લાયક નથી. બંધ-મોક્ષથી રહિત વસ્તુ આશ્રય કરવા લાયક છે. મોક્ષમાર્ગની પર્યાય તે વ્યવહારજીવ છે. પર્યાય તે વ્યવહાર હોવાથી પર્યાયવાળો જીવ તે વ્યવહારજીવ છે અને દ્રવ્ય તે નિશ્ચયજીવ છે.

પરમાત્મા થવાની કળા શીખવતાં કહે છે કે હે આતમરામ ! જે જીવ મોક્ષના પરિણામને પણ કરતો નથી તેને અમે (-જિનવરદેવ) જીવ કહીયે છીએ, ત્યાં દૃષ્ટિ કર.

જીવ ને મોક્ષ વચ્ચે કોઇ સંબંધ છે કે નહીં ?—હા, અભાવ-સંબંધ છે. દ્રવ્યને અને પર્યાયને પ્રાગભાવાદિ ચાર પ્રકારના અભાવની જાતનો અભાવ નથી

પણ દ્રવ્ય ને પર્યાય વચ્ચે આધ્યાત્મિક અભાવ છે. જીવમાં પર્યાય નથી અને પર્યાયમાં જીવ નથી એવો સંબંધ છે. ભગવાન ત્રિકાળી જ્ઞાયકસ્વરૂપ સદૃશ વસ્તુ છે, સામાન્ય સ્વરૂપ છે, તેમાં વિશેષનો અભાવ છે. સામાન્યમાં વિશેષનો અભાવ હોવાથી સામાન્ય તે વિશેષને કરતું નથી. વ્યક્તમાં, વ્યક્ત અને અવ્યક્તનું એકીસાથે જ્ઞાન થવા છતાં અવ્યક્ત વ્યકતને સ્પર્શતું નથી. પર્યાયના આલિંગન વિના દ્રવ્ય શુદ્ધ છે. નિર્મળ પર્યાય વિનાના દ્રવ્યને શુદ્ધ કહે છે.

મોક્ષ અને મોક્ષમાર્ગ આશ્રય કરવા લાયક નથી, પર્યાય રહિત વસ્તુ આશ્રય કરવા લાયક છે. વસ્તુ ધ્રુવ છે કે જેમાં બંધ-મોક્ષની પર્યાય નથી તેને જિનવરદેવ પરમાર્થ આત્મા કહે છે. બંધ-મોક્ષ તે પરમાર્થ આત્મા નથી. બંધ-મોક્ષ તો પર્યાયમાં છે. દ્રવ્યમાં પર્યાય નથી ને પર્યાયમાં દ્રવ્ય નથી. જ્ઞાનની પર્યાયમાં અને શ્રદ્ધાની પર્યાયમાં દ્રવ્યનું જ્ઞાન અને દ્રવ્યની પ્રતીતિ આવે છે પણ દ્રવ્ય નથી આવતું.

પ્રભુ ! એકવાર સાંભળતો ખરો ! તારા દ્રવ્યની પ્રભુતા એવડી છે કે તેમાં બંધ-મોક્ષની પર્યાય પણ નથી. નિશ્ચયમોક્ષમાર્ગની પર્યાય પણ વ્યવહારનયનો વિષય છે કેમ કે તે પર્યાય છે. નિશ્ચયમોક્ષમાર્ગની પર્યાય નિશ્ચય-જીવને સ્પર્શતી નથી.

શ્રી પ્રવચનસારમાં ૪૬ તથા ૪૭ મી નયમાં એમ કહ્યું છે કે માટીને ઘડો આદિ વાસણની અવસ્થાથી જોવી તે અશુદ્ધનય છે; અને માટીને માટીરૂપ જોવી તે શુદ્ધનય છે. તેમ દ્રવ્યને બંધ-મોક્ષથી જોવું તે અશુદ્ધનય છે અને બંધ-મોક્ષ રહિત એકલા દ્રવ્યને જોવું તે શુદ્ધનય છે. કેમ કે વસ્તુમાં બંધ-મોક્ષ છે જ નહીં, અને તે જ સમ્યગ્દર્શનનો વિષય છે અને તે જ ભૂતાર્થ છે.

નિશ્ચયમોક્ષમાર્ગ અને મોક્ષ તે પણ વ્યવહારનયનો વિષય છે, કેવળજ્ઞાન પણ પર્યાય છે તેથી વ્યવહારનયનો વિષય છે. જિનવરદેવ એમ કહે છે કે ધ્રુવમાં બંધ-મોક્ષની પર્યાયનો અભાવ છે. દ્રવ્ય તે નિશ્ચય અને પર્યાય તે વ્યવહાર છે એટલે કે અશુદ્ધનય છે. નિશ્ચયમોક્ષમાર્ગ અશુદ્ધ નથી પણ નિશ્ચયમોક્ષમાર્ગની પર્યાયને દેખવી તે ભેદ છે તેથી તે અશુદ્ધનય છે અને બંધ-મોક્ષથી રહિત ત્રિકાળી ધ્રુવને દેખવો તે શુદ્ધનય છે.

મોક્ષમાર્ગની પર્યાય વ્યકત છે તે અવયક્ત દ્રવ્યને સ્પર્શતી નથી, પર્યાય દ્રવ્યનો આશ્રય લ્યે છે ને ?—પર્યાય દ્રવ્યની સન્મુખ થઈ એટલે દ્રવ્યનો આશ્રય લીધો તેમ કહેવાય. જ્યાં પર્યાયને દ્રવ્યનો સ્પર્શ પણ નથી ત્યાં આશ્રય શી રીતે લ્યે ?—દ્રવ્યની સન્મુખ પર્યાય થાય ત્યારે દ્રવ્યનો આશ્રય પર્યાયે લીધો તેમ કહેવાય.

[અનુસંધાન માટે જુઓ પેઈજ નં. ૨૬]

# જ્ઞાયક તો જ્ઞાયક જ છે

[આત્મા શરીરની ક્રિયાને કે સત્ય-વચન બોલવાની ક્રિયાને કે પરદ્રવ્યના કાર્યને ત્રણ કાળમાં કરી શકતો નથી એ તો ઠીક પણ પરદ્રવ્યને આત્મા જાણે છે એ વ્યવહારકથન છે. પરને જાણે માટે એ જ્ઞાન પરનું છે એમ નથી. જેનું જે હોય તે તે જ હોય એવો તાત્ત્વિક સંબંધ જીવંત હોવાથી કોઇ પણ પર સંબંધી જે જ્ઞાન થાય તે આત્માનું છે, પરનું નથી, તેમ જ પરના લઇને નથી. જો જ્ઞાન પરને જાણવા કાળે પરનું થઇ જાય તો જ્ઞાનનો ઉચ્છેદ થઇ જાય, પણ તેમ તો થતું નથી. આત્મા પરનું કાંઇ કરે તો નહિ પણ પરને જાણે એ પણ અસદ્‌ભૂત વ્યવહારકથન છે. ખરેખર તો પોતે પોતાને જાણે છે. જોકે પોતે પોતાને જાણે છે એમ કહેવામાં પણ સ્વ-સ્વામી અંશરૂપ વ્યવહાર છે. પોતે પોતાને જાણવાનું કાર્ય કરે એ પણ ભાવક-ભાવના ભેદરૂપ સદ્‌ભૂત વ્યવહાર છે. પરનું કરવું તો ક્યાંય રહ્યું, પરને જાણે એ તો અસદ્‌ભૂત વ્યવહાર છે પણ પોતે પોતાને જાણે એ પણ સ્વ-સ્વામીનો ભેદ પડતો હોવાથી સદ્‌ભૂત વ્યવહાર છે. જ્ઞાયક તો જ્ઞાયક જ છે એ નિશ્ચય છે.]

*[શ્રી સમયસાર ગાથા-૩૫૬/૩૬૫ ઉપરના પૂજ્યશ્રીના પ્રવચનમાંથી]*

આ પરમ સત્યની વાતનો છેડો છે. આત્મા બીજાનું, શરીરનું, મનનું કે વાણી આદિનું કાંઇ કરી શકતો નથી, કેમ કે બે જુદા જુદા દ્રવ્યોમાં એક બીજાનો અભાવ છે, અભાવ હોવાથી પરનું શું કરે ? કાંઇ કરે નહીં. આત્મા પરને જાણે છે એમ કહેવું પણ વ્યવહારકથન છે. અરે ! આત્મા પોતે પોતાને જાણે છે એ પણ સ્વ-સ્વામી અંશરૂપ વ્યવહાર છે.

આત્મા પરદ્રવ્યની કોઇ ક્રિયા કરી શકતો નથી. ખાવું–પીવું આદિ કાંઇ કરતો તો નથી પણ પરને જાણે છે એ પણ વ્યવહારકથન છે. પરને કરે, બદલાવે, આપે, લ્યે–એ તો ત્રણકાળમાં છે નહીં.

આત્મા પોતાને જાણે છે–એમ કહેવામાં ભાવકભાવ ભેદ પડે છે. ભાવકને જ્ઞાનભાવ જાણે છે એમ કહેવામાં ભેદ પડી ગયો. વિકલ્પ ઊઠે છે એ વ્યવહાર છે. આત્મા પોતાને જાણે છે—એમાં સ્વસ્વામી-અંશરૂપ ભેદ પડયો. પરને કરે તો નહીં પણ પરને જાણે છે એમ કહેવું તે પણ વ્યવહારકથન છે. એ તો ઠીક પણ આત્મા પોતાને જાણે છે એ પણ ભેદ પડે છે માટે વ્યવહાર થઇ ગયો.

પરને જાણવું એ વ્યવહાર છે. તેથી પરને જાણવું એ પણ આદરવા લાયક



૬-

નથી; પરનું કાંઇ કરી શકે, જીભ હલાવી શકે એ તો ત્રણકાળમાં નથી. એ તો ઠીક, પરને જાણે છે એમ કહેવામાં અસદ્‌ભૂત વ્યવહાર છે. પોતે પોતાને જાણે છે—એમ કહેતાં બે ભાગ પડી ગયા તેથી તે સદ્‌ભૂત વ્યવહાર છે. જે એકબીજા વચ્ચે અત્યંત અભાવ છે તેને તો એકબાજુ રાખો પણ પોતે પોતાને જાણે એમ કહેવામાં સ્વસ્વામી ભાગ પડયો એ પણ વ્યવહાર છે.

પોતે પોતાને જાણે, જ્ઞાયક અને એનો જ્ઞાનભાવ—એ સદ્‌ભૂત વ્યવહાર થયો; એનો નિષેધ છે. પરનું કરું—એ તો મિથ્યા છે પણ પરનું જાણવું એ પણ વ્યવહાર છે. નિશ્ચયથી તો પોતાને જાણે છે. પરંતુ જાણનાર પોતાને જાણે છે એ પણ વ્યવહાર છે, જ્ઞાયક તો જ્ઞાયક જ છે.

ભાઇ ! તને ભ્રમણા થઇ છે. ભ્રમણા સંયોગને જુએ છે. પાણી અગ્નિથી ગરમ થયું એ તદ્દન જૂઠી વાત છે. અહીં તો કહે છે કે પોતે પોતાને જાણે છે એમ કહેવું પણ વ્યવહાર છે. જ્ઞાયક તો જ્ઞાયક જ છે. પોતાને જાણવાનું કામ કરે એ પણ ભેદ ને વ્યવહાર છે અને પરને જાણે એ તો અસદ્‌ભૂત વ્યવહાર છે અને પરને કરે એ તો મિથ્યાત્વનો વ્યવહાર છે.

વ્યવહારનય નથી એમ નથી, વ્યવહારનય પણ સમ્યગ્જ્ઞાનનો અંશ છે. વ્યવહારનયનો વિષય પણ છે.

જેનું જે હોય તે તે જ હોય—આવો તાત્ત્વિક સંબંધ જીવંત છે. શાસ્ત્રનું જ્ઞાન એ શાસ્ત્રનું નથી, શાસ્ત્રના લઇને નથી. જેનું જે હોય તે તે જ હોય. લોકાલોકને જાણે માટે એ જ્ઞાન પરનું છે એમ નથી. રાગ જણાયો માટે તે જ્ઞાન રાગનું છે એમ નથી. રાગનું જ્ઞાન થયું એ તો પોતાના સામર્થ્યથી થયું છે. જે જ્ઞાન થાય છે—કોઇ પણ પર સંબંધી, તે જ્ઞાન આત્માનું છે, પરનું નથી, પરના લઇને નથી. કેવળજ્ઞાનમાં લોકાલોક જણાય છે માટે તે જ્ઞાન લોકાલોકનું નથી ને લોકાલોકને લઇને નથી. તેમ જે સમયે અહીં જેનું જ્ઞાન થાય તે જ્ઞાન તેનું નથી તે જ્ઞાન આત્માનું છે—આવો તાત્ત્વિક સંબંધ જીવંત છે. જો જ્ઞાન પરને જાણવા કાળે પરનું થઇ જાય તો જ્ઞાનનો ઉચ્છેદ થઇ જાય. *

[યોગ્યતા.....પેઇઝ નં. ૧૫ થી ચાલુ]

કોઇ ન બાંધે, ક્ષાયિક સમ્યગ્દર્શન હોય છતાં કોઇને તીર્થંકર નામકર્મ ન બંધાય, ને ક્ષયોપશમવાળાને બંધાય, તેનું કારણ ? તે તે પર્યાય સત્ છે, તેમાં ''આમ કેમ?''—એવો પ્રશ્ન નથી. વસ્તુનું આવું સત્ સ્વરૂપ છે. દ્રવ્ય સત્, ગુણ સત્ ને પર્યાય પણ સત્—એમ સત્‌ની પ્રતીત કર તો 'આમ કેમ ?'—એવો પ્રશ્ન નહિ રહે પણ જ્ઞાનસ્વભાવની પ્રતીત થઇને વીતરાગતા પ્રગટશે. *

જ્ઞાનીનું લક્ષણ :

# જ્ઞાનસ્વરૂપમાં રહીને જ્ઞાતાપણે રાગાદિને જાણે તે જ્ઞાની

[શ્રી સમયસાર, ગાથા-૭૫ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનમાંથી ]

શિષ્ય પૂછે છે કે આત્મા જ્ઞાનસ્વરૂપ અર્થાત્ જ્ઞાની થયો એ કઇ રીતે ઓળખાય ? જ્ઞાનીના લક્ષણ-એંધાણ-ચિહ્ન શું ? તેના ઉત્તરરૂપ ગાથા કહે છે:

**પરિણામ કર્મતણું અને નોકર્મનું પરિણામ જે**
**તે નવ કરે જે, માત્ર જાણે, તે જ આત્મા જ્ઞાની છે. ૭૫.**

નિશ્ચયથી અંદરમાં થતો પર તરફની સાવધાનીના ભાવરૂપ મોહ, રાગ, દ્વેષ, સુખ, દુઃખ આદિરૂપ અંતરંગમાં ઉત્પન્ન થતાં ભાવકર્મ ને દ્રવ્યકર્મના પરિણામ તથા સ્પર્શ, રસ આદિરૂપ બહાર ઉત્પન્ન થતાં નોકર્મના પરિણામ, તે બધુંય પુદ્ગલ પરિણામ છે. દયા-દાન આદિરૂપ જે પરિણામ છે તે પુદ્ગલના પરિણામ છે.

પરમાર્થે, જેમ માટી કર્તા ને ઘડો તેનું કાર્ય છે, માટી વ્યાપક ને ઘડો વ્યાપ્ય, ઘડાને ને માટીને એવા વ્યાપ્ય-વ્યાપકભાવનો સદ્ભાવ હોવાથી કર્તાકર્મપણું છે, તેમ પુદ્ગલ-પરિણામને ને પુદ્ગલને વ્યાપ્યવ્યાપકપણાનો સદ્ભાવ હોવાથી પુદ્ગલપરિણામનો કર્તા પુદ્ગલ છે. અહીં સ્વભાવની દૃષ્ટિ સિદ્ધ કરવી છે તેથી રાગાદિ પરિણામનો કર્તા પુદ્ગલદ્રવ્ય છે. કેમ કે વિજ્ઞાનઘન આત્માનું કાર્ય તો જ્ઞાન છે.

પુદ્ગલદ્રવ્ય સ્વતંત્ર વ્યાપક હોવાથી પુદ્ગલદ્રવ્ય પુદ્ગલપરિણામનો કર્તા છે એટલે કે દયા-દાન-વ્રતાદિ પરિણામને પુદ્ગલદ્રવ્ય સ્વતંત્રપણે કર્તા થઇને કરે છે. અહીં તો આત્માને જગતનો સાક્ષી સિદ્ધ કરવો છે ને ! જ્ઞાતાદૃષ્ટા સ્વભાવ વ્યાપક થઇને જે કાર્ય થાય તે જાણવા-દેખવારૂપ પરિણામ થાય. તેથી અહીં કહે છે કે કર્મ પોતે સ્વતંત્રપણે કર્તા થઇને વિકારના પરિણામને કરે છે. કેમ કે વીતરાગસ્વરૂપી પ્રભુ રાગપણે કેમ થાય ? તેથી પર્યાયમાં રાગાદિ થાય તેનો કર્તા પુદ્ગલકર્મ પોતે છે.

અહીં સ્વભાવની દૃષ્ટિથી કથન કરવું છે ને સ્વભાવમાં વિકારને કરે એવો કોઇ ગુણ નથી. તેથી વિકારી પર્યાયનું કાર્ય આત્માનું નથી. કર્મ સ્વતંત્રપણે કર્તા થઇને પુદ્ગલ-પરિણામનો એટલે કે રાગાદિનો કર્તા છે અને રાગાદિ પુદ્ગલ પરિણામ તે વ્યાપક વડે એટલે કે પુદ્ગલકર્મ વડે સ્વતંત્ર વ્યપાતું હોવાથી તેનું

કર્મ છે. ભગવાનની ભક્તિ-સ્તુતિનો કર્તા પુદ્‌ગલકર્મ છે એમ અહીં કહે છે ! કેમ કે ભગવાનની ભક્તિ આદિના ભાવ પુદ્‌ગલકર્મ વડે વ્યપાતું હોવાથી તે પુદ્‌ગલકર્મનું કાર્ય છે.

જેમ કુંભાર વ્યાપક ને ઘડો તેનું વ્યાપ્ય અર્થાત્‌ કુંભાર કર્તા ને ઘડો તેનું કાર્ય–એમ નથી, તેમ રાગાદિ પરિણામને ને આત્માને વ્યાપ્યવ્યાપકપણાના અભાવને લીધે કર્તાકર્મપણાનો અભાવ છે. દયા-દાન આદિના પરિણામને ને આત્માને, ઘડા ને કુંભારીની જેમ, વ્યાપ્યવ્યાપકપણાનો અભાવ છે એટલે કે આત્મા વ્યાપક થઈને વિકારને કરે એવો અભાવ છે. જેમ કુંભાર કર્તા ને ઘડો કર્મ—એમ નથી, તેમ આત્મા વ્યાપક-કર્તા ને રાગાદિપરિણામ વ્યાપ્ય-કાર્ય એમ નથી. પરમાર્થે કુંભાર ઘડાને કરતો નથી તેમ વિકારને આત્મા કરતો નથી. પરંતુ પુદ્‌ગલપરિણામના જ્ઞાનને એટલે કે વિકારના પરિણામ થયા તેના જ્ઞાનને અર્થાત્‌ એટલે કે વિકારના પરિણામ થયા તેના જ્ઞાનને અર્થાત્‌ જે કાળે દયા-દાન આદિ થયા તે કાળે સ્વપરપ્રકાશકપણાને લીધે જે જ્ઞાન સ્વયં થયું એ જ્ઞાનના કાર્યને આત્મા કરે છે, જ્ઞાનના કાર્યપણે આત્મા પરિણમે છે. અહીં તો પ્રભુ પ્રભુતાની વાત છે ! પામરતા થાય તેનો કર્તા પ્રભુ ન હોય !

પુદ્‌ગલપરિણામના કાળે એટલે કે રાગાદિ પરિણામના કાળે સ્વતંત્રપણે જ્ઞાન પોતાના ષટ્‌કારકોથી પરિણમે છે. રાગના પરિણામનું જ્ઞાન એ આત્માનું કાર્ય એમ કહેવું એ પણ ભેદ-કથન વ્યવહાર છે. રાગનું જ્ઞાન થયું એમ કહેવું તે પણ વ્યવહાર છે ને જ્ઞાનનો કર્તા આત્મા એમ કહેવું પણ વ્યવહાર છે. રાગનો કર્તા તો આત્મા નથી પણ એ રાગ સંબંધી જ્ઞાનના પરિણામનો કર્તા આત્મા કહેવો એ પણ ઉપચાર છે. અહીં તો રાગનો કર્તા આત્મા નથી એમ સમજાવવું છે તેથી આત્મા કોનો કર્તા છે ? —કે પુદ્‌ગલપરિણામના જ્ઞાનનો કર્તા આત્મા છે એમ કહ્યું. પણ ખરેખર તો એ પણ ઉપચાર કથન છે. જ્ઞાનનો કર્તા જ્ઞાન પોતે છે.

વ્યવહારરત્નત્રયનો વિકલ્પ ઊઠયો તેનું જ્ઞાતાપણે જ્ઞાન કરે છે એ જ્ઞાનને કર્મપણે-કાર્યપણે કરતા એવા પોતાના આત્માને જાણે છે, તે આત્મા જ્ઞાનસ્વરૂપ થયો થકો જ્ઞાની છે. જ્ઞાનીનું લક્ષણ શું ? એમ શિષ્યનો પ્રશ્ન હતો ને !–તેનો આ ઉત્તર ચાલે છે.

રાગનું જે જ્ઞાન થયું એ જ્ઞાન આત્માનું કાર્ય કઇ રીતે છે તે હવે સમજાવે છે. દયા-દાન-વ્રત-ભક્તિ આદિનું જ્ઞાન એટલે કે તે સંબંધીનું જ્ઞાન કે જે જ્ઞાનનું

જ જ્ઞાન છે, દયા-દાન આદિનું નથી, તે આત્માનું કાર્ય કઇ રીતે છે તે હવે દૃષ્ટાંતથી સમજાવે છે.

જેમ ઘડાને ને કુંભારને વ્યાપ્યવ્યાપકપણાનો અભાવ છે તેમ પુદ્‌ગલપરિણામના જ્ઞાનને ને પુદ્‌ગલને વ્યાપ્યવ્યાપકપણાનો અભાવ હોવાથી જ્ઞાનનો કર્તા પુદ્‌ગલ નથી. પુદ્‌ગલકર્મ કર્તા અને જ્ઞાનના પરિણામ તેનું કાર્ય એવા કર્તાકર્મપણાનો અભાવ છે. પરંતુ જેમ ઘડાને ને માટીને વ્યાપ્યવ્યાપકપણાનો સદ્‌ભાવ હોવાથી કર્તાકર્મપણાનો સદ્‌ભાવ છે તેમ આત્માના જ્ઞાનપરિણામને ને આત્માને વ્યાપ્ય-વ્યાપકપણાનો સદ્‌ભાવ હોવાથી કર્તાકર્મપણું છે.

આત્મદ્રવ્ય સ્વતંત્ર વ્યાપક હોવાથી આત્મપરિણામનો કર્તા આત્મા છે. આત્મદ્રવ્ય સ્વતંત્ર વ્યાપક થઇને જ્ઞાન, દર્શન આદિના પરિણામને તથા રાગાદિના જ્ઞાનના પરિણામને આત્મા કરે છે અને આત્મપરિણામ એટલે કે રાગાદિના જ્ઞાનના પરિણામ વ્યાપક વડે સ્વયં વ્યપાતા હોવાથી તે આત્માનું કર્મ છે. વળી જ્ઞાતા પુદ્‌ગલપરિણામનું જ્ઞાન કરે છે માટે પુદ્‌ગલપરિણામ આત્માનું વ્યાપ્ય છે એમ નથી તથા રાગ વ્યાપક છે ને જ્ઞાનના પરિણામ વ્યાપ્ય છે એમ પણ નથી. આત્મા રાગાદિનું જ્ઞાન કરે છે માટે રાગાદિ જ્ઞાતાનું વ્યાપ્ય છે એમ નથી. કારણ કે પુદ્‌ગલને ને આત્માને એટલે કે રાગને અને આત્માને જ્ઞેયજ્ઞાયકસંબંધનો વ્યવહાર-માત્ર હોવા છતાં પુદ્‌ગલપરિણામ જેનું નિમિત્ત છે એટલે કે રાગ જેનું નિમિત્ત છે એવું જે જ્ઞાન તે જ્ઞાતાનું વ્યાપ્ય છે-કાર્ય છે માટે જ્ઞાન જ જ્ઞાતાનું કર્મ છે.

ધર્મીનું ચિહ્ન શું ?–કે રાગાદિના કે નોકર્મના જે પરિણામ થાય તેને જ્ઞાની જ્ઞાનમાં રહીને જાણતો થકો જ્ઞાનના કર્તાપણે પરિણમે છે તેથી જ્ઞાની છે. પર્યાયમાં જે રાગદ્વેષ થાય એ જ્ઞાનીને થયા નથી, પુદ્‌ગલને થયા છે. દયા-દાન આદિના જે પરિણામ થાય એ સમ્યગ્દૃષ્ટિ જીવનું કાર્ય નહિ. જ્ઞાની છે એ રાગના પરિણામથી ભિન્ન પડીને જ્ઞાનપણે પરિણમે છે. એવા જ્ઞાનીને વ્રતાદિના જે પરિણામ થાય તે પુદ્‌ગલકર્મના પરિણામ છે. જ્ઞાનીને જ્ઞાનના પરિણામની સબળાઇ છે. જેની દૃષ્ટિ દ્રવ્યસ્વભાવ ઉપર છે તેનું કાર્ય તો શુદ્ધ પરિણામ છે. વિકારના પરિણામ છે તે સ્વતંત્રપણે પુદ્‌ગલદ્રવ્ય વડે વ્યપાતા હોવાથી પુદ્‌ગલના પરિણામ છે.

છ પ્રકારના જ્ઞેયોની તે તે કાળે જે પર્યાય થાય છે તે તેનો જન્મક્ષણ છે, તે પર્યાય પરથી થતી નથી. દરેક પર્યાયનું થવું તે તેની કાળલબ્ધિ છે. અહીં તો પર્યાયની દૃષ્ટિ છૂટીને દ્રવ્યદૃષ્ટિ થઇ છે તેને જે દયા-દાન આદિના પરિણામ થાય તે પુદ્‌ગલનું કાર્ય છે એમ જ્ઞાની જાણે છે ને એમ જ છે. કેમ કે દ્રવ્યની દૃષ્ટિ

થઈ છે ને દ્રવ્યમાં વિકારના પરિણામને કરે એવો કોઈ સ્વભાવ નથી તેથી વિકારના પરિણામનો કર્તા પુદ્ગલ છે.

અહીં તો જ્ઞાનીનું લક્ષણ શું ?—એ વાત ચાલે છે.

જ્ઞાની કોને કહેવો ?—કે જેની વર્તમાન પર્યાયે પર્યાયવાનને-દ્રવ્યસ્વભાને પકડી લીધો છે તેને દયા-દાન આદિ પરિણામ થાય તે પુદ્ગલનું કાર્ય જાણે તે જ્ઞાની છે. દ્રવ્યસ્વભાવનો દૃષ્ટિવંત જ્ઞાની વિકારના પરિણામને, જેમ કુંભાર ઘડાને કરતો નથી તેમ પરમાર્થે કરતો નથી. પરંતુ રાગાદિ વિકાર સંબધીનું જે જ્ઞાન એ જ્ઞાન પરિણામ મારું કાર્ય છે ને હું જ્ઞાનનો કર્તા છું એમ ધર્મી માને છે.

*

[ઉત્પાદ-વ્યય રહિત.....પેઈઝ નં. ૨૦ થી ચાલુ]

શુદ્ધ નિશ્ચયનયથી દ્રવ્યમાં ન તો બંધ છે ને ન તો મોક્ષ છે. પણ અશુદ્ધનયથી બંધ ને મોક્ષ છે, તેથી મોક્ષનો પ્રયત્ન કરવો ઘટે. બંધ ને મોક્ષની પર્યાય વ્યવહારનયનો વિષય છે, તેથી બંધની પર્યાયના નાશ માટે, મોક્ષનો પુરુષાર્થ કરવામાં આવે છે.

તાત્પર્ય એ છે કે પર્યાય વિનાનો ભગવાન આત્મા તે ઉપાદેય છે. સિદ્ધ સમાન એટલે કે ત્રિકાળી શુદ્ધ એવો નિજ આત્મા ઉપાદેય છે. પણ કોને ઉપાદેય છે કે જેણે અનુભૂતિ દ્વારા ઉપાદેય બનાવ્યો છે ત્યારે તેને આત્મા ઉપાદેય થયો છે. શુદ્ધાત્માના સન્મુખની અનુભૂતિરૂપ પરિણમન થાય ત્યારે તેને આત્મા ઉપાદેય થયો છે. એમ ને એમ ઉપાદેય-ઉપાદેય કરે-ધારણામાં રાખે તેને આત્મા ઉપાદેય નથી.

*

# જાણનારને જાણ

[પૂજ્ય ગુરુદેવશ્રીનાં આત્મજ્ઞાનપ્રેરક હૃદયોદ્‌ગાર]

જે જ્ઞાન પરને પ્રત્યક્ષ કરે છે કે આ રાગ છે, કર્મ છે, શરીર છે, ઘટ છે, પટ છે, તો તે જ્ઞાન સ્વને પ્રત્યક્ષ કેમ ન કરી શકે? જે જ્ઞાનની પર્યાય પરને 'આ છે' તેમ જાણવામાં કામ કરી શકે તે જ્ઞાનની પર્યાય જાણવાવાળો 'હું છું' એમ સ્વનું કામ કેમ ન કરી શકે? આત્માની વર્તમાન દશા 'આ ઘટ છે, પટ છે, મકાન છે, પરમેશ્વર છે, મંદિર છે' તેમ તેને પ્રત્યક્ષ જ્ઞાનમાં જાણે છે કે નહીં? –કે કોઈના આશ્રયે જાણે છે? તો એ જ્ઞાનની દશા સ્વમાં વળે તો પોતાને પ્રત્યક્ષ કરે. કેમ કે પર્યાયમાં આત્મા જણાય છે. જ્ઞાનની વર્તમાન દશા પરને જાણવામાં પ્રત્યક્ષ કરે છે—જાણે છે કે આનું અસ્તિત્વ છે, 'આ છે, આ છે' એમ પરને જાણનારી પર્યાય શું સ્વના અસ્તિત્વને સિદ્ધ ન કરી શકે? જે જ્ઞાનની પર્યાય પરને પ્રત્યક્ષ કરે તે સ્વને પ્રત્યક્ષ કેમ ન કરે? કારણ કે સ્વનો પ્રકાશક એ તો તેનો મૂળ સ્વભાવ છે. સ્વના પ્રકાશક વિનાનો એકલો પરનો પ્રકાશક એ તો એનો મૂળ સ્વભાવ પણ નથી. ભગવાન જ્ઞાનસ્વરૂપ પ્રભુની પર્યાયનો સ્વભાવ સ્વ–પર-પ્રકાશક છે, તે પોતાના અસ્તિત્ત્વથી છે, તેથી પર-પ્રકાશકનું જે જ્ઞાન પોતાનામાં રહીને પરની પ્રત્યક્ષતા કરે છે–આ પરનું અસ્તિત્વ છે એમ માને છે તે જ્ઞાન, પોતાના સ્વભાવને જાણતાં પર્યાયમાં આત્મા જ જાણવામાં આવે છે એવો નિર્ણય કેમ ન કરી શકે? પાપનો રાગ આવે છે તેને જાણે છે કે નહીં?–એ જેમ છે તેમ જાણે છે કે નહીં?–કે આ રાગ છે તેને એમ માને છે કે આ જિનપ્રતિમા છે, ને જિનપ્રતિમાને જાણતાં એમ માને છે કે આ રાગ છે? પરને જેમ છે તેમ જાણે છે. હવે પરને જેમ છે તેમ જાણતું જ્ઞાન પર વસ્તુનું નથી પણ પોતાની પર્યાયનું જ્ઞાન છે, તે પરને તેને અસ્તિત્વથી જાણે છે તો તે જ્ઞાનની પર્યાય જેની છે તેના અસ્તિત્વથી તેનો નિર્ણય કેમ ન કરી શકે?

જે તારી જ્ઞાનદશા પરને જાણવાનું પ્રત્યક્ષ કરે છે, તો એ જ્ઞાન સ્વને જાણવામાં સ્વ પ્રત્યક્ષ ન થાય એમ કેમ બને? જેને પરને જાણવાની તાકાત છે, જે જ્ઞાનની પર્યાય પરને પ્રત્યક્ષ કરીને જાણે છે તે જ્ઞાન સ્વને પ્રત્યક્ષ કરીને કેમ ન જાણે? તારી શક્તિ, તારો સ્વભાવ સ્વ–પર-પ્રકાશક છે, તો પર્યાયમાં પણ સ્વ–પર-પ્રકાશપણું છે કે નહીં? તે પરને પ્રકાશવું પ્રત્યક્ષ દેખાય છે તો ત્રિકાળી જ્ઞાયક છું એમ સ્વનો નિર્ણય કેમ ન કરી શકે? તારી જ્ઞાનદશામાં એકલું પર

પ્રત્યક્ષ થાય છે તે તો એકાંત થયું, કેમ કે જ્ઞાનનો સ્વભાવ તો સ્વ-પર-પ્રકાશક છે. ખરેખર તો સ્વને જાણવું એવો ગુણ છે અને સાથે પર જણાય જાય છે. શ્રી સમયસારશાસ્ત્રની ગાથા ૧૭-૧૮માં કહ્યું છે કે જ્ઞાનની વર્તમાન પર્યાય છે તેમાં જ્ઞાયક જાણવામાં આવે છે પણ આ પર્યાય જ્ઞાયકને જાણે છે એવી દૃષ્ટિ નથી; પણ તે પર્યાય પરને જાણે છે એવી દૃષ્ટિ છે. ઘટ-પટ-સ્ત્રી-કુટુંબ-વેપાર-ધંધાને પર્યાય જાણે છે ત્યાં તેની દૃષ્ટિ છે, તે જૂઠી દૃષ્ટિ છે, તેમાં પર ઉપર લક્ષ જાય છે તેથી જ્ઞાયક જણાતો નથી. જગતની સ્થૂળ વસ્તુ તથા સ્થૂળ એવા શુભાશુભ ભાવોને, તેમાં એકમેક થયા વિના, જેમ છે તેમ જાણવામાં જે સૂક્ષ્મજ્ઞાન 'પરનું અસ્તિત્વ છે' તેમ જાણે છે, તો તે જ્ઞાનની પર્યાય સ્વને જાણવામાં સ્વનું અસ્તિત્વ કેમ ન જાણી શકે? પરનું, રાગાદિનું જ્ઞાન કરે છે તે જ જ્ઞાનની પર્યાય પોતાનું જ્ઞાન કરી શકે તેમાં શું છે! અર્થાત્ કરી જ શકે. ભગવાન આત્મા પોતાના પુરુષાર્થથી જ્ઞાનને ને પરને જાણે છે, કેમ કે સાથે વીર્ય શક્તિ છે. જ્ઞાનમાં પરને જાણવાની સહજ શક્તિ છે, તો એ જેની પર્યાય છે તેને જાણવાની તે સહજ શક્તિ જ છે. પરંતુ પરનું જાણવું સહેલું છે ને સ્વનું જાણવું કઠિન છે તેમ તે માને છે. પરને જાણવાવાળાની પર્યાય પરને પ્રત્યક્ષ કરે છે કે આ છે છે છે, તો તે પર્યાય પોતાના અસ્તિત્વને પ્રત્યક્ષ કેમ ન કરી શકે?-જરૂર કરી શકે, પણ સ્વનું મહાત્મ્ય આવવું જોઇએ, થોડું વિચાર-મંથન કરવું જોઇએ. *

## ધાર્મિક શિક્ષણવર્ગ

[તા. ૧-૫-૯૭ થી તા. ૨૫-૫-૯૭]


પરમોપકારી પૂજ્ય સદ્‌ગુરુદેવ શ્રી કાનજીસ્વામીના સત્પ્રભાવથી પ્રવૃત્ત ધાર્મિક શિક્ષણવર્ગની પરંપરામાં આ વર્ષે પણ ઉનાળાની રજાઓમાં પૂજ્ય ગુરુદેવશ્રીના ૧૦૮ મા વાર્ષિક જન્મોત્સવના અવસરે પુરુષોં માટે તા. ૧-૫-૯૭, ગુરુવારથી તા. ૨૫-૫-૯૭ રવિવાર-પચ્ચીશ દિવસના ધાર્મિક શિક્ષણવર્ગનું આયોજન કરવામાં આવ્યું છે.

ઉત્તમ વર્ગમાં પ્રવચનસાર (જ્ઞેય-અધિકાર) તેમ જ મોક્ષમાર્ગપ્રકાશક (અધિકાર-૭) પર, તથા મધ્યમ વર્ગમાં 'જૈન સિદ્ધાંત પ્રશ્નોત્તરમાળા' તેમ જ મોક્ષમાર્ગપ્રકાશક પર શિક્ષણ આપવામાં આવશે.

સૂચનાઃ-શિક્ષણાર્થી પુરુષો માટે આવાસ-ભોજનવ્યવસ્થા નિઃશુલ્ક રાખવામાં આવી છે.

*





સ્વાનુભૂતિપ્રધાન અધ્યાત્મતીર્થના સાતિશય પ્રભાવક

પુરુષાર્થપ્રેરણામૂર્તિ પરમોપકારી

પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી

# ભેદવિજ્ઞાન

[સંવર અધિકારની પહેલી ગાથા શરૂ કરતા ખૂબ જ ઉલ્લાસપૂર્વક પૂજ્યશ્રીએ કહ્યું કે આ ગાથા બહુ ઊંચી છે, આ ગાથાએ ગજબ કામ કર્યું છે. આચાર્યદેવે ચૌદ પૂર્વનો સાર આ ગાથામાં ભરી દીધો છે. ભાગ્યવાન હોય તેને આ વાત સાંભળવા મળે તેવું છે. શ્રીમદ્ કુંદકુંદાચાર્યદેવ ભગવાન શ્રી સીમંધરસ્વામી પાસેથી આ વાત લાવ્યા હતા, તે વાત તેઓશ્રી અહીં ભેદવિજ્ઞાનની વિધિ બતાવતાં કહે છે.

એક વસ્તુની બીજી વસ્તુ નથી, આત્મા અને આસ્રવો બે વસ્તુ હોવાથી આસ્રવો આત્માના નથી. આત્માના અને ક્રોધાદિ આસ્રવોના પ્રદેશો ભિન્ન ભિન્ન છે તેથી તેમની સત્તા પણ ભિન્ન ભિન્ન છે. શુભાશુભ આસ્રવને અને જાણનક્રિયાને પરમાર્થે આધારઆધેય-સંબંધ પણ નથી. કેમ કે તેમને પરસ્પર અત્યંત સ્વરૂપ વિપરીતતા છે. એ રીતે જેઓ બે ભિન્ન વસ્તુ છે, જેમના પ્રદેશો ભિન્ન છે, જેમની સત્તા ભિન્ન છે, જેમને આધારઆધેય-સંબંધ નથી ને જેમને પરસ્પર અત્યંત સ્વરૂપવિપરીતતા છે એવા આસ્રવ અને આત્માનું ભેદજ્ઞાન તે એક જ મોક્ષનું કારણ છે.]

સર્વ પદાર્થોના સ્વભાવને પ્રકાશવામાં સમર્થ એવા કેવળજ્ઞાનને ઉત્પન્ન કરનારી ભેદજ્ઞાનજ્યોતિનો ઉપાય દર્શાવતાં કુંદકુંદાચાર્યદેવ કહે છે કેઃ–

**ઉપયોગમાં ઉપયોગ, કો ઉપયોગ નહિ ક્રોધાદિમા,**
**છે ક્રોધ ક્રોધ મહીં જ, નિશ્ચય ક્રોધ નહિ ઉપયોગમાં. ૧૮૧.**

**ઉપયોગ છે નહિ અષ્ટવિધ કર્મો અને નોકર્મમાં,**
**કર્મો અને નોકર્મ કંઈ પણ છે નહિ ઉપયોગમાં. ૧૮૨.**

**આવું અવિપરીત જ્ઞાન જ્યારે ઉદ્ભવે છે જીવને,**
**ત્યારે ન કંઈ પણ ભાવ તે ઉપયોગ શુદ્ધાત્મા કરે. ૧૮૩.**

વાસ્તવમાં યથાર્થ દૃષ્ટિથી દેખો તો આત્મા જ્ઞાયક વસ્તુ છે ને દયા–દાનાદિ આસ્રવ તત્ત્વ છે, જ્ઞાનસ્વરૂપ ચૈતન્ય આત્માના દયા–દાનાદિ આસ્રવો નથી અને આસ્રવોમાં જ્ઞાનસ્વરૂપ આત્મા નથી, કેમ કે એક વસ્તુની બીજી વસ્તુ નથી.

હિંસા–ચોરી આદિના ભાવો તે પાપ અને દયા–દાન આદિના ભાવો તે પુણ્ય–તે બંને આસ્રવ તત્ત્વ છે, અને તેનાથી ભિન્ન ચૈતન્ય–ચિદ્બિંબ વસ્તુ આત્મા

છે. પુણ્ય–પાપનો આત્મા નથી ને આત્માના પુણ્ય–પાપ નથી. આત્મા જ્ઞાયક સહજાનંદ વસ્તુ તે પુણ્ય–પાપના ભાવ સાથે સંબંધ રાખતી નથી. ભગવાન આત્મા શુદ્ધાત્મસ્વરૂપ છે, સહજાત્મ-સ્વરૂપ છે, દયા–દાન આદિના ભાવ તેના હોતા નથી અને આત્મા દયા–દાન આદિનો થતો નથી–એવી દૃષ્ટિ કરવી તે ભેદજ્ઞાન છે, તે ધર્મનું પ્રથમ પગથિયું છે.

એક વસ્તુની બીજી વસ્તુ નથી; એક વસ્તુને બીજી વસ્તુ સાથે કાંઈ સંબંધ નથી, કારણકે બે વસ્તુ ભિન્ન છે, બે વસ્તુના ભાવ ભિન્ન છે, અને બે વસ્તુના પ્રદેશ ભિન્ન છે. આત્માને અને દયા–દાન–હિંસા–ચોરી આદિના આસ્રવને એકબીજા સાથે કાંઈ સંબંધ નથી, કેમ કે બંનેનો પરસ્પર એકબીજામાં અભાવ છે. રાગ અને આત્મા ભિન્ન–ભિન્ન છે. કેમ કે નવ તત્ત્વોમાંના બે તત્ત્વ છે. તે બે તત્ત્વોના પ્રદેશ ભિન્ન છે. ભગવાન આત્માના અને મલિનભાવ એવા પુણ્ય–પાપ આસ્રવના પ્રદેશો ભિન્ન છે. શરીર–મન–વાણીના પ્રદેશો તો આત્માથી ભિન્ન જ છે પણ આત્માના ને આસ્રવના પ્રદેશો ભિન્ન છે.

આત્માના ને આસ્રવના પ્રદેશો ભિન્ન ભિન્ન હોવાથી તેમની સત્તા ભિન્ન ભિન્ન છે. બંને તત્ત્વોનું હોવાપણું એકરૂપ નથી પણ ભિન્ન ભિન્ન છે, કેમ કે બંનેના પ્રદેશ ભિન્ન ભિન્ન છે. દયા–દાન–યાત્રાનો ભાવ આસ્રવ છે, બંધનું કારણ છે. તેના પ્રદેશ અને આત્માના પ્રદેશ ભિન્ન ભિન્ન હોવાથી બંનેની ભિન્ન ભિન્ન સત્તા હોવાને લીધે આત્માને અને આસ્રવને આધાર–આધેય-સંબંધ નથી.

દયા–દાન આદિના ભાવ તે દુઃખરૂપ છે ને આત્માના ભાવ આનંદરૂપ છે. બંનેના પ્રદેશ ભિન્ન ભિન્ન હોવાથી બંનેની સત્તા ભિન્ન ભિન્ન છે. એ રીતે એક વસ્તુ બીજી વસ્તુ નહીં હોવાથી તેઓને પરસ્પર આધાર–આધેય-સંબંધ નથી. તેથી રાગને ને આત્માને આધારઆધેય-સંબંધ નથી.

વ્રત–તપાદિ આસ્રવના ભાવમાં આત્મા નથી ને આત્મામાં વ્રત–તપાદિના ભાવ નથી. વ્યવહારરત્નત્રયથી આત્મા જાણવામાં આવે કે વ્યવહારરત્નત્રયમાં આત્મા આવી જાય તેમ છે જ નહીં. આત્માને ને વ્યવહારરત્નત્રયને આધારઆધેય સંબંધ નથી. દુનિયા માને કે ન માને પણ વસ્તુસ્થિતિ આ છે.

ભગવાન આત્માને અને રાગને પરસ્પર આધારઆધેય-સંબંધ નથી. દયા–દાન–વ્રત–તપ–યાત્રા–ભક્તિના ભાવને અને આત્માને પરસ્પર આધારઆધેય સંબંધ નથી. તેથી રાગના આધારે આત્મા જણાય કે આત્માના આધારે રાગ ઉત્પન્ન થાય એમ બનતું નથી. આવો માર્ગ છે પણ કદી સાંભળ્યું નથી ને જીવન એમ

ને એમ ચાલ્યું જાય તે તિર્યંચ આદિમાં ચાલ્યો જાય છે.

દયા-દાન આદિના શુભરાગમાં અને ભગવાન આત્મા જ્ઞાયકરૂપ છે તેમાં આધારઆધેય-સંબંધ નથી. તેથી વ્યવહારરત્નત્રયથી નિશ્ચયરત્નત્રય થાય કે વ્યવહાર-રત્નત્રયના આધારે નિશ્ચયરત્નત્રય થાય તેમ નથી.

રાગ આધાર ને આત્મા આધેય કે આત્મા આધાર ને રાગ આધેય એમ પરસ્પર આધારઆધેય-સંબંધ નથી. આવી વસ્તુસ્થિતિ સમજ્યા વિના-ભેદજ્ઞાન વિના એકલા મહાવ્રતાદિ અનંતવાર પાળ્યા પણ સંસારચક્રનો અંત ન આવ્યો.

હવે આધારઆધેય-સંબંધ શેમાં છે? તે કહે છે. દરેક વસ્તુને પોતાના સ્વરૂપમાં દૃઢપણે રહેવારૂપ આધારઆધેય-સંબંધ છે. આત્માને જાણન સ્વરૂપમાં જ આધારઆધેય-સંબંધ છે. જાણનક્રિયા આધાર ને આત્મા આધેય છે. આત્મા પોતાના જ્ઞાનસ્વરૂપમાં પ્રતિષ્ઠા પામે છે અને રાગ રાગમાં પ્રતિષ્ઠા પામે છે. આત્મા પોતાની જાણનપરિણતિમાં પ્રતિષ્ઠિત છે ને રાગ રાગસ્વરૂપમાં પ્રતિષ્ઠિત છે.

સ્વના લક્ષે અતીન્દ્રિય આનંદની પરિણતિ થઈ તે આધાર છે, આત્મા આધેય છે. રાગથી ભિન્ન થઈને પોતાના સ્વરૂપની-આનંદની પરિણતિ થઈ, જાણન પરિણતિ થઈ તે જાણનક્રિયા આધાર છે ને આત્મા આધેય છે. નિર્મળ વીતરાગી પરિણતિ થઈ તેમાં આત્મા જણાયો માટે તે જાણનક્રિયા આધાર ને આત્મા આધેય છે. જાણનક્રિયા અને આત્માનું અભિન્નપણું છે.

જ્ઞાન એટલે કે આત્મા જાણનક્રિયારૂપ, શ્રદ્ધાની ક્રિયારૂપ કે જે પોતાનું સ્વરૂપ છે તેમાં પ્રતિષ્ઠિ છે, તેમાં રહેલો છે. પ્રભુ! તારું રહેવું તારી જાણનક્રિયામાં છે, ઘર કુટુંબ કે શરીરમાં તું રહેલો નથી. અનાદિથી રાગાદિમાં રહેલો છે તે આત્મા નથી, તે આત્માનું સ્વરૂપ નથી. રાગાદિમાં રહેલો આણાત્મા છે, રાગ તે જડ છે, જડમાં રહેલો જડ છે આત્મા નથી.

આત્માનું સ્વરૂપ તો શ્રદ્ધા-જ્ઞાનમાં રમણતા તે છે, જાણનક્રિયારૂપ છે. આત્માનું તેમાં રહેવું છે તેથી આત્મા તેમાં જણાય છે. માટે આત્મા આધેય છે અને જાણનક્રિયા આધાર છે. જાણનક્રિયામાં ષટ્કારકોનું પરિણમન છે. શ્રદ્ધાની, શાંતિની આદિ બધી પરિણતિ ષટ્કારકથી પરિણમી રહી છે.

સ્વરૂપની અરુચિ તે ક્રોધ છે. સ્વરૂપ ચૈતન્યમૂર્તિ તેની અરુચિ તે ક્રોધ છે, રાગ પ્રત્યેની રુચિ તે આત્મા પ્રત્યે દ્વેષ છે, ક્રોધ છે. જાણનક્રિયા તે જ્ઞાન છે, તેમાં આત્મા પ્રતિષ્ઠિત છે, એટલે કે તેમાં આત્મા જણાય છે. આવા આત્માની

જેને રુચિ નથી–અરુચિ છે અને જેને રાગની રુચિ છે તે ક્રોધ છે, રાગના પ્રેમના વ્યભિચારમાં ફસાઇ જવું તે ક્રોધ છે. સ્વરૂપના પ્રેમની રુચિ છોડી દઇને રાગનો પ્રેમ છે તે ક્રોધ છે. તે ક્રોધાદિ, ક્રોધાદિની પરિણતિના આધારે છે. વિકારનું પરિણમન વિકારના પરિણમનના ષટ્કારમાં છે, વિકારનું પરિણમન વિકારના આધારે છે, પણ આત્માના આધારે નથી.

કમાવાના ભાવમાં આત્મા નથી, ઘરમાં આત્મા નથી, દયા–દાન આદિમાં આત્મા નથી, શુભરાગમાં આત્મા નથી, તો આત્મા ક્યાં છે?–કે આનંદના ને જ્ઞાનના પરિણમનમાં આત્મા પ્રતિષ્ઠિત છે. આનંદનું ને જ્ઞાનનું પરિણમન થાય ત્યારે આત્મા તેમાં જણાય છે. જ્ઞાનનું, આનંદનું, શ્રદ્ધાનું, શાંતિનું, વીતરાગતાનું પરિણમન થાય તે આત્માનું પરિણમન છે, આત્મા તેમાં રહેલો છે.

દયા–દાન આદિનો વિકલ્પ ઊઠે છે તેનાથી આત્મા ભિન્ન છે, તેનાથી ભિન્ન જાણનક્રિયાનું પરિણમન થાય તેમાં આત્મા જણાય છે માટે જાણનક્રિયા તે આધાર ને આત્મા તે આધેય છે. જાણનક્રિયાથી આત્મા જણાય છે માટે જાણનક્રિયાના આધારે આત્મા છે તેમ કહ્યું છે, તેમાં જણાય છે તેથી તેને આધાર કહ્યો છે, પરંતુ જાણનક્રિયાના આધારે આત્મા રહેલો નથી, પરંતુ જાણનક્રિયાના આધારે આત્મા જણાયો છે.

ભગવાન આત્મા આનંદની મૂર્તિ પ્રભુ છે. તેના ધ્યેયે જે જાણવું દેખવું થાય તે આત્માનું પરિણમન છે. તેથી જાણનક્રિયા અને આત્મા અભિન્ન છે. ક્રોધ, માન, માયા, લોભ આદિ પરિણમન ક્રોધાદિના પરિણમનમાં પ્રતિષ્ઠિત છે. તેથી ક્રોધાદિનું ક્રોધાદિમાં અભિન્નપણું છે.

જેમ ચૈતન્યનું પરિણમન ચૈતન્યથી અભિન્ન છે તેમ વિકારનું પરિણમન વિકારથી અભિન્ન છે. વિકારનું લક્ષ પર છે, પણ વિકારનું અભિન્નપણું વિકારથી છે. તેથી વિકાર વિકારથી થાય છે, પર નિમિત્તથી થતો નથી. વિકારનું પરિણમન વિકારથી અભિન્ન હોવાથી વિકાર આત્મામાં નથી ને વિકારના પરિણમનમાં આત્મા નથી.

વિકારનું પરિણમન તે વિકારનું સ્વરૂપ છે. શુભરાગ થાય ત્યાં રાજી રાજી થઇ જાય, પણ રાગનું પરિણમન રાગના આધારે છે, તારા આધારે નથી, રાગના પરિણમનથી તું જણાય તેવો નથી. વ્યવહારથી તું જણાય તેવો નથી. અતીન્દ્રિય આનંદના રસસ્વરૂપ અતીન્દ્રિય આનંદની પરિણતિ દ્વારા જણાય તેવો તું છો, એવું જ તારું સ્વરૂપ છે. જાણવું, દેખવું આદિનું પરિણમન તે તારું સ્વરૂપ છે. વિકારનું

પરિણમન તે તારું સ્વરૂપ નથી. આત્મા શુદ્ધ છે, તેનું પરિણમન શુદ્ધ છે. તે શુદ્ધ પરિણમનમાં આત્મા જણાય છે માટે શુદ્ધ પરિણમન આધાર ને આત્મા આધેય છે. શુદ્ધ પરિણમન ને આત્મા અભિન્ન હોવાથી આત્મા જ આધાર ઠર્યો.

વળી ક્રોધાદિમાં આત્મા નથી તેમ કર્મ કે નોકર્મમાં આત્મા નથી, તેથી આત્મા કર્મમાં નથી ને આત્માનું પરિણમન કર્મમાં નથી, માટે કર્મ માર્ગ કરી આપે તો આત્મા જણાય તેમ છે જ નહીં. આત્મા ક્રોધાદિ વિકારમાં, કર્મમાં કે નોકર્મમાં નથી તેમ આત્મામાં ક્રોધાદિ વિકાર, કર્મ કે નોકર્મ નથી. આત્મામાં વિકારી પરિણામ નથી કેમ કે તેઓને પરસ્પર અત્યંત સ્વરૂપ વિપરીતતા છે. પુણ્ય–પાપના પરિણામને અને આત્માને અત્યંત સ્વરૂપ વિપરીતતા છે.

દયા–દાન–વ્રત–તપના ભાવનું સ્વરૂપ અને આત્માનું સ્વરૂપ બંને પરસ્પર અત્યંત વિપરીત છે. વ્યવહારના વિકલ્પને અને આત્માને અત્યંત સ્વરૂપ વિપરીતતા હોવાથી વ્યવહારથી આત્મા કેમ જણાય ?–ન જ જણાય. શુભરાગને અને આત્માને પરસ્પર અત્યંત સ્વરૂપ વિપરીતતા હોવાથી રાગની મંદતા કરતાં કરતાં નિશ્ચય થાય તે કેમ બને ?–ન જ બને.

*

પ્રકાશન સ્થાન—શ્રી દિ. જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ (સૌરાષ્ટ્ર)

પ્રકાશન તારીખ—દરેક માસની ૧૫મી તારીખ

પ્રકાશક—શ્રી દિ. જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ

મુદ્રક—જ્ઞાનચંદજી જૈન, કહાન મુદ્રણાલય, સોનગઢ

સંપાદક—નાગરદાસ બેચરદાસ મોદી, સોનગઢ

તંત્રી—હીરાલાલ ભીખાલાલ શાહ, સોનગઢ

રાષ્ટ્રીયતા—ભારતીય

માલિક—શ્રી દિ. જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ

વ્યવસ્થાપક (મેનેજર)—

તા. ૧૫-૪-૯૭ શ્રી દિ. જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ (સૌરાષ્ટ્ર)

PIN. 364250

Phone (02846) 44334

# "સ્વયંભૂ" ભગવાન આત્મા

(શ્રી પ્રવચનસારજી શાસ્ત્રની ૧૬ મી ગાથા ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન)

શ્રી પ્રવચનસારમાં સારરૂપ આ ગાથા બહુ ઊંચી છે.

આ આત્મા તો નિત્યાનંદ પ્રભુ ધ્રુવ છે. તેની પરિણતિમાં–પર્યાયમાં જે ક્રિયા થાય તેના ષટ્કારકનું આ વર્ણન છે. વસ્તુમાં પણ ષટ્કારક છે તે શક્તિરૂપે છે–સ્વભાવરૂપે છે–સત્‌ના સત્વરૂપે છે પણ અહીં તો આ પરિણતિના ષટ્કારકની વાત છે. આત્મા પોતે જ કર્તા થઈને નિર્મળ પરિણતિને કરે છે એમ કહેવાય પણ ખરેખર તો નિર્મળ પરિણતિ જ પર્યાયમાં પોતે પોતાની કર્તા થાય છે.

બીજી રીતે કહીએ તો, भूयत्थमस्सिदो खलु... પર્યાય કર્તા થઈને ભૂતાર્થનું લક્ષ કરે છે. ત્રિકાળ ભગવાન પૂર્ણ આનંદ અને જ્ઞાનનો પિંડ છે તે તો સત્‌ચિદાનંદપ્રભુ ધ્રુવ છે પણ તેનું લક્ષ કરનાર તો પર્યાય છે. પર્યાય ધ્રુવના કારણે ધ્રુવનું લક્ષ કરતી નથી. પોતે જ કર્તા થઈને ધ્રુવનું લક્ષ કરે છે. શુદ્ધપરિણતિની કર્તા પરિણતિ પોતે છે.

મારગ બહુ ઝીણો ભાઈ ! વ્યવહારરત્નત્રયનો રાગ નિશ્ચયરત્નત્રયનો કર્તા નથી. દયા, દાન, વ્રત, ભક્તિ આદિ શુભ પરિણામના કારણે શુદ્ધપરિણતિ થતી નથી. શુદ્ધ વીતરાગ પરમાનંદનાથના આશ્રયે જ વીતરાગપરિણતિ પ્રગટ થાય છે પણ 'આશ્રય' પર્યાય સ્વયં લે છે. પર્યાય સ્વયં કર્તા થઈને ભૂતાર્થનો આશ્રય લે છે.

શ્રી સમયસારની ૭૩મી ગાથામાં પણ આ ષટ્કારકની પરિણતિથી પાર ઉતરેલી જે નિર્મળ અનુભૂતિ, તે અનુભૂતિમાત્રપણાને લીધે હું શુદ્ધ છું એમ 'શુદ્ધ' નો અર્થ કર્યો છે. તત્ત્વ બહુ ગંભીર છે ભાઈ ! સ્વભાવ તો અનંત શક્તિવાળો છે પણ પરિણતિ પણ એવી શક્તિવાળી છે કે પોતે કર્તા થઈને શુદ્ધતાને પ્રગટ કરે છે. ધર્મની પરિણતિ કર્તા થઈને ધર્મના કાર્યને કરે છે. ધર્મની પરિણતિ જ ધર્મનું સાધન છે માટે પોતે 'કારણ' છે. ધર્મની પરિણતિ કરીને પોતે જ રાખે છે માટે પોતે 'સંપ્રદાન' છે. ધર્મની પરિણતિ પોતાથી થઈ છે માટે તે જ 'અપાદાન' છે. અને ધર્મની પરિણતિ પરિણતિના આધારે થઈ છે માટે તે 'અધિકરણ' છે.

ભાષા તો સાદી સરળ છે પણ મારગ બહુ ઝીણો છે પ્રભુ ! સર્વજ્ઞ પરમેશ્વરે તત્ત્વ જેવું જોયું છે તેવું જ આ ભગવાન જોઈ શકે છે. શુદ્ધ ષટ્કારકની પરિણતિ પોતાથી થાય છે તેને રાગની મંદતા હોય તો ધર્મની પરિણતિ થાય કે કર્મ માર્ગ આપે તો ધર્મની પરિણતિ થાય એવી કોઈ અપેક્ષા નથી.

શુદ્ધ અનંત શક્તિવાળા જ્ઞાનરૂપે પરિણમવાના સ્વભાવનો પોતે જ આધાર હોવાથી અધિકરણપણાને આત્મસાત્ કરતો સ્વયમેવ છ કારકરૂપ થતો હોવાથી પોતે 'સ્વયંભૂ' છે. ભગવાન આત્મા ષટ્કારકરૂપ પરિણતિમાં પોતે ષટ્કારકરૂપે થાય છે માટે સ્વયંભૂ છે. અથવા ઉત્પત્તિ અપેક્ષાએ દ્રવ્ય–ભાવભેદે ભિન્ન ઘાતિકર્મોને દૂર કરીને સ્વયમેવ આવિર્ભૂત થતો હોવાથી 'સ્વયંભૂ' કહેવાય છે. આ નિમિત્તથી સ્વયંભૂનું કથન કરવામાં આવ્યું છે. સર્વજ્ઞ પર્યાય પ્રગટ થાય છે ત્યારે દ્રવ્ય અને ભાવ આ બે પ્રકારના ઘાતિકર્મ સ્વયં દૂર થઈ જાય છે. દ્રવ્ય ઘાતિકર્મ તો જડ પરદ્રવ્ય છે તેની પર્યાય તો સ્વયં તેનાથી તે કાળે થાય છે અને ભાવઘાતિને ભગવાન નાશ કરે છે એ પણ કથનમાત્ર છે. ૩૪મી ગાથામાં સમયસારમાં આવે છે કે આત્માને રાગનો નાશ કરનારો કહેવો તે પણ નામમાત્ર છે. વીતરાગતા પ્રગટ થાય ત્યાં રાગ ઉત્પન્ન જ થતો નથી તેને રાગને એટલે કે ભાવઘાતિને દૂર કર્યો કહેવાય છે.

કથનો અનેક પ્રકારના હોય તેમાંથી સારતત્ત્વ શું છે તે જાણી લેવું જોઈએ.

આત્મા અતીન્દ્રિય આનંદની મૂર્તિ છે તે પોતાની પર્યાયમાં અતીન્દ્રિય આનંદની પરિણતિ પ્રગટે કરે તે પરિણતિ પોતે ષટ્કારકથી ઉભી થાય છે. પંચાસ્તિકાયની ૬૨ મી ગાથામાં તો ત્યાં સુધી કહ્યું કે પર્યાયમાં દયા–દાન–વ્રત–ભક્તિ–કામ-ક્રોધ આદિ વિકારનું પરિણમન થાય છે તે પણ તે પરિણતિના ષટ્કારકથી થાય છે તેને કોઈ નિમિત્તની અપેક્ષા નથી કે દ્રવ્ય-ગુણની અપેક્ષા નથી. એવો એ ષટ્કારકથી પરિણમતો વિકાર પરના હેતુ વિનાનો છે, અહેતુક, સત્ છે.

જ્યારે જીવ મિથ્યાત્વ અને રાગ–દ્વેષરૂપે પરિણમે છે તે પણ તે પરિણતિના ષટ્કારકથી પરિણમે છે. ધ્રુવમાં ષટ્કારક નથી. પરિણતિમાં ષટ્કારક છે તેને પરદ્રવ્યની અપેક્ષા નથી. કોઈ નિમિત્તની કે નિમિત્તના અભાવની અપેક્ષા નથી. વિકાર પણ આમ નિરપેક્ષ છે તો અહીં તો ભગવાન આત્માના લક્ષે નિર્મળ પરિણતી થાય છે તે નિરપેક્ષ છે એમ બતાવે છે. પરિણતિ પોતે કર્તા થઈને જ્ઞાનસાગર ભગવાન આત્માનું લક્ષ કરે છે તેમાં તેને કોઈ નિમિત્તની અપેક્ષા નથી. પરિણતિ જ કર્તા થઈને ઊભી થાય છે, કાર્ય પણ પરિણતિનું છે અને કારણ પણ પરિણતિમાં છે. પરિણતી પરિણતિ માટે થઈ છે માટે તે જ સંપ્રદાન છે. પરિણતિ દ્રવ્યથી કે નિમિત્તથી થઈ નથી, પોતાથી થઈ છે માટે અપાદાન પણ પોતે છે. પરિણતિ પોતાના આધારે જ થઈ છે માટે તે અધિકરણ છે.

આમ, ષટ્કારકને ભગવાન કુંદકુંદ આચાર્યદેવે સિદ્ધ કર્યાં ભગવાન આત્મા 'સ્વયંભૂ' છે તેમ તેની પરિણતી પણ પોતાથી ઉત્પન્ન થતી હોવાથી સ્વયંભૂ છે.

દ્રવ્યઘાતિકર્મ એટલે જ્ઞાનાવરણી, દર્શનાવરણી, મોહનીય અને અંતરાય કર્મ તથા ભાવઘાતિકર્મ એટલે જ્ઞાન, દર્શન, ચારિત્ર અને વીર્યની હીણી તથા વીપરીત પરિણતિ. આ બંને પ્રકારના ઘાતિકર્મને દૂર કરીને સર્વજ્ઞપર્યાય ઉત્પન્ન થાય છે એમ નિમિત્તથી કહેવાય છે.

અત્યારે તો દેશની સેવા કરો... પરની મદદ કરો, બીજાને આહાર–પાણી આપો તે જ ખરો ધર્મ છે એમ લોકો માનવા લાગ્યા છે. ધર્મનું સ્વરૂપ કોઈ જુદું છે, સૂક્ષ્મ છે એ ખબર નથી, એક–બીજા સંપ કરો, સાથે રહો.... અરે ભગવાન ! તારી પરિણતિ તારામાં અને બીજાની પરિણતિ બીજામાં. બીજાની પરિણતિને તું કેમ કરી શકે ? તેની પરિણતિનો કર્તા તે છે તેને બદલે તું એમ માને છે કે હું આને ધર્મ પમાડી દઉં.... સુખી કરી દઉં– એ તારી મિથ્યા માન્યતા છે.

પ્રશ્ન થાય કે તો આ પાઠશાળાઓ અને શિબિર શા માટે ? ભાઈ ! બીજાં જીવને સમજવાની પરિણતિ થાય તે તેનાથી થાય છે તેને શિક્ષક કરી દેતો નથી. એક વ્યક્તિ બીજાંને જ્ઞાન આપશે એવા અભિપ્રાયથી પાઠશાળા આદિ થતાં નથી. સામા જીવની જ્ઞાનની પરિણતિને નિમિત્તની કે તેના પોતાના દ્રવ્ય-ગુણની અપેક્ષા નથી. ઉપદેશક એમ માને કે હું ઉપદેશ આપું છું અને તેથી બીજાં જીવો ધર્મ પામે છે એ માન્યતા જૂઠી છે. આકરી વાત છે બાપુ !

શ્રી મોક્ષમાર્ગપ્રકાશકમાં શરૂઆતમાં જ કહ્યું છે કે અરિહંત ભગવાને જીવોને ઉપદેશ આપીને ઉપકાર કર્યો છે. તે નિમિત્તનું કથન છે. કોને કોણ ઉપકાર કરે ! સમકિત અને સમ્યગ્જ્ઞાનની પર્યાય તેના પોતાના ષટ્કારકથી ઉત્પન્ન થાય છે તેને બીજો જીવ કરાવી શકતો નથી.

આ તો ત્રણલોકના નાથ સર્વજ્ઞની દિવ્યધ્વનિ છે. તેનો આ સાર છે પ્રભુ ! સાક્ષાત્ ભગવાન તો દૂર મહાવિદેહમાં રહી ગયા. તેમને કુંદકુંદ આચાર્યે પોતાની પરિણતિથી સાંભળ્યા અને અહીં આવીને સંદેશ આપ્યો કે ત્રિલોકના નાથ આમ ફરમાવે છે. 'પ્રવચનસાર' એટલે 'દિવ્યધ્વનિનો સાર.'

સર્વજ્ઞપર્યાય પ્રગટ થાય છે ત્યારે દ્રવ્યકર્મોનો દૂર થવાનો કાળ છે માટે થાય છે અને અશુદ્ધતાનો પણ અભાવ થવાનો કાળ છે માટે થાય છે. સર્વજ્ઞસ્વભાવના લક્ષમાં કર્તા–કર્મપણે સર્વજ્ઞદશા ઉત્પન્ન થાય છે ત્યારે ભાવઘાતિની હીણી અને વીપરીતપર્યાય વ્યય થાય છે અને દ્રવ્યઘાતિકર્મ પણ અકર્મદશાને પામે છે તેથી

દ્રવ્ય અને ભાવઘાતિને દૂર કરીને આત્મા સ્વયમેવ આવિર્ભૂત થયો એમ કહેવાય છે. કથનશૈલીમાં વસ્તુને લેવી એ પણ ગજબ વાત છે.

અત્યારે તો બધી જગ્યાએ ચૌદ રાજલોકનો નકશો મૂકે છે અને નીચે લખાણ લખેલું હોય કે જીવો પરસ્પર એકબીજાંને ઉપકાર કરે છે. એટલે લોકો રાજી થાય કે આપણી ઉપર બીજાં ઉપકાર કરે અને આપણે બીજાં ઉપર ઉપકાર કરીએ તો લાભ થાય. પણ વસ્તુનું સ્વરૂપ એવું નથી.

દ્રવ્ય અને ભાવઘાતિકર્મ દૂર થાય છે અને સર્વજ્ઞપર્યાય સ્વયં આવિર્ભૂત થાય છે. તે જ્ઞાનનો પોતાનો સ્વ-પર-પ્રકાશક સ્વભાવ હોવાથી સર્વને જાણે છે તેને જ્ઞેયની અપેક્ષા નથી. લોકાલોક છે માટે સર્વજ્ઞપર્યાય ઊભી થઈ એમ નથી. અને કેવળજ્ઞાન પહેલાંની મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યાય પર્યાયનો વ્યય થયો માટે સર્વજ્ઞદશા ઉત્પન્ન થઈ-એમ પણ નથી. પોતે જ પૂર્વની પર્યાયનો વ્યય કરીને ઉત્તર પર્યાયનો ઉત્પાદ કર્યો છે. તે પર્યાયનો આધાર ધ્રુવ છે. ધ્રુવ ઉપાદાન તો ત્યાં રહેલું છે તેના આધારે નવી પર્યાય સ્વયં આવિર્ભૂત થાય છે માટે તેને 'સ્વયંભૂ' કહેવાય છે.

મનુષ્યગતિ અને વજ્રનારાચસહંનન હોય ત્યારે જ કેવળજ્ઞાન થાય એ વાત સાચી પણ તેનો અર્થ એવો નથી કે મનુષ્યગતિના કારણે કેવળજ્ઞાન થયું કે વજ્રનારાચસંહનનથી કેવળજ્ઞાન થાય છે. મનુષ્યભવ કે વૃજનારાચસંહનનના કારણે કેવળજ્ઞાન થતું નથી.

આથી એમ કહ્યું કે-નિશ્ચયથી પરની સાથે આત્માને કારકપણાનો સંબંધ નથી, કે જેથી શુદ્ધાત્મસ્વભાવની પ્રાપ્તિને માટે સામગ્રી (-બાહ્ય સાધનો) શોધવાની વ્યગ્રતાથી જીવો (નકામા) પરતંત્ર થાય છે.

મનુષ્યપણું, સામે કેવળીનો યોગ, વજ્રનારાચસંહનન એ બધાં બાહ્યસાધનો છે તેને શોધવાની વ્યગ્રતા કરવાની જરૂર નથી. અથવા રાગ ઘણો મંદ કરું તો સર્વજ્ઞદશા થાય કે દેવ-શાસ્ત્ર-ગુરુની ખૂબ ભક્તિ કરું, સ્મરણ કરું, પૂજા કરું તો સર્વજ્ઞદશા થાય એવી બાહ્યસામગ્રી કે શુભરાગથી ધર્મ થવાની બુદ્ધિ કરવી રહેવા દેજે ભાઈ ! સારા નિમિત્તો મળે તો મને ધર્મ થાય કે દેવ-ગુરુ મળે તો ધર્મ થાય કે ખૂબ શાસ્ત્રો વાંચી લઉં તો ધર્મ થાય એવી વ્યગ્રતા કરીને પરતંત્ર ન થઈશ. જીવો બાહ્યસાધનની શોધની આકુળતા કરે તેનાથી ધર્મ કેમ થાય !

શ્રોતાઃ-તો અમારે કરવું શું ?

પૂજ્ય ગુરુદેવ :—અંદરમાં આત્મા તરફ પરિણતિ કરવી. ષટ્કારકરૂપે પરિણમીને થતી પરિણતિથી તે કાર્ય થાય છે તેને બીજાંની અપેક્ષા નથી. અરે ! પોતાની જ પૂર્વ પર્યાયની પણ તેને અપેક્ષા નથી. પૂર્વ પર્યાયમાં મોક્ષમાર્ગ હતો માટે સર્વજ્ઞદશા પ્રગટ થાય છે—એમ નથી. તે સમયની પરિણતિનો તે કાળ જ હતો તે ષટ્કારકની પરિણતિથી ઉત્પન્ન થાય છે.

આવો મારગ છે બાપુ ! ભાંગ્યશાળીને આવી વાત સાંભળવા મળે. ભગવાનના તો અહીં વિરહ પડ્યાં, મહાવિદેહમાં ભગવાન છે તે તો દૂર રહી ગયા પણ ભગવાનની વાણી અહીં રહી ગઇ. ભગવાન કહે છે કે તારે સર્વજ્ઞદશા કે ધર્મદશા પ્રગટ કરવા માટે મારી જરૂર નથી. તારું સ્વરૂપ સ્વતંત્ર છે પ્રભુ ! નિમિત્તથી તારું કાર્ય થતું નથી.

ભાવાર્થ:—કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન, અપાદાન અને અધિકરણ—આ છ કારકોના નામ છે. દ્રવ્યમાં આ છ કારકો ધ્રુવપણે પડ્યા છે અને આ પરિણમનના છ કારકો છે. દ્રવ્યને કર્તા કહેવો તે નિમિત્તમાત્ર છે. અમિતગતિ આચાર્યદેવે કહ્યું છે કે વિકારના પરિણામમાં જીવ નિમિત્ત છે તેમ નિર્મળ પરિણતિમાં પણ જીવ નિમિત્ત છે. નિર્મળ પરિણતિના ઉપાદાનના ષટ્કારક સ્વતંત્ર છે. વિકારી પરિણામમાં દ્રવ્ય નિમિત્તમાત્ર છે, દ્રવ્યથી વિભાવ પરિણામ થતાં નથી તેમ સમ્યગ્દર્શન આદિ નિર્મળ પરિણતિ થવામાં પણ દ્રવ્ય નિમિત્તમાત્ર છે, ઉપાદાન નથી.

સર્વજ્ઞપણું લોકાલોકના કારણે થતું નથી. આ વિષે તો ૮૩ની સાલમાં મોટી ચર્ચા થઇ ગઇ. લોકાલોક છે માટે સર્વજ્ઞની પર્યાય છે એમ બિલકુલ નથી. જ્ઞાનની પર્યાય પોતાના કારણે સ્વતંત્ર ઊભી થાય છે.

અહીં આ ક્રિયાના કારકની વાત ચાલે છે. દ્રવ્ય-ગુણના કારક તો ધ્રુવ છે તેમાં પરિણમન નથી—બદલવું નથી.

લોકોને આ આકરું લાગે, નિશ્ચયાભાસ જેવું લાગે...વ્યવહારને ઉડાવી દે છે એમ લાગે. પણ ભાઇ ! વ્યવહાર નથી એમ નથી. વ્યવહાર તો છે પણ તેનાથી નિશ્ચયનું કાર્ય થતું નથી એમ કહીએ છીએ.

# 'બહેનશ્રીનાં વચનામૃત' વિશે પૂજ્ય ગુરુદેવશ્રીનાં ઉદ્‍ગારો

- જગતના ભાગ્ય કે આવી સત્ય વાત બહાર આવી.
- શબ્દો ટૂંકા છે પણ ભાવ બહુ ઊંચા છે.
- ભાષા મીઠી છે, સાદી છે પણ ભાવો ઊંડા ને ગંભીર છે.
- આ બેનના વચનામૃતો ૪૩૨ બોલ છે. એક એક બોલ અમૂલ્ય છે, પણ સમજવા માટે તૈયારી જોઈએ.
- ટૂંકામાં બહુ સરળ ભાવ ભર્યા છે.
- આ તો અમૃતધારાનો વરસાદ છે.
- ભાષા તો સાદી આવી છે પણ અંદર ભાવ ઘણા ઊંડા છે. બેનના અનુભવમાંથી અંદરથી આવેલી વાત છે. આ કોઈ ગોખી રાખેલી-ધારી રાખેલી વાત નથી.
- હજુ તો લોકો વાંચશે વિચારશે ત્યારે એની મહત્તાની ખબર પડશે કે આમાં કેટલું ભર્યું છે ?
- બેનની વાણી આવી છે તે સાર સાર તત્ત્વથી ભરેલી આવી છે. તત્ત્વદૃષ્ટિ ને અંતર અનુભવથી આવેલ વાણી છે.
- આહાહા ! બેનની દશાની તો શી વાત ! પણ એની નમ્રતા ને વિનયની પણ શી વાત ! 'અરે! અમે 'આત્મા' બોલતા શીખ્યા હોઈએ તોપણ અહીંથી શીખ્યા છીએ,'—એમ બેન કહે છે.
- શબ્દો થોડા પણ ભાવ ઘણા ઊંચા છે.
- શબ્દો ભલે થોડા પણ ગંભીરતાનો પાર નહીં.
- આ બેનના વચનો છે એ અનંત જ્ઞાનીના વચનો છે.
- બેન મહાવિદેહમાંથી આવ્યા છે તેના અનુભવની આ વાણી છે.
- બેનનું પુસ્તક વાંચીને લોકો બહુ ખુશી થાય છે. ખરે ટાણે પુસ્તક બહાર આવી ગયું છે. લોકોના ભાગ્ય છે કે આવું સરળ ને સાદી ભાષામાં છતાં ગંભીર પુસ્તક બહાર આવી ગયું છે.

*

# આત્મસંપદા તે અમારો વિષય છે

("બહેનશ્રીનાં વચનામૃત" ઉપર પરમ ગુરુદેવશ્રીનું પ્રવચન)

[પ્રવચન નં. ૧૦]

૧૮૫ મો બોલ ચાલે છે, ફરીને થોડું લઈએ.

મુનિરાજ કહે છે કે : ચૈતન્યપદાર્થ પૂર્ણતાથી ભરેલો છે તેની અંદરમાં જવું અને આત્મસંપદા પ્રાપ્ત કરવી એટલે જ્ઞાન, આનંદ, શાંતિ, પ્રભુતા, વિભુતા વગેરે અનંત આત્મસંપદાને પ્રાપ્ત કરવી તે અમારો વિષય છે. ક્રિયાકાંડ કરવા એ અમારો વિષય નથી. ક્રિયાકાંડ સ્વયમ્ આવી જાય છે પણ તે કાંઈ અમારો વિષય નથી, આત્મસંપદા તે અમારો વિષય છે. તેમાં ઠરી જવું તે અમારું કામ છે.

ચૈતન્યમાં સ્થિર થઈને અપૂર્વતાની પ્રાપ્તિ ન કરી, અવર્ણીનીય સમાધિ પ્રાપ્ત ન કરી તો અમારા વિષયને અમે પ્રગટ ન કર્યો. ચૈતન્યમાં સ્થિરતા અને સમાધિ મુનિનો વિષય છે, બહારમાં કાંઈ કરવાનું નથી, અંદરમાં ઠરવાનું છે પણ ઠરે કયારે ? –કે આખી વસ્તુનું જ્ઞાનમાં ભાવભાસન હોય તો ઠરી શકે. મુનિરાજ છઠ્ઠા–સાતમા ગુણસ્થાને ઝૂલે છે છતાં ઉપયોગ બહાર આવે છે તે અમારી દીનતા છે. કેવળીની જેમ સ્વરૂપ-સ્થિરતા નથી એટલી દીનતા છે એમ મુનિ પોતે પોતાની દીનતા વર્ણવે છે.

મુનિનો ઉપયોગ બહાર આવે છે ત્યારે દ્રવ્ય-ગુણ-પદાર્થના વિચારમાં રોકાય છે. દ્રવ્ય ત્રિકાળી વસ્તુ, ગુણ એટલે વસ્તુનું સત્વ અને પર્યાય એટલે વસ્તુની વર્તમાન દશા તેનું સ્વરૂપ વિચારે છે કે દ્રવ્ય તો ત્રિકાળ એકરૂપ અભેદ વસ્તુ છે તેમાં ગુણના ભેદ પણ નથી અને પર્યાયનાં ભેદ પણ નથી એવી અભેદ ચીજ છે. જ્ઞાન, દર્શન, આનંદ, સુખ, વીર્ય આદિ ગુણ છે અને દ્રવ્યનું પરિણમવું તે પર્યાય છે.

શ્રી પદ્મપ્રભમલધારીદેવ મુનિ છે તે પોતાની દીનતા બતાવતાં નિયમસારના (૨૦૦માં) કળશમાં કહે છે કે આનંદ સ્વરૂપ આત્મામાં ઠરવું એ જ અમારો વિષય છે પણ અરે ! અમે અસ્થિરતા વશ બહાર આવી જઈએ છીએ તો વિશેષ બહાર નહિ જતાં, સ્વરૂપના વિચારમાં ઉપયોગ લગાવીએ છીએ પરંતુ એ પણ રાગ અને વિકલ્પ છે. શ્રી નિયમસારમાં ૧૪૫ ગાથામાં કહયું છે કે જે મુનિનું ચિત્ત દ્રવ્ય–ગુણ પર્યાયની ચિંતા વિષે જોડાયેલું છે તેને પણ ભગવાન 'અન્યવશ' કહે છે.

**જે ચિત્ત જોડે દ્રવ્ય–ગુણ–પર્યાયની ચિંતા વિષે,**
**તેનેય મોહવિહીન શ્રમણો અન્યવશ ભાખે અરે!**

આ પોતાના દ્રવ્ય–ગુણ–પર્યાયના વિચારની વાત છે હો. બીજાના દ્રવ્ય–ગુણ–પર્યાયના વિચાર તો વિકલ્પ છે જ પણ પોતાના વિચાર પણ રાગના ખાતામાં જાય છે ત્રણલોકના નાથનો વિચાર પણ રાગ છે. ત્રણલોકના નાથ ઉપર દૃષ્ટિ જાય તો શુભરાગ છે, પરવશપણું છે, તે મુનિનું આવશ્યક નથી, અનાવશ્યક છે. મુનિને જરૂરીયાતવાળી એ ક્રિયા નથી. મુનિને તો ધ્રુવ જ્ઞાયકમાં ઠરી રહેવું તે 'આવશ્યક' છે, જરૂરી કર્તવ્ય છે.

શ્રી નિયમસારના ટીકાકાર મુનિરાજ કહે છે કે ધ્રુવ જ્ઞાયકમાં રહેવું તે જ અમારો વિષય છે પણ તેમાં ન રહી શકાય ત્યારે દ્રવ્ય, ગુણ, પર્યાયના વિચાર આવે છે તે અનાવશ્યક છે, આવશ્યક નથી. અરે ! આ છેલ્લામાં છેલ્લી હદની વાત છે. બીજાં રાગ તો સ્થૂળ છે પણ દ્રવ્ય, ગુણ, પર્યાયનો વિચાર એ પણ સૂક્ષ્મ રાગ છે, વિકલ્પ છે, તેમાં રોકાવું થાય છે તે અમારી નબળી દશા છે, ઉગ્ર દશા નથી, નિર્મળ દશા નથી. તે અમારો વિષય નથી. આહાહા ! ગજબ વાત છે. દ્રવ્ય, ગુણ અને પર્યાય એ ત્રણ અમારા વિષય નથી. અમારો વિષય તો એક અભેદ આત્મામાં ઠરી જવું તે છે પણ અરે ! ખેદ છે કે અમે અંતર્મુહૂર્તથી વધારે તેમાં ટકી શકતાં નથી. ઉપયોગ બહાર આવી જાય છે એ અમારું 'અન્યવશપણું' છે, અનાવશ્યક છે, સૂક્ષ્મ ભૂલ છે.

અહા ! મુનિને ધન્ય છે. છેલ્લી ટોચની વાત કરી છે. ચૈતન્યના અતીન્દ્રિય આનંદમાં જ ટકી રહેવાને બદલે એક વસ્તુના ત્રણ ભેદમાં રોકાવું થાય છે, રાગમાં રોકાવું થાય છે તે અમારો વિષય નથી. પ્રભુ ! આવું તારું સ્વરૂપ છે. બેનના અંતરમાંથી સહજ આ વાણી આવી ગઇ છે. આ તો બેનું-દીકરીયુંએ લખી લીધું એટલે બહાર આવ્યું. બેનને તો બહારની કાંઇ પડી નથી.

અહા ! મુનિપણુ આવ્યું એટલે ત્રણકષાયનો અભાવ થઇ ગયો છે. ક્ષણે ને પળે છઠ્ઠા–સાતમા ગુણસ્થાનમાં ઝૂલે છે છતાં કહે છે કે અમે અમારાં વિષયમાં રહી શકતા નથી. કેવી એ દશા ! ધન્ય કાળ ! ધન્ય અવસર ! ષટ્ખંડાગમમાં કહયું છે કે મુનિને મોક્ષ પામતાં પહેલાંનાં એટલે કે મુનિપણાના છેલ્લાં અંતર્મુહૂર્તમાં હજારો વાર છઠ્ઠુ–સાતમુ ગુણસ્થાન આવે છે.

અમારો વિષય તો એક અભેદ જ્ઞાયક છે. એ અમારું ધામ છે, એ અમારું

સ્થાન-ક્ષેત્ર છે, એ જ અમારી સંપદા–ઋદ્ધિ છે, તેમાં નિર્વિકલ્પપણે ઠરી જવું એ અમારું કર્તવ્ય છે, એ અમારું આવશ્યક છે. દ્રવ્ય–ગુણ–પર્યાયના વિચાર આવે તે અમારું આવશ્યક છે. દ્રવ્ય-ગુણ-પર્યાયના વિચાર આવે તે અમારું આવશ્યક નથી. પણ પૂર્ણદશા પ્રગટ નથી કરી ત્યાં સુધી એ વિચાર આવ્યા વગર રહેવાના નથી. આમ, મુનિ પોતાની પામરતા બતાવે છે.

જુઓ! અહીં દ્રવ્ય–ગુણ–પર્યાયના ભેદના વિચારને પણ વ્યવહારનય કહ્યો છે. ગજબ છે ને! વસ્તુ તો હાજરાહજૂર છે, સમ્યકદર્શન છે, જ્ઞાન છે, આનંદ છે પણ ભગવાન જેવી પૂર્ણદશા નથી તેથી વિકલ્પ આવે છે તે, મુનિ કહે છે કે અમારો વિષય નથી. મુનિની દશા આવી છે. પંચમહાવ્રતાદિ તો કાંઈ વસ્તુ જ નથી પણ દ્રવ્ય–ગુણ–પર્યાયના વિચાર એ પણ અમારો વિષય નથી. પરના દ્રવ્ય, ગુણ નહિ પણ, પોતાના દ્રવ્ય, ગુણ, પર્યાયનો વિચાર એ પણ વિકલ્પ છે, અનાવશ્યક છે.

આત્મામાં તો નવીનતાઓનો ભંડાર છે. અરેરે! તેનો અનુભવ કરતાં કરતાં બહાર આવી જવાય છે. ચૈતન્યચમત્કારનું તો શું કહેવું! તે નવીનતાના ભંડારનો પાર તો કેવળી જ પામી શકે. છદ્મસ્થ ન પામી શકે. અનંતકાળમાં જે નથી પામ્યો એવી જ્ઞાન, આનંદ, સ્વચ્છતા, શાંતિ, વીતરાગતા આદિ અનંત નવીનતાઓનો ભંડાર ભર્યો છે. મુનિને આ નવીનતા પ્રગટ તો થઈ છે પણ તેમાં વિશેષતા અને પૂર્ણતા નથી તેથી મુનિ કહે છે કે ભેદજ્ઞાનના ક્ષણ ક્ષણના ઊંડા અભ્યાસ વડે જો આ નવીનતા–અપૂર્વતા પ્રગટ ન કરી તો મુનિપણામાં જે કરવાનું હતું તે અમે ન કર્યું. શું એમની નમ્રતા–શું નર્માશ! દ્રવ્ય–ગુણ–પર્યાય સંબંધી વિચાર પણ આવશ્યક નથી–જરૂરિયાતવાળો ભાવ નથી– અનાવશ્યક છે. અમારે જે આવશ્યક છે તે અમે ન કર્યું તો અમે શું કર્યું! અંદર વસ્તુમાં જામી જવાનું અમારું કાર્ય હતું તે અમે ન કર્યું સમયે સમયે અપૂર્વ ચમત્કાર પ્રગટ ન કર્યો તો અમે કાંઈ ન કર્યું એમ મુનિને લાગે છે.

આ બોલની ચાર લાઈન બાકી હતી તે પૂરી કરી. હવે ૧૯૩ મો બોલ—

સમ્યગ્દૃષ્ટિ જીવ જ્ઞાયકને જ્ઞાયક વડે જ પોતામાં ધારી રાખે છે, ટકાવી રાખે છે, સ્થિર રાખે છે–એવી સહજદશા હોય છે.

સમ્યગ્દૃષ્ટિ જીવને તેમ જ મુનિને ભેદજ્ઞાનની પરિણતિ તો ચાલુ જ હોય છે. સમ્યગ્દૃષ્ટિ ગૃહસ્થને તેની દશાના પ્રમાણમાં ઉપયોગ અંતરમાં જાય છે તેમ જ બહાર આવે છે. મુનિરાજને તો ઉપયોગ બહુ ઝડપથી વારંવાર અંદર ઉતરી

જાય છે. ભેદજ્ઞાનની પરિણતિ—જ્ઞાતાધારા બંનેને ચાલુ જ હોય છે. તેમને ભેદજ્ઞાન પ્રગટ થયું ત્યારથી પુરુષાર્થ વિનાનો કોઈ કાળ હોતો નથી. અવિરત સમ્યગ્દૃષ્ટિને ચોથા ગુણસ્થાન પ્રમાણ અને મુનિને છઠ્ઠા—સાતમા ગુણસ્થાન અનુસાર પુરુષાર્થ વર્ત્યા કરે છે. પુરુષાર્થ વિના કાંઈ પરિણતિ ટકતી નથી. સહજ પણ છે, પુરુષાર્થ પણ છે.

સમ્યગ્દૃષ્ટિ જીવ, જ્ઞાયકને જ્ઞાયક દ્વારા જ પોતામાં ધારી રાખે છે. આ મૂળ ચીજ છે. ચોથા ગુણસ્થાનવાળા સમ્યગ્દૃષ્ટિ જીવની આ વાત છે પાંચમા ગુણસ્થાનમાં તો વિશેષ નિર્મળતા હોય છે અને મુનિને તો વાત જ શી ! છતાં મુનિરાજ એમ પોકાર કરે છે કે સત્‌નું સત્વ પ્રગટ થાય તેમાં નવીનતા શી છે ! એ તો અમારું કાર્ય છે એ અમે ન કર્યું તો કાંઈ નથી કર્યું એવી પામરતા મુનિ બતાવે છે અને કોઈ સાધારણ જીવને થોડું કરે ત્યાં ઘણું લાગે છે અને અભિમાન આવી જાય છે. પણ ભાઈ ! તે શું કર્યું ! કેવળજ્ઞાન થાય તે પણ નવીન નથી, સ્વભાવ હતો તે પ્રગટ થાય તેમાં નવીનતા શી ! તો તું તો ક્યાં રોકાયો !

આ સત્ય સાંભળવા ન મળ્યું હોય તે જ્યાં ત્યાં રોકાઈ જાય છે.

શ્રી મોક્ષમાર્ગપ્રકાશકમાં બનારસીદાસજીએ ચિઠ્ઠીમાં લીધું છે કે બધાં જ્ઞાનીને ઉદય એક સરખો હોતો નથી. અનેક પ્રકારના જુદાં જુદાં ઉદયો હોય છે. બેન તો જાણે મડદાં છે મડદા ! અંદરનો ભાવ સરખો હોય પણ ઉદયમાં ફેર હોય. અહીં કહે છે જ્ઞાયકને જ્ઞાયક દ્વારા જ, કોઈ ભેદ કે વિકલ્પ દ્વારા નહિ પણ પર્યાયમાં જ્ઞાયકનાં લક્ષે જ્ઞાયકને ધારી રાખે છે. ભલે તે પર્યાય છે પણ તેનું લક્ષ જ્ઞાયક ઉપર છે, રાગ કે નિમિત્ત ઉપર તેનું લક્ષ નથી. પરિણમન તો પર્યાયમાં છે, જ્ઞાયકમાં પરિણમન નથી પણ પર્યાયની દૃષ્ટિ જ્ઞાયક ઉપર છે.

આ તો ભાગ્ય હોય તેને કાને પડે તેવી વાત છે. જૈનનો મૂળ મારગ આ છે તે સાંભળો ! કેવી રીતે સાંભળો ? અખંડની સન્મુખ વૃત્તિને સ્થિર કરીને સાંભળો.

**'મૂળ મારગ સાંભળો જિનનો રે, કરી વૃત્તિ અખંડ સન્મુખ'**

શ્રીમદ્ તો એકાવતારી થઈ ગયાં. એક ભવ કરીને ચોક્કસ મોક્ષ પામશે તેમાં કાંઈ ફેર નથી. વર્તમાનમાં વૈમાનિક સ્વર્ગમાં છે. તેમણે આ પદ લખ્યું છે.

સમ્યગ્દૃષ્ટિ જ્ઞાયકને જ્ઞાયક દ્વારા જ એટલે કે દ્રવ્યને દ્રવ્યના અવલંબન દ્વારા દ્રવ્યમાં ધારી રાખે છે. કાર્ય પર્યાય કરે છે પણ અવલંબન દ્રવ્યનું છે, કાંઈ ક્રિયા કે શુભરાગનું અવલંબન નથી.

આ વાત ઝીણી પડે એટલે લોકોને એમ લાગે કે અહીં તો એકલા નિશ્ચયની વાત છે, એકાંત છે, વ્યવહારની વાત નથી. પણ ભાઈ ! આ બોલવું, ભેદો પાડવા, તેનું સ્વરૂપ સમજાવવું એ બધું વ્યવહાર જ છે ને ! વ્યવહાર નથી એમ નથી. વ્યવહાર આદરણીય નથી પણ વ્યવહાર છે ખરો.

જ્ઞાયકને જ્ઞાયક દ્વારા જ સમ્યગ્દૃષ્ટિ પોતામાં ધારી રાખે છે. જ્ઞાયક એટલે ત્રિકાળ દ્રવ્ય ભગવાન કે જે સનાતન સત્ય મહાપ્રભુ છે. જ્ઞાયકને ગુણ તરીકે કહો તો જ્ઞાયકભાવ કહેવાય છે. એ મૂળ તો પરિણામિક ભાવ છે પણ, પરિણામિક ભાવ તો છએ દ્રવ્યમાં છે તેથી જીવના પરિણામિક ભાવને જ્ઞાયકભાવ કહ્યો છે. ત્રિકાળી પારિણામિક ભાવને પરિણામિક ભાવ દ્વારા જ જ્ઞાની પોતામાં ધારણ કરી રાખે છે, ટકાવી રાખે છે. જ્ઞાયક જ્ઞાયકભાવે ટકેલો રહે છે તેથી તો પર્યાયમાં આનંદ આવે છે. આવી દશા જ્ઞાનીને સહજ હોય છે.

સમ્યગ્દૃષ્ટિ તથા મુનિને પ્રથમ જ ભેદજ્ઞાન તો થયું છે અને ભેદજ્ઞાનની પરિણતિ તો નિરંતર ચાલુ જ છે. ક્ષણે ક્ષણે સ્વભાવ-સન્મુખનો પુરુષાર્થ ચાલે જ છે. અંતરમાં આનંદ તરફનો ઝુકાવ થઈ જ રહ્યો છે કેમ કે એ તો જ્ઞાનીની દશા જ છે. સમ્યગ્દૃષ્ટિને તેની દશા અનુસાર ઉપયોગ અંતરમાં જાય છે, શ્રાવકને તેની દશાના પ્રમાણમાં ઉપયોગ અંતરમાં જાય છે, મુનિની જેટલો ઉપયોગ અંતરમાં જતો નથી. મુનિને તો ક્ષણે ઉપયોગ અંતરમાં અને ક્ષણમાં બહાર, વળી ક્ષણમાં અંતરમાં એમ વારંવાર ઉપયોગ અંતરમાં જાય છે. પંચમગુણસ્થાનવાળા શ્રાવકને કોઈવાર અંતર્મુહૂર્તમાં ધ્યાન લાગી જાય છે તો કોઈ વાર મહિનો પણ ચાલ્યો જાય. મુનિ જેવી તેની દશા ન હોય. સાચા ભાવલિંગની મુનિને તો શીઘ્રતાથી ઉપયોગ નિર્વિકલ્પ થઈ જાય છે. ક્ષણમાં છઠ્ઠામાંથી સાતમાં ગુણસ્થાનમાં આવી જાય છે.

મુનિની દશા આવી છે. પરમાત્મા ત્રિલોકીનાથનો પંથ કોઈ જુદો છે.

મુનિ હો કે સમકિતી હો બંનેને ભેદજ્ઞાનની ધારા તો નિરંતર ચાલુ જ હોય છે, ચાલુ જ રહે છે. દુનિયા બહારથી ભલે ગમે તે રીતે માને અને મનાવે પણ માર્ગ તો આવો છે ભાઈ !

કોઈ ત્યાગીએ એકવાર પ્રશ્ન કર્યો હતો કે ઉદ્દેશિક આહાર બાબત આપ ખુલાસો કરો. ગૃહસ્થો મુનિ માટે આહાર બનાવે અને આપે તેમાં મુનિને કાંઈ કરવા કે કરાવવાનો દોષ નથી એમ આપ જાહેર કરો. કીધું કે ભાઈ ! ભગવાનનો વિરહ પડયો છે અને પાછળથી એ વાત ન ચલાવાય પ્રભુ ! અમે તો ક્ષુલ્લક પણ જો તેને માટે બનાવેલો આહાર લે છે તો તેને ક્ષુલ્લક માનતા નથી તો મુનિને

માટે તો કેમ મનાય ! આહાર લેનાર ભલે કરતા નથી, કરાવતાં નથી પણ તેને માટે બનાવેલો આહાર લે છે તેમાં તેની અનુમોદના આવી જાય છે તેથી ઉદ્દેશિક આહાર લેવામાં અનુમોદનની કોટી તૂટે છે અને જ્યાં એક કોટી તૂટે ત્યાં નવેય કોટી તૂટી જાય છે.

અમે તો દીક્ષા લીધા પહેલાં ૬૯-૭૦ ની સાલમાં ગુરુને પ્રશ્ન કર્યો હતો કે સાધુ માટે બનાવેલો આહાર સાધુ લે તો કઇ કોટી તૂટી છે ! તો ગુરુએ તો જવાબ આપ્યો કે તમારા ભાઈ તમારા માટે મકાન બનાવે અને તમે તેમાં રહો તેમાં કાંઇ દોષ નથી પણ, મારે તો અંતરમાંથી જ જવાબ આવતો હતો કે પોતાના માટે બનાવેલો આહાર કે મકાન સાધુ વાપરે તો તેમાં અનુમોદન આવી જ ગયું. તે સાધુ માટે દોષરૂપ છે. એક કોટી તૂટે ત્યાં મન, વચન, કાયાથી કરવું કરાવવું અને અનુમોદવું તેની નવેય કોટી તૂટતી હોવાથી તે સાધુ ન કહેવાય.

અહીં બેન કહે છે કે ભેદજ્ઞાન પ્રગટ થાય ત્યારથી ધર્મીને ભેદજ્ઞાનની પરિણતિ અર્થાત્ જ્ઞાતાધારા નિરંતર ચાલુ જ હોય છે. સમ્યગ્દર્શન થયું ત્યારથી કોઇ કાળ પુરુષાર્થ વિનાનો હોતો નથી. પોતાનું વીર્ય સહજપણે સ્વરૂપ સન્મુખ જ કાર્ય કરે છે. હું પુરુષાર્થ કરું કરું એવો વિકલ્પ કરવો પડતો નથી, પુરુષાર્થ સહજપણે ચાલે જ છે. મુનિને છઠ્ઠા-સાતમા ગુણસ્થાન અનુસાર વિશેષ પુરુષાર્થ વર્તે છે અને સમ્યગ્દૃષ્ટિને ચોથા ગુણસ્થાન અનુસાર પુરુષાર્થ તો ચાલુ જ રહે છે પુરુષાર્થ વિના પરિણતિ ટકતી નથી. પુરુષાર્થ વર્ત્યા જ કરે છે.

પર્યાયમાં વસ્તુ પ્રગટ થઇ તે સહજ પણ છે અને તેમાં પુરુષાર્થ પણ છે. પોતાનું સ્વાભાવિક પરિણમન છે માટે સહજ છે અને પુરુષાર્થની ધારા પણ વર્તે જ છે તેથી પુરુષાર્થ પણ છે. જેટલી પરિણતિ થઇ ગઇ છે તેને માટે અલગ પુરુષાર્થ કાંઇ કરવો પડતો નથી પણ જે પરિણતિ થઇ નથી તેને પ્રગટ કરવા માટે સ્વભાવ-સન્મુખનો પુરુષાર્થ ધર્મીને હોય જ છે.

હવે ૧૯૭ મો બોલ લેવાનો છે. બહુ મોટો બોલ છે.

પ્રજ્ઞાછીણી શુભાશુભભાવ અને જ્ઞાનની સૂક્ષ્મ અંતઃસંધિમાં પટકવી. ભગવાન આત્મા અને રાગના સૂક્ષ્મ વિકલ્પ વચ્ચે સંધિ છે, તડ છે, બંને એક નથી શ્રી સમયસારમાં આ શ્લોક છે કે ચૈતન્યમૂર્તિ પ્રભુ અને રાગના કણ વચ્ચે સાંધ છે તે સાંધમાં પ્રજ્ઞાછીણીને પટકવી રાગ અને જ્ઞાન ભિન્ન છે તેની વચ્ચે સૂક્ષ્મ સાંધ છે. ઉપયોગને બરાબર સાવધાન કરીને તે સાંધમાં પ્રજ્ઞાછીણી મારવાથી જ્ઞાન અને રાગ જુદા પડી જાય છે. *

# સ્વવશ મુનિ જિનેશ્વરથી કિંચિત્ ન્યૂન છે

જે જીવ અન્યવશ છે તે ભલે મુનિવેશધારી હોય તોપણ સંસારી છે, નિત્ય દુઃખનો ભોગવનાર છે; જે જીવ સ્વવશ છે તે જીવન્મુક્ત છે, જિનેશ્વરથી કિંચિત્ ન્યૂન છે (અર્થાત્ તેનામાં જિનેશ્વરદેવ કરતાં જરાક જ ઊણપ છે).

—શ્રી પદ્મપ્રભમલધારીદેવ

જે જીવ અન્યવશ છે એટલે કે ભગવાન આત્માને વશ નથી, અતીન્દ્રિય જ્ઞાનના સાગર પ્રભુને વશ નથી તે ભલે નગ્નવેશધારી હોય, પંચમહાવ્રતાદિ પાળતો હોય તોપણ સંસારી જ છે. કેમ કે રાગ છે તે સંસાર છે. તેથી મુક્તભાવનું અવલંબન મૂકીને બંધભાવનું અવલંબન લ્યે છે તે ભલે જૈન મુનિ હોય પણ તે સંસારી જ છે. તે નિત્ય દુઃખનો ભોગવનાર છે. સંયોગો પ્રતિકૂળ છે એ કાંઈ દુઃખ નથી પણ તેના તરફનું વલણ થઈને સ્વભાવનું વલણ છોડે એ દુઃખ છે. આનંદના સાગરનું અવલંબન છોડીને પછી ભલે નગ્નવેશધારી મુનિ હોય તોપણ દુઃખને ભોગવનારો જ છે, સંસારી જ છે.

પંચમહાવ્રતાદિ પાળે પણ ચૈતન્યસ્વરૂપ ભગવાનને વેદતો નથી ને રાગને વેદે છે તે સંસારી છે. રાગ પોતે સંસાર છે તેથી રાગને વેદનારો સંસારી છે. એકકોર ભગવાન આત્મા અને એકકોર પુદ્‌ગલથી માંડીને આખો સંસાર, એમાં ભગવાન આત્માને છોડીને કયાંય પણ પ્રેમ રાખે તે સંસારી છે.

સ્વવશ છે તે સુખી છે ને રાગથી માંડીને જગતની કોઈ પણ ચીજને વશ છે તે પરવશ જીવ દુઃખી છે.

નિર્વિકલ્પને વશ છે તે સ્વવશ છે, વિકલ્પને વશ-રાગને વશ છે તે પરવશ છે. જે જીવ સ્વવશ છે તે જીવન્મુક્ત છે. જે કોઈ અતીન્દ્રિય આનંદ સ્વભાવની સન્મુખ થઈ ને સ્વવશ થયો છે તે જીવન્મુક્ત છે, અને તે જીવ વીતરાગથી કાંઈક જ ન્યૂન છે. જિનેશ્વર પરમેશ્વરથી સ્વવશ મુનિ કિંચિત્ ન્યૂન છે. અર્થાત્ સ્વવશ મુનિમાં જિનેશ્વર કરતાં જરાક જ ઊણપ છે.

*

# ભૂલ્યા...ભટક્યા ને ભગવાન બન્યા...

## રાજા ઈન્દ્રનો પરાજય, વૈરાગ્ય અને નિર્વાણગમન

રથનપુરનો વિદ્યાધર રાજા ઈન્દ્ર મહાન શક્તિશાળી છે. તેના ઉપર રાવણે ચડાઈ કરીને તેને જીતીને બાંધી લીધો તેથી ઈન્દ્રના સામંતો સ્વામીનાં દુઃખથી વ્યાકુળ થયા ત્યારે ઈન્દ્રના પિતા સહસ્રાર જે ઉદાસીન શ્રાવક છે તેમને વિનંતી કરી અને ઈન્દ્રને છોડાવવા માટે સહસ્રારને લઈ લંકામાં રાવણની સમીપે આવ્યા. દ્વારપાળોને વિનંતી કરી, ઈન્દ્રનું સકળ વૃત્તાંત કહી રાવણની પાસે ગયા. રાવણે સહસ્રારને ઉદાસીન શ્રાવક જાણી તેમનો ખૂબ વિનય કર્યો. તેમને સિંહાસન આપ્યું, પોતે સિંહાસનથી ઊતરીને નીચે બેઠો. સહસ્રાર રાવણને વિવેકી જાણી કહેવા લાગ્યાઃ હે દશાનન ! તમે જગજિત છો તેથી ઈન્દ્રને પણ જીત્યો, તમારું બાહુબળ સૌએ જોયું. જે મહાન રાજા હોય છે તે ગર્વિષ્ઠ લોકોનો ગર્વ દૂર કરી પછી કૃપા કરે છે, માટે હવે ઈન્દ્રને છોડો. સહસ્રારે આમ કહ્યું અને જે ચારે લોકપાલ હતા તેમનાં મુખમાંથી પણ આ જ શબ્દો નીકળ્યા, જાણે કે સહસ્રારનો પડઘો જ પાડયો. ત્યારે રાવણે સહસ્રારને હાથ જોડી એ જ કહ્યું કે આપ જેમ કહો છો તેમ જ થશે. પછી તેણે લોકપાલોને હસીને રમત ખાતર કહ્યું કે તમે ચારે લોકપાલ નગરની સફાઈ કરો, નગરને તૃણ–કંટકરહિત અને કમળની સુગંધરૂપ કરો, ઈન્દ્ર પૃથ્વી પર સુગંધી જળનો છંટકાવ કરે અને પાંચેય વર્ણનાં સુગંધી મનોહર પુષ્પોથી નગરની શોભા કરો. રાવણે જ્યારે આમ કહ્યું ત્યારે લોકપાલ તો લજ્જિત થઈને નીચું જોઈ ગયા અને સહસ્રાર અમૃતમય વાણી બોલ્યા કે હે ધીર ! તમે જેને જે આજ્ઞા કરશો તે પ્રમાણે તે કરશે, તમારી આજ્ઞા સર્વોપરી છે. જો તમારા જેવા મોટા માણસો પૃથ્વીને શિક્ષા ન આપે તો પૃથ્વીના લોક અન્યાય માર્ગમાં પ્રવર્તે.

આ વચન સાંભળી રાવણ અતિ પ્રસન્ન થયો અને બોલ્યોઃ હે પૂજ્ય ! આપ અમારા પિતાતુલ્ય છો અને ઈન્દ્ર મારો ચોથો ભાઈ છે. એને પ્રાપ્ત કરીને હું સકળ પૃથ્વીને કંટકરહિત કરીશ. એનું ઈન્દ્રપદ એવું ને એવું જ છે અને આ લોકપાલ પણ જેમના તેમ રહેશે; અને બન્ને શ્રેણીના રાજ્યથી અધિક ઈચ્છતા હો તો તે પણ લઈ લ્યો. મારામાં અને એનામાં કાંઈ તફાવત નથી. આપ વડીલ છો, ગુરુજન છો. જેમ ઈન્દ્રને શિખામણ આપો છો એમ મને પણ આપો, આપની શિખામણ અલંકારરૂપ છે. વળી, આપ રથનપૂરમાં બિરાજો કે અહીં બિરાજો, બન્ને આપની જ ભૂમિ છે.

આવાં પ્રિય વચનથી સહસ્રારનું મન ખૂબ સંતોષ્યું. ત્યારે સહસ્રાર કહેવા લાગ્યા, હે ભવ્ય! તમારા જેવા સજ્જન પુરુષોની ઉત્પત્તિ સર્વ લોકોને આનંદ આપે છે. હે ચિરંજીવ! તમારી શૂરવીરતાનું આભૂષણ એવો આ ઉત્તમ વિનય આખી પૃથ્વીમાં પ્રશંસા પામ્યો છે. તમને જોવાથી અમારાં નેત્રો સફળ થયાં. ધન્ય છે તમારાં માતાપિતા જેમણે તમને જન્મ આપ્યો. કુન્દપુષ્પ સમાન ઉજ્જવળ તમારી કીર્તિ છે, તમે સમર્થ અને ક્ષમાવાન, દાતા અને ગર્વરહિત, જ્ઞાની અને ગુણપ્રિય તમે જિનશાસનના અધિકારી છો. તમે અમને એમ કહ્યું કે 'આ આપનું ઘર છે અને જેવો ઈન્દ્ર આપનો પુત્ર તેવો હું', તો આ વાત માટે તમે લાયક છો, તમારા મુખમાંથી આવાં જ વચનો નીકળે, તમે મહાબાહૂ છો, દિગ્ગજોની સૂંઢ સમાન તમારા બાહૂ છે, તમારા જેવા પુરુષો આ સંસારમાં વિરલા છે.

પરંતુ જન્મભૂમિ માતા સમાન હોય છે, તેને છોડી શકાતી નથી, જન્મભૂમિનો વિયોગ ચિત્તને આકુળ કરે છે, તમે સર્વ પૃથ્વીના ધણી છો તોપણ તમને લંકા પ્રિય છે. અમારા બંધુજનો અને સર્વ પ્રજા અમને જોવાને અભિલાષી અમારા આવવાની વાટ જુએ છે તેથી અમે રથનપુર જઈશું અને ચિત્ત સદા તમારી પાસે રહેશે. હે દેવોને પ્રિય! તમે ઘણો કાળ પૃથ્વીની રક્ષા કરો. રાવણે તે જ સમયે ઈન્દ્રને બોલાવ્યો અને સહસ્રારની સાથે મોકલ્યો.

રાવણ પોતે સહસ્રારને પહોંચાડવા થોડે દૂર સુધી ગયો. બહુ જ વિનયપૂર્વક વિદાય આપી. સહસ્રાર ઈન્દ્રને લઈ લોકપાલ સહિત વિજ્યાર્ધગિરિ પર આવ્યા. આખું રાજ્ય એમનું એમ જ હતું. લોકપાલો આવીને પોતપોતાના સ્થાન પર રહ્યા.

પરંતુ માનભંગથી આકુળતા પામ્યા. જેમ જેમ વિજ્યાર્ધનાં લોકો ઈન્દ્રને, લોકપાલોને અને દેવોને જોતાં તેમ તેમ તેઓ શરમથી નીચે ઝૂકી જતા. ઈન્દ્રને હવે નહોતી રથનપુરમાં પ્રીતિ, નહોતી રાણીઓ પ્રત્યે પ્રીતિ, નહોતી ઉપવનાદિમાં પ્રીતિ, ન હતી લોકપાલમાં પ્રીતિ. કમળોના મકરંદથી જેનું જળ પીળું થઈ રહ્યું છે એવા મનોહર સરોવરોમાંય પ્રીતિ નહોતી, કે કોઈ ક્રીડામાં પ્રીતિ નહોતી, ત્યાં સુધી કે પોતાના શરીર પ્રત્યે પણ પ્રીતિ નહોતી. તેનું ચિત્ત લજ્જાથી પૂર્ણ હતું. તેને ઉદાસ જોઈ બધા તેને અનેક પ્રકારે પ્રસન્ન કરવા ચાહતા અને કથાના પ્રસંગો કહી એ વાત ભુલાવવા પ્રયત્ન કરતા, પણ એ ભૂલતા નહિ. તેણે સર્વ લીલાવિલાસ છોડી દીધા, પોતાના રાજમહેલની વચ્ચે ગંધમાદન પર્વતના શિખર સમાન ઊંચા જિનમંદિરના એક સ્તંભ ઉપર તે રહેતો, તેનું શરીર કાંતિરહિત થઈ ગયું હતું, પંડિતોથી મંડિત એ વિચારે છે કે ધિક્કાર છે આ વિદ્યાધરપદના ઐશ્વર્યને કે જે

એક ક્ષણમાત્રમાં વિલય પામ્યું. જેમ શરદ ઋતુનાં વાદળાં અત્યંત ઊંચા હોય, પરંતુ ક્ષણામાત્રમાં તે વિલય પામે છે તેમ તે શસ્ત્ર, તે હાથી, તે તુરંગ, તે યોદ્ધા બધું તૃણ સમાન થઇ ગયું કે જેમણે અનેક વાર અદ્ભુત કાર્ય કર્યાં હતાં; અથવા કર્મોની આ વિચિત્રતા છે, કયો પુરુષ તેને અન્યથા કરી શકે ? માટે જગતમાં કર્મ પ્રબળ છે. મેં પૂર્વે નાનાવિધ ભોગસામગ્રી આપનાર કર્મ ઉપાર્જ્યાં હતાં તે પોતાનું ફળ આપીને ખરી ગયાં તેથી મારી આ દશા વર્તે છે. રણસંગ્રામમાં શૂરવીર સામંતોનું મરણ થાય તે સારું, તેનાથી પૃથ્વી પર અપયશ થતો નથી. હું જન્મથી માંડીને શત્રુઓનાં શિર પર ચરણ રાખીને જીવ્યો છું એવો હું ઇન્દ્ર, શત્રુનો અનુચર થઇને કેવી રીતે રાજ્યલક્ષ્મી ભોગવું ? માટે હવે સંસારનાં ઇન્દ્રિયજનિત સુખોની અભિલાષા ત્યજીને મોક્ષપદની પ્રાપ્તિના કારણરૂપ મુનિવ્રતને અંગીકાર કરું. રાવણ શત્રુનો વેષ ધારીને મારો મોટો મિત્ર બન્યો છે, તેણે મને પ્રતિબોધ કર્યો. હું અસાર સુખના આસ્વાદમાં આસક્ત હતો.

આમ ઇન્દ્ર વિચારતો હતો તે જ સમયે નિર્વાણસંગમ નામના ચારણમુનિ વિહાર કરતાં આકાશમાર્ગે જતા હતા. ચૈત્યાલયના પ્રભાવથી તેમનું આગળ ગમન થઇ શક્યું નહિ, તેથી નીચે ઉતર્યા, ભગવાનના પ્રતિબિંબનાં દર્શન કર્યા. મુનિ ચાર જ્ઞાનના ધારક હતા. રાજા ઇન્દ્રે ઉઠીને તેમને નમસ્કાર કર્યા, તે મુનિ પાસે જઇને બેઠો. ઘણો સમય પોતાની નિંદા કરી. સર્વ સંસારનું વૃતાંત જાણનાર મુનિએ પરમ અમૃતરૂપ વચનથી ઇન્દ્રનું સમાધાન કર્યું કે હે ઇન્દ્ર ! જે રેંટનો એક ઘડો ભર્યો હોય છે તે ખાલી થાય છે અને જે ખાલી હોય છે તે ભરાય છે તેમ આ સંસારની માયા ક્ષણભંગુર છે, એ બદલાઇ જાય એમાં આશ્ચર્ય નથી. મુનિના મુખથી ઉપદેશ સાંભળીને ઇન્દ્રે પોતાના પૂર્વ ભવ પૂછ્યા. ત્યારે અનેક ગુણોથી શોભતા મુનિએ કહ્યું: હે રાજન ! અનાદિકાળનો આ જીવ ચાર ગતિમાં પરિભ્રમણ કરે છે, જે અનંત ભવ તે ધરે તે તો કેવળજ્ઞાનગમ્ય છે, પણ કેટલાક ભવનું કથન કરું છું તે તું સાંભળ.

શિખાપદ નામના નગરમાં એક સ્ત્રી અત્યંત ગરીબ હતી. તેનું નામ કુલવંતી. તેની આંખ ચીપડાવાળી, નાક ચપટું, શરીરમાં અનેક વ્યાધી એવી તે પાપકર્મના ઉદયથી લોકોનું એઠું ખાઇને જીવતી. તેનાં અંગ કુરૂપ, વસ્ત્ર મેલાં–ફાટેલાં, વાળ રુક્ષ, તે જ્યાં જતી ત્યાં લોકો અનાદર કરતા, તેને ક્યાંય સુખ નહોતું. અંતકાળે તેને સુબુદ્ધિ ઉપજી, એક મૂહુર્તનું અનશન લીધું. તે પ્રાણ ત્યાગીને કિંપુરુષ દેવની શીલધરા નામની દાસી થઇ. ત્યાંથી ચ્યવીને રત્નનગરમાં ગોમુખ નામના કણબીની

ધરણી નામની સ્ત્રીને પેટે સહસ્રભાગ નામના પુત્રરૂપે જન્મી. ત્યાં પરમ સમ્યક્ત્વ પામી તેણે શ્રાવકનાં વ્રત લીધાં અને મરીને શુક્ર નામના નવમા સ્વર્ગમાં ઉત્તમ દેવનો જન્મ મળ્યો. ત્યાંથી ચ્યવીને મહાવિદેહ ક્ષેત્રના રત્નસંચય નગરમાં મણિ નામના મંત્રીની ગુણાવલી નામની સ્ત્રીને સામંતવર્ધન નામના પુત્રરૂપે જન્મી. તેણે પિતાની સાથે વૈરાગ્ય અંગીકાર કર્યો. અતિતીવ્ર તપ કર્યું, તત્ત્વાર્થમાં ચિત્ત લગાવ્યું, નિર્મળ સમ્યક્ત્વ ધારીને કષાયરહિત બાવીસ પરીષહ સહીને શરીરત્યાગ કર્યો અને નવમી ગ્રૈવેયકમાં ગયો. ત્યાં અહમિન્દ્રનાં સુખ ઘણો કાળ ભોગવી રાજા સહસ્રાર વિદ્યાધરની રાણી હૃદયસુંદરીની કૂખે તું ઇન્દ્ર નામનો પુત્ર થયો, આ રથનૂપુરમાં જન્મ્યો. પૂર્વના અભ્યાસથી ઇન્દ્રના સુખમાં મન આસક્ત થયું, તું વિદ્યાધરોનો અધિપતિ ઇન્દ્ર કહેવાયો.

હવે તું નકામો ખેદ કરે છે કે હું વિદ્યામાં અધિક હતો છતાં શત્રુઓથી પરાજિત થયો. હે ઇન્દ્ર! કોઇ બુદ્ધિ વિનાનો કોદરા વાવીને શાલિ (ચોખા)ની ઇચ્છા કરે તે નિરર્થક છે. આ પ્રાણી જેવાં કર્મ કરે તેવાં ફળ ભોગવે છે. તેં પૂર્વે ભોગનું સાધન થાય એવાં શુભ કર્મ કર્યાં હતા તે નાશ પામ્યાં. કારણ વિના કાર્યની ઉત્પત્તિ થતી નથી. એ બાબતમાં આશ્ચર્ય શેનું હોય ? તેં આ જ જન્મમાં અશુભ કર્મ કર્યાં, તેનું આ અપમાનરૂપ ફળ મળ્યું અને રાવણ તો નિમિત્તમાત્ર છે. તેં જે અજ્ઞાનરૂપ ચેષ્ટા કરી તે શું નથી જાણતો ? તું ઐશ્વર્યના મદથી ભ્રષ્ટ થયો. ઘણા દિવસ થયા તેથી તને યાદ આવતું નથી. એકાગ્રચિત્ત થઈને સાંભળ.

અરિંજયપુરમાં વહ્નિવેગ નામના રાજાની વેગવતી રાણીની અહલ્યા નામની પુત્રીનો સ્વયંવર મંડપ રચાયો હતો. ત્યાં બન્ને શ્રેણીના વિદ્યાધરો અતિ અભિલાષા રાખીને ગયા હતા અને તું પણ ઘણી મોટી સંપદા સહિત ગયો હતો. એક ચંદ્રવર્ત નામના નગરનો ધણી રાજા આનંદમાલ પણ ત્યાં આવ્યો હતો. અહલ્યાએ બધાને છોડીને તેના ગળામાં વરમાળ આરોપી હતી. તે આનંદમાલ અહલ્યાને પરણીને જેમ ઇન્દ્ર ઇન્દ્રાણી સહિત સ્વર્ગલોકમાં સુખ ભોગવે તેમ મનવાંછિત ભોગ ભોગવતાં હતાં. જે દિવસથી અહલ્યા તેને પરણી તે દિવસથી તને તેના પ્રત્યે ઈર્ષા વધી. તેં એને તારો મોટો શત્રુ માન્યો. કેટલાક દિવસ તે ઘરમાં રહ્યો. પછી તેને એવો વિચાર આવ્યો કે આ દેહ વિનાશિક છે, તેનાથી મને કાંઈ લાભ નથી. હવે હું તપ કરીશ, જેથી સંસારનું દુઃખ દૂર થાય. આ ઇન્દ્રિયના ભોગ ક્ષણભંગુર છે, તેમાં સુખની આશા ક્યાંથી હોય ? આમ મનમાં વિચારીને તે જ્ઞાની અંતરાત્મા સર્વ પરિગ્રહ છોડીને તપશ્ચરણ કરવા લાગ્યો. એક દિવસે તે હંસાવલી નદીને કિનારે

કાયોત્સર્ગ ધારણ કરીને બેઠો હતો ત્યાં તેને તેં જોયો. તેને જોતાં જ તારો ક્રોધાગ્નિ ભભૂક્યો અને તેં મૂર્ખાએ ગર્વથી તેની મશ્કરી કરી: 'અહો આનંદમાલ! તું કામભોગમાં અતિઆસક્ત હતો, હવે અહલ્યા સાથે રમણ કોણ કરશે?' તે તો વિરક્ત ચિત્તે પહાડ સમાન નિશ્ચળ થઈને બેઠો હતો. તેનું મન તત્ત્વાર્થના ચિંતવનમાં અત્યંત સ્થિર હતું. આ પ્રમાણે તેં પરમ મુનિની અવજ્ઞા કરી. તે તો આત્મસુખમાં મગ્ન હતો, તેણે તારી વાત હૃદયમાં પેસવા ન દીધી. તેમની પાસે તેના ભાઈ કલ્યાણ નામના મુનિ બેઠા હતા તેમણે તને કહ્યું કે આ નિરપરાધ મુનિની તેં મશ્કરી કરી તેથી તારો પણ પરાજય થશે. ત્યારે તારી સર્વશ્રી નામની સ્ત્રી જે સમ્યગ્દૃષ્ટિ અને સાધુની પૂજક હતી તેણે નમસ્કાર કરીને કલ્યાણ સ્વામીને શાંત કર્યા. જો તેણે તેમને શાંત ન કર્યા હોત તો તું તત્કાળ સાધુના કોપાગ્નિથી ભસ્મ થઈ જાત. ત્રણ લોકમાં તપ સમાન કોઈ બળવાન નથી. જેવી સાધુઓની શક્તિ હોય છે તેવી ઈન્દ્રાદિક દેવોની પણ નથી. જે પુરુષ સાધુઓનો અનાદર કરે છે તે આ ભવમાં અત્યંત દુઃખ પામી નરક નિગોદમાં જ પડે છે, મનથી પણ સાધુઓનું અપમાન ન કરો. જે મુનિજનનું અપમાન કરે છે તે આ ભવ અને પરભવમાં દુઃખી થાય છે. જે મુનિઓને મારે અથવા પીડા કરે છે તે અનંતકાળ દુઃખ ભોગવે છે, મુનિની અવજ્ઞા સમાન બીજું પાપ નથી. મન, વચન, અને કાયાથી આ પ્રાણી જેવાં કર્મ કરે છે તેવાં જ ફળ ભોગવે છે. આ પ્રમાણે પુણ્યપાપ કર્મોનાં ભલા અને બૂરા ફળ લોકો ભોગવે છે. આમ જાણીને ધર્મમાં વૃદ્ધિ કરો. પોતાના આત્માને સંસારનાં દુઃખથી છોડાવો.

ઈન્દ્ર મહામુનિના મુખેથી પોતાના પૂર્વભવોની કથા સાંભળીને આશ્ચર્ય પામ્યો. તે નમસ્કાર કરી મુનિને કહેવા લાગ્યો–હે ભગવાન! આપના પ્રસાદથી મેં ઉત્તમ જ્ઞાન મેળવ્યું. હવે બધાં પાપ ક્ષણમાત્રમાં વિલય પામશે. સાધુઓના સંગથી જગતમાં કાંઈ પણ દુર્લભ નથી, તેમના પ્રસાદથી અનંત જન્મમાં જે નથી મળ્યું તે આત્મજ્ઞાન પણ મળે છે. આમ કહીને મુનિને વારંવાર વંદના કરી. મુનિ આકાશમાર્ગે વિહાર કરી ગયા. ઈન્દ્ર ગૃહસ્થાશ્રમમાં અત્યંત વિરક્ત થયો. શરીરને પાણીના પરપોટા જેવું અસાર જાણીને, ધર્મમાં નિશ્ચળ બુદ્ધિથી પોતાની અજ્ઞાન ચેષ્ટાને નિંદતા તે મહાપુરુષે પોતાની રાજ્યવિભૂતિ પુત્રને આપીને પોતાના ઘણા પુત્રો, અનેક રાજાઓ અને લોકપાલો સહિત સર્વ કર્મોની નાશક જિનેશ્વરી દીક્ષા અંગીકાર કરી, સર્વ પરિગ્રહનો ત્યાગ કર્યો. નિર્મળ ચિત્તવાળા તેણે પહેલાં જેવું શરીર ભોગમાં લગાવ્યું હતું તેવું જ તપના સમૂહમાં લગાવ્યું, એવું તપ બીજાથી

ન થઇ શકે. મહાપુરુષોની શક્તિ ઘણી હોય છે. તે જેમ ભોગોમાં પ્રવર્તે છે તેમ વિશુદ્ધ ભાવમાં પણ પ્રવર્તે છે. રાજા ઈન્દ્ર ઘણો કાળ તપ કરી, શુક્લધ્યાનના પ્રતાપથી કર્મોનો ક્ષય કરી નિર્વાણ પધાર્યા.

ગૌતમસ્વામી રાજા શ્રેણિકને કહે છે—જુઓ ! મહાન માણસોનાં ચરિત્ર આશ્ચર્યકારી હોય છે. તે પ્રબળ પરાક્રમના ધારક ઘણો વખત ભોગ ભોગવી, પછી વૈરાગ્ય લઇ અવિનાશી સુખ ભોગવે છે, એમાં કોઇ આશ્ચર્ય નથી. તે સમસ્ત પરિગ્રહનો ત્યાગ કરી ક્ષણમાત્રમાં ધ્યાનના બળથી મોટા પાપનો પણ ક્ષય કરે છે; જેમ ઘણા કાળથી ઈંધનની રાશિનો સંચય કર્યો હોય તે ક્ષણમાત્રમાં અગ્નિના સંયોગથી ભસ્મ થાય છે. આમ જાણીને હે પ્રાણી ! આત્મકલ્યાણનો પ્રયત્ન કરો. અંતઃકરણ વિશુદ્ધ કરો, મરણનો દિવસ કાંઇ નક્કી નથી, જ્ઞાનરૂપ સૂર્યના પ્રતાપથી અજ્ઞાન અંધકારને દૂર કરો. *[પદ્મપુરાણમાંથી]*

---

### પ્રશમમૂર્તિ પૂજ્ય બહિનશ્રી ચંપાબેનની
### સાંવત્સરિક સમાધિતિથિ પર આયોજિત પંચાહ્નિક

## ધાર્મિક કાર્યક્રમ

[તા. ૨૧-૫-૯૭ થી તા. ૨૫-૫-૯૭]

આપણા પરમ તારણહાર પરમોપકારી પ્રાતઃસ્મરણીય પરમપૂજ્ય સદ્ગુરુદેવ શ્રી કાનજીસ્વામીના સ્વાનુભવમુદ્રિત અધ્યાત્મ સદુપદેશામૃત દ્વારા સ્વાનુભવવિભૂષિત ધર્મરત્ન પૂજ્ય બહેનશ્રી ચમ્પાબેનની પવિત્ર સમાધિનો સાતમો સાંવત્સરિક દિન આગામી વૈશાખ વદ-૩ તા. ૨૫-૫-૯૭ ના રોજ છે. ઉપકારમૂર્તિ પૂજ્ય બહેનશ્રીના દુઃખદ વિરહની આ વાર્ષિક તિથિ નિમિત્તે અધ્યાત્મસાધનાતીર્થ શ્રી સોનગઢમાં તા. ૨૧-૫-૯૭ બુધવારથી તા. ૨૫-૫-૯૭ રવિવાર સુધી પાંચ દિવસનો ધાર્મિક કાર્યક્રમ 'પંચપરમેષ્ઠિમંડલવિધાનપૂજા', દેવગુરુભક્તિ, પૂજ્ય ગુરુદેવશ્રીના જ્ઞાનવૈરાગ્યપોષક અધ્યાત્મટેપપ્રવચન, પૂજ્ય બહેનશ્રીની સ્વાનુભવરસભરી વિડિયો-ધર્મચર્ચા, ધાર્મિક શિક્ષણવર્ગ ઈત્યાદિ જ્ઞાન-વૈરાગ્ય-ભક્તિની ઉપાસનાનો વિવિધ કાર્યક્રમ રાખવામાં આવ્યો છે.

આ ધાર્મિક કાર્યક્રમનો લાભ લેવા સમસ્ત મુમુક્ષુ ભાઈ-બહેનોને શ્રી દિ૰ જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ તરફથી સાધનાતીર્થ શ્રી સુવર્ણપુરી પધારવાનું ભાવભીનું નિમંત્રણ છે. આવાસ તથા ભોજનવ્યવસ્થા નિઃશુલ્ક રાખવામાં આવી છે.

*

## વસઈ-પ્રતિષ્ઠા મહોત્સવના સમાચાર (ગતાંકથી ચાલુ)

**આહારદાન :**

(૧) શ્રી કસ્તુરબેન નથુભાઈ માલદે હા. સુધીરભાઈ, બટુકભાઈ, ઉમેશભાઈ, મુકેશભાઈ, સુનીલભાઈ તથા બીજેશભાઈ, નાઈરોબી

(૧) શ્રી લંડન મુમુક્ષુવૃંદ (૨) શ્રી મીનાબેન બખાઈ (૩) શ્રી જડાવબેન નાનાલાલ જસાણી પરિવાર (૪) શ્રી લક્ષ્મીબેન દેવચંદ શાહ નાઈરોબી તથા અનેક મુમુક્ષુઓ

| જિનબિમ્બ પ્રતિષ્ઠા | પ્રતિષ્ઠાપક |
|---|---|
| **શ્રી મૂળનાયક મહાવીરસ્વામી** | શ્રી જેકુંવરબેન ઠાકરશીભાઈ મોદી પરિવાર હસ્તે. ગીરધરભાઈ મોદી |
| **શ્રી આદિનાથ ભગવાન ખડ્ગાસન** | શ્રી જેકુંવરબેન ઠાકરશીભાઈ મોદી પરિવાર હા. વિજય ચીમનલાલ મોદી |
| **શ્રી ભરત કેવળી ભગવાન** | શ્રી જેકુંવરબેન ઠાકશીભાઈ મોદી પરિવાર હસ્તે. લાભુબેન ચીમનલાલ મોદી |
| **શ્રી ધાતકી વિદેહ ભાવિ ભગવાન** | શ્રી જયંતીલાલ ચમનલાલ દોશી, બોરીવલી |
| **શ્રી મહાવીર ભગવાન** | શ્રી મીનાબેન જગદીશભાઈ બખાઈ, નાઈરોબી |
| **શ્રી સિદ્ધ ભગવાન** | શ્રી જેકુંવરબેન ઠાકરશીભાઈ મોદી પરિવાર, હસ્તે તરવેણીબેન કેશવલાલ કોઠારી |
| **શ્રી સીમંધર ભગવાન** | શ્રી મનહરલાલ ધીરજલાલ શાહ, સુરત હસ્તે દિનેશભાઈ |
| **શિખર ઉપર કળશારોહણ** | શ્રી હંસરાજભાઈ દેવરાજભાઈ, નાઈરોબી |
| **શિખર ઉપર ધ્વજારોહણ** | શ્રી ચંપકલાલ વિક્રમચંદ સંઘવી, મુંબઈ |
| **ઘુમ્મટ ઉપર કળશારોહણ** | શ્રી ચંપકલાલ વિક્રમચંદ સંઘવી, મુંબઈ |
| **ઘુમ્મટ ઉપર ધ્વજારોહણ** | શ્રી જેકુંવરબેન ઠાકરશીભાઈ મોદી પરિવાર હા. હીના વિજય મોદી |

### જિનવાણી

(૧) શ્રી કેશવલાલ વ્રજલાલ કોઠારી (૨) શ્રી પ્રેમચંદ પાનાચંદ ભાયાણી હા. ગુણવંતભાઈ (૩) શ્રી જેકુંવરબેન ઠાકરશીભાઈ મોદી હસ્તે શ્રી શાંતિભાઈ મોદી, ઘાટકોપર (૪) શ્રી હરિલાલ મોહનલાલ ટોળીયા (૫) શ્રી માલવીકા પંકજકુમાર પારેખ

**વચનામૃત :** (૬) શ્રી રૂક્ષ્મણિબેન પાનાચંદ ડગલી (૭) શ્રી જશવંતીબેન નગીનદાસ ડગલી

**જ્ઞાનવૈભવ :** (૮) શ્રી વિનોદભાઈ કાનજીભાઈ કામદાર

### ચિત્રપટ અનાવરણ

**(૧) શ્રી કુંદકુંદાચાર્યદેવ (૨) શ્રી સદ્ગુરુદેવ (૩) બહેનશ્રીના ચિત્રપટની અનાવરણવિધિ**

શ્રી પુરુષોત્તમદાસ ઓઘડદાસ કામદાર (ત્રણેય ચિત્રપટ)

શ્રુતસ્કંધ શ્રી હરગોવિંદદાસ ઓધવજી અજમેરા શ્રી કલાબેન હરગોવિંદાસ અજમેરા હસ્તે નગીનભાઈ, કીર્તિભાઈ અજમેરા-મલાડ

પ્રતિષ્ઠા ફંડ (૧) શ્રી આદરણીય પંડિતરત્ન હિંમતલાલ જે. શાહ, સોનગઢ
(૨) શ્રી સંઘવી ભાઈઓ, મદ્રાસ
(૩) શ્રી વસંતલાલ મગનલાલ શાહ (U.S.A.)
(૪) શ્રી જયશ્રી કિરણભાઈ શાહ નાઈરોબી તથા અનેક મુમુક્ષુઓ

**શિલાન્યાસ તથા મંદિર નિમિત્તે ફંડ :** (ગતાંકના નામો ઉપરાંત)

(૧) શ્રી હિંમતલાલ છોટાલાલ ઝોબાળિયા (૨) શ્રી નગીનદાસ હિંમતલાલ ડગલી
(૩) શ્રી શામજીભાઈ ભાણજીભાઈ છેડા (૪) શ્રી નાઈરોબી દિગંબર જૈન મુમુક્ષુ મંડળ
(૫) શ્રી સંઘવી ભાઈઓ હસ્તે ચીમનભાઈ, રસીકભાઈ, ચંપકભાઈ, રવિચંદભાઈ
(૬) શ્રી પ્રેમચંદ પાનાચંદ ભાયાણી હસ્તે ગુણવંતભાઈ, પ્રવીણભાઈ, મુકેશભાઈ
(૭) શ્રી ચુનીલાલ વનમાળીદાસ
(૮) શ્રી જયાબેન મણીલાલ શાહ હસ્તે ભુપતભાઈ તથા જિતુભાઈ
(૯) શ્રી હીરાલાલ ભીખાલાલ શાહ (૧૦) શ્રી અંજનભાઈ શાંતિલાલ શાહ
(૧૧) શ્રી મુકુંદભાઈ તથા ચંપકભાઈ કોઠારી (૧૨) શ્રી કેશવલાલ ખીમચંદ શાહ
(૧૩) નગીનદાસ પ્રેમચંદ ભાયાણી હસ્તે ધનલક્ષ્મીબેન
(૧૪) શ્રી લીલાવંતીબેન મનહરલાલ શાહ, સુરત (૧૫) શ્રી સુરેન્દ્રભાઈ કસ્તુરચંદ તલાટી
(૧૬) શ્રી વૃજલાલ ભાયલાલ ડેલીવાળા, સુરત
(૧૭) સ્વ. ભુરાભાઈ ગોપાલજી કામદાર, સુરત
(૧૮) શ્રી હરીભાઈ પરબતભાઈ પટેલ, સુરત (૧૯) શ્રી કેશવલાલ વૃજલાલ કોઠારી
(૨૦) શ્રી હર્ષદભાઈ દેવજીભાઈ પટેલ, સુરત (૨૧) શ્રી પુષ્પાબેન મનસુખલાલ દોશી
(૨૨) શ્રી મગનલાલ જીવણલાલ શાહ હસ્તે બાલુબેન (U.S.A.)
(૨૩) શ્રી ધીરજલાલ નરોત્તમદાસ શાહ (૨૪) શ્રી દાદર દિગંબર જૈન મુમુક્ષુ મંડળ
(૨૫) શ્રી ઘાટકોપર જૈન મુમુક્ષુ મંડળ તથા અન્ય મુમુક્ષુઓ

**પારણાઝૂલન :**

(૧) શ્રી મીનાબેન જગદીશભાઈ બખાઈ, નાઈરોબી
(૨) શ્રી વિમળાબેન ગીરધરલાલ મોદી, મુંબઈ
(૩) શ્રી પુષ્પાબેન મનસુખભાઈ દોશી, મુંબઈ
(૪) શ્રી જયાબેન જયંતીલાલ ચમનલાલ દોશી, બોરીવલી
(૫) શ્રી પારસ વિજય ચીમનલાલ મોદી, મલાડ

# સુવર્ણપુરી સમાચાર

## ''પૂજ્ય બહેનશ્રીની ૬૫મી સમ્યક્ત્વજયંતી''

ભવપરિભ્રમણનો અંત કરનાર નિર્મળ સમ્યક્ત્વની મહિમા અતિ મહાન છે. સ્વાનુભવવિભૂષિત, સ્વાનુભવપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામીના અનન્યભક્ત પ્રશમમૂર્તિ પૂજ્ય બેનશ્રી ચંપાબેનની 'સમ્યક્ત્વજયંતી' તે એક વિશિષ્ટ મહિમાપૂર્ણ મંગળ અવસર છે. આ વર્ષે આ મંગળ અવસર ઉજવવાનું દુર્લભ સૌભાગ્ય વિંછીયા તથા બોટાદ નિવાસી શ્રી ડગલી-પરિવારને સમ્પ્રાપ્ત થયું. આ શતાબ્દિમાં સ્વાનુભૂતિપ્રધાન અધ્યાત્મતીર્થના સાતિશય પ્રભાવક કલ્યાણમૂર્તિ પરમોપકારી સદ્ગુરુદેવ શ્રી કાનજીસ્વામીના શુદ્ધાત્મપ્રમુખ અધ્યાત્મ સત્ ઉપદેશને આત્મસાત્ કરી જેમણે ૧૮ વર્ષની લઘુવયમાં સ્વશુદ્ધાત્મોન્મુખી અસાધારણ પુરુષાર્થથી સ્વાનુભવમુદિત નિર્વિકલ્પ સમ્યગ્દર્શન પ્રગટ કર્યું—ભવસંતતિજનની મિથ્યાત્વપરિણતિનો નાશ કરી નિજ સહજાનન્દરૂપ વિજ્ઞાનઘન સ્વરૂપમાં હંમેશ માટે વિશ્રામ કર્યું—તે પ્રશમમૂર્તિ ભગવતી પૂજ્ય બેનશ્રી ચંપાબેનની આ ૬૫મી સમ્યક્ત્વજયંતી (ફાગણ વદ-૧૦) તા. ૨૯-૩-૯૭ થી તા. ૨-૪-૯૭ સુધી પંચાહ્નિક મંગળ મહોત્સવપૂર્વક અધ્યાત્મસાધનાતીર્થ શ્રી સુવર્ણપુરીમાં ઉપર્યુક્ત ડગલી પરિવાર દ્વારા અતિ આનન્દોલ્લાસપૂર્વક ઉજવાઈ હતી. આ સમ્યક્ત્વ મહિમાના પવિત્ર સમારોહમાં લગભગ ૧૦૦૦ થી વધારે સમ્યક્ત્વપ્રેમી મુમુક્ષુ ભાઈ-બહેનોની ઉપસ્થિતિ રહી. આપણા ઊંડા આદર્શ આત્માર્થી આદરણીય પંડિતરત્ન શ્રી હિંમતલાલ જે. શાહ (પૂજ્ય બેનશ્રીના મોટાભાઈ)ની આનન્દવર્ધિની મંગળ ઉપસ્થિતિમાં આનન્દોલ્લાસ સહ ઉજવાયેલી આ સમ્યક્ત્વજયંતી ખરેખર અતિ આનન્દદાયી તથા ધર્મપ્રભાવક હતી. આ મંગળ અવસર પર ચૌંસઠઋદ્ધિમંડળવિધાનપૂજા, પૂજ્ય ગુરુદેવશ્રીના અધ્યાત્મરસભર્યા ઑડિયો-વિડિયો ટેપ પ્રવચન, સમ્યક્ત્વભક્તિ, જિનેન્દ્રસ્તવન, વિભિન્ન મહાનુભાવો તરફથી આયોજિત 'સાંજી' આદિ રોચક કાર્યક્રમોથી બધા પ્રમોદિત થતા હતા. તા. ૧-૪-૯૭ ના દિવસે પ્રાતઃ પૂજ્ય ગુરુદેવશ્રીના ટેપપ્રવચન બાદ અધ્યાત્મયુગસ્રષ્ટા પરમોપકારી પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીની ૧૦૮મી મંગળકારી જન્મજયંતી, નાઈરોબી નિવાસી શ્રીમતી રળિયાતબેન રાયચંદભાઈ શાહ તરફથી ઉજવાશે તેની નિમંત્રણપત્રિકાની લેખનવિધિ આનન્દોત્સાહ સહ સમ્પન્ન થઈ હતી. બપોર બાદ સમ્યક્ત્વજયંતીના આનન્દોલ્લાસમાં ડગલી પરિવારના અનુરોધથી ધાતકીખંડ-વિદેહી-ભાવિ જિનવરના સમવસરણ-વિહાર (રથોત્સવ)નું વિશાળ તથા ભવ્ય આયોજન કર્યું હતું.

### સમ્યક્ત્વજયંતીનો મંગળ દિવસ

ફાગણ વદ દશમ સમ્યક્ત્વ-ઉપલબ્ધિના સાંવત્સરિક દિવસે પ્રાતઃ વિડિયો દ્વારા પૂજ્ય ગુરુદેવશ્રી તથા પૂજ્ય બેનશ્રીના માંગલિકપૂર્વક પૂજ્ય બેનશ્રીની સ્વાનુભવામૃતભરી અધ્યાત્મ તત્ત્વચર્ચા તથા મંગળ ઉદ્બોધન, જિનાયતનોમાં જિનદર્શનાદિ બાદ પૂજ્ય ગુરુદેવશ્રીનું સમયસારની ગાથા ૩૮ પર ટેપપ્રવચન, ત્યારબાદ સમ્યક્ત્વ-જયંતીના ઉપલક્ષમાં આપણા ઊંડા આદર્શ આત્માર્થી પંડિતરત્ન આદરણીય શ્રી હિંમતલાલ જે. શાહે પૂજ્ય બેનશ્રીના 'આનન્દનો દિવસ' (સમ્યક્ત્વોપલબ્ધિ)ની મહિમા કરી હતી તથા આપણને પણ તે જ જાતના શુદ્ધાત્મ-સન્મુખતા-સમ્યક્ત્વ પુરુષાર્થ પ્રગટ કરી પરિભ્રમણનો કિનારો શીઘ્ર લાવી દેવો જોઈએ—એવા કૃપાભીના આર્દ્ર હૃદયથી મંગળ

પ્રેરણા આપી હતી. ત્યારબાદ ટ્રસ્ટી અને મન્ત્રી શ્રી ચિમનલાલ મોદીએ તેમના પ્રાસંગિક વક્તવ્યમાં પૂજ્ય બેનશ્રીની ઉપકૃતભાવભીના હૃદયથી સમ્યક્ત્વ મહિમા બતાવીને પૂજ્ય બહેનશ્રીના નિજ હસ્તાક્ષરમાં લિખીત 'આનન્દનો દિવસ'ની નોંધ વાંચી હતી. ત્યારબાદ શ્રી હિમ્મતભાઈ ડગલી, વિંછીયા તથા બોટાદના ડગલી પરિવાર તરફથી આભારદર્શનમાં ડગલી પરિવારને સમ્પ્રાપ્ત સમ્યક્ત્વજયંતી–આયોજનના આનન્દોપલક્ષમાં, પૂજ્ય ગુરુદેવશ્રીના પુનિત પ્રભાવનોદય તથા પૂજ્ય બેનશ્રીની ઉપકાર મહિમા બતાવતા પોતાનો આનન્દોલ્લાસ વ્યક્ત કરતા હતા. ત્યાર પછી પરમાગમ મંદિરમાં ચૌંસઠઋદ્ધિમંડળવિધાન પૂજા તથા તેની સમાપન વિધિ કરી હતી. પ્રાતઃ પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન બાદ પ્રતિદિન સમ્યક્ત્વજયંતીના ઉપલક્ષમાં પૂજ્ય બેનશ્રી સમ્બન્ધી સમૂહભક્તિ થતી હતી. આ સમ્યક્ત્વજયંતીના અવસર પર બધાને એટલો બધો આનન્દોલ્લાસ હતો કે સમ્પૂર્ણ વાતાવરણ મુમુક્ષુઓની વિશાળ ઉપસ્થિતિના કારણે જન્મજયંતી જેવું લાગતું હતું. આદરણીય પંડિતજીના મંગળ આશિષપૂર્વક ઉજવાઈ ગયેલી આ સમ્યક્ત્વજયંતી ખરેખર સાર્થક રહી.

આ સમ્યક્ત્વજયંતીના અવસરે બપોરે શાસ્ત્ર-પ્રવચન 'બહેનશ્રીનાં વચનામૃત' પર સર્વશ્રી હિમ્મતભાઈ ડગલી, દિલિપભાઈ ડગલી, સુરેશભાઈ સંઘવી, રાજુભાઈ કામદાર તથા બ્ર. ચંદુભાઈ જોબાળીયા દ્વારા પ્રવચન થયું હતું. ઘાંટકોપર ભજનમંડળીએ પોતાની સંગીતસેવા આપી હતી. આ પ્રસંગે બોટાદના યુવકમંડળે સાંસ્કૃતિક કાર્યક્રમ આપીને ઉપસ્થિત મુમુક્ષુ સમાજને પ્રમુદિત કર્યો હતો.

**આ સમ્યક્ત્વજયંતીના અવસરે સંસ્થાને થયેલી આવક**

| | |
|---|---|
| પ્રસંગ આયોજન | ૫૧૦૦૦=૦૦ |
| સ્વામીવાત્સલ્ય | ૩૦૦૦૦=૦૦ |
| રથયાત્રા-ઉછામણી | ૪૪૦૦૮=૦૦ |
| પ્રાસંગિક વિધાન | ૩૦૦૩=૦૦ |
| કાયમી વિધાન | ૨૦૦૦૨=૦૦ |
| સવારે ચરણે | ૫૦૩૭=૦૦ |
| રથયાત્રા | ૪૪૫૪=૭૫ |
| પૂજ્ય બેનશ્રીના ચરણે | ૩૦૧૦૧=૦૦ |
| આરતી | ૭૦૭૨=૫૦ |
| ૯૩૮+૬૫ | ૬૦૯૦૦=૦૦ |
| | ૨૫૬૦૦૮=૦૦ |

આત્મધર્મ અંક ૬૪૧, પાનું ૨૩ પર મંદિર નિર્માણ તેમ જ પ્રતિષ્ઠા-મહોત્સવનો ખર્ચ લગભગ ૪૦,૦૦,૦૦૦ (ચાલીશ લાખ) રૂપીયાનો થયો હતો તેને બદલે રૂા ૯૦,૦૦,૦૦૦ (નેવું લાખ) રૂપીયાનો થયો હતો તેમ સુધારીને વાંચવું.

# યહ સન્તોંકા દેશ હૈ

યહ સન્તોંકા દેશ હૈ, દુઃખકા નહીં પ્રવેશ હૈ,
સ્વર્ણપુરી હૈ નામ અહો ! યહાં નહીં કીટકા લેશ હૈ; યહ સન્તોંકા.
ઉમરલાકે શુભ પ્રાંગણમેં શ્રેષ્ઠી 'મોતી' તાત હૈં,
'ઉજમબા' કે રાજદુલારેકા મંગલ અવતાર હૈ;
તીર્થસમા પાવન મન હૈ, ખિલા હુઆ નંદનવન હૈ,
મનમોહક ગુરુમુદ્રા પર યહ ન્યોછાવર સબ જગજન હૈં; યહ સન્તોંકા. ૧.
ગુરુવરકે પાવન ચરણોંસે ફૈલી હૈં હરિયાલિયાં,
શાંતિપંથકા માર્ગ દિખાતે છાઇ હૈં ખુશિયાલિયાં;
મુક્તિકે દાતાર હૈં, જગકે તારણહાર હૈં;
જગત શિરોમણિ 'ક્હાનગુરુવર' શાસનકે શણગાર હૈં ; યહ સન્તોંકા. ૨.
દિવ્યવિભૂતિ 'ક્હાનગુરુજી, સિંહકેસરી હૈં જાગે,
ધર્મચક્રીકી અમર પતાકા દેશોદેશમેં ફહરાયે;
વાણી અમૃત ઘોલી હૈ, સારી દુનિયા ડોલી હૈ,
વીતરાગકે ગુપ્તહૃદયકી અંતર ગ્રંથિ ખોલી હૈ; યહ સન્તોંકા. ૩.
ચૈતન્યપ્રભુકા અજબ-ગજબકા રંગ ગુરુમેં છાયા હૈ,
ઔર ઉસે હી ભક્તોંકે અંતસ્તલમેં ફૈલાયા હૈ;
કલ્પવૃક્ષ ચિંતામણિ સમ ગુરુ વાંછિત ફલ દાતાર હૈં,
ક્હાનગુરુ ! તવ ચરણોંમેં મમ વંદન અગણિત વાર હૈ; યહ સન્તોંકા. ૪.
શાશ્વત શરણ તુમ્હારા હો, ચાહેં જગત કિનારા હો,
ભવભવમેં તવ દાસ રહેં, બસ તૂ આદર્શ હમારા હો;
યહ સન્તોંકા ધામ હૈ, સાધકકા વિશ્રામ હૈ,
સ્વર્ણપુરીમેં મસ્ત વિચરતે, ગુરુવર આતમરામ હૈં; યહ સન્તોંકા. ૫.

*

મુંબઈ નગરીના બોરીવલી ઉપનગરમાં
પૂજ્ય કહાનગુરુદેવના પુનીત પ્રભાવના-ઉદયથી નિર્માણાધીન

# શ્રી સીમંધરસ્વામી દિગંબર જિનમંદિરનો

## * શિલાન્યાસ–મહોત્સવ *

સ્વાનુભવપ્રધાન અધ્યાત્મયુગપ્રણેતા પરમતારણહાર પરમ ઉપકારી પૂજ્ય સદ્ગુરુદેવ શ્રી કાનજીસ્વામી તેમ જ પ્રશમમૂર્તિ ભગવતી પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના ધર્મોપકારના પુનીત પ્રતાપથી શ્રી બોરીવલી દિગંબર જૈન મુમુક્ષુમંડળની, બોરીવલીમાં પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામી પ્રણીત શુદ્ધ–અધ્યાત્મામ્નાયી દિગંબર જિનમંદિરના નવનિર્માણની, ચિરભાવિત ભાવના બોરીવલી દિગંબર જૈન મુમુક્ષુમંડળના પ્રમુખ શ્રી નવીનચંદ્ર પોપટલાલ શાહ (લીંબડીનિવાસી અને બોરીવલીવાસી) તરફથી સાકાર થઈ રહી છે.

નિર્માણાધીન આ આયોજનમાં એક નૂતન શિખરયુક્ત ભવ્ય દિગંબર જિનમંદિર તેમ જ ભૂમિતલ (અંડરગ્રાઉન્ડ)માં વિશાલ સ્વાધ્યાય–ભવનની ભવ્ય રચના થશે. આ ભવ્ય નૂતન જિનમંદિરની શિલાન્યાસવિધિ આગામી વૈશાખ સુદ ૧૧, રવિવાર, તા. ૧૮–૫–૯૭ના શુભ દિને પ્રમુખ શ્રી નવીનચંદ્ર પોપટલાલ શાહ, તેમના માતા–પિતા તેમ જ પરિવાર આદિના શુભહસ્તે સંપન્ન થશે.

If undelivered please return to :-
Shree Dig. Jain Swadhyay Mandir Trust
SONGADH-364 250 (INDIA)

Licence No. 21 'Licensed to Post without prepayment'

સંપાદક : નાગરદાસ બેચરદાસ મોદી
તંત્રી : હીરાલાલ ભીખાલાલ શાહ
પ્રકાશક : શ્રી દિ. જૈન સ્વા. મંદિર ટ્રસ્ટ
સોનગઢ–૩૬૪ ૨૫૦

મુદ્રક : જ્ઞાનચંદ જૈન
કહાન મુદ્રણાલય, સોનગઢ
આજીવન સભ્ય ફી : ૧૦૧/–
વિદેશ માટે (સી-મેઈલથી) રૂા. ૨૦૧/–
વાર્ષિક લવાજમ : રૂા. ૯/–
વિદેશ માટે (સી-મેઈલથી) રૂા. ૧૮/–
[ વિદેશ માટે એર-મેઈલથી મંગાવવા માટે
વાર્ષિક રૂા. ૧૬૮/– પોસ્ટેજના અલગ ]